ન્યુ રીનોવેટેડ A/C.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૪-૪-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંક : ૨૪

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

# કલ્પસરની ‘કલ્પના’ સાકાર કરવા ગુજરાત અનેક દેશોનો સાથ લેશે

## ખારા પાટ વચ્ચે મીઠાં પાણીનું ૨૨૦૦ સ્કેવર કિમીનું કલ્પસર સરોવર સૌરાષ્ટ્ર અને ગુજરાતની શકલ બદલી નાખશેઃ નર્મદા ડેમથી પણ સવાયું જળક્રાંતિનું નવું કેન્દ્ર બની જશે?

**અબતક ગાંધીનગર**

ગુજરાતના જળ સંકટને કાયમી ધોરણે ઉકેલવા માટેના સૌથી મહત્વકાંક્ષી 'કલ્પસર પ્રોજેક્ટ'ને હવે નવી ગતિ મળવા જઈ રહી છે. છેલ્લા ચાર દાયકાથી જેની ચર્ચા અને અભ્યાસ ચાલી રહ્યા છે, તે કલ્પસર પ્રોજેક્ટના અમલીકરણ માટે ગુજરાત સરકાર હવે આંતરરાષ્ટ્રીય સ્તરે ટેકનોલોજી અને વિશેષજ્ઞોની મદદ લેવાની તૈયારી કરી રહી છે. ખાસ કરીને દરિયાઈ બંધ બાંધવામાં મહારથ ધરાવતા નેધરલેન્ડ (ડચ) જેવા દેશો સાથે વ્યૂહાત્મક ભાગીદારી માટે દરવાજા ખોલવામાં આવ્યા છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સાથે નેધરલેન્ડના પ્રતિનિધિમંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં 'ઈન્ડો-ડચ એક્સપર્ટ ગ્રુપ' બનાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ગ્રુપ પ્રોજેક્ટની ડિઝાઈનનું સમયાંતરે રિવ્યૂ કરશે અને દરિયાઈ ભરતી-ઓટના પડકારો વચ્ચે બંધ બાંધવા માટે જરૂરી જ્ઞાનનું આદાન-પ્રદાન કરશે. ગુજરાત સરકાર આ પ્રોજેક્ટ માટે અંદાજે ૨૦ જેટલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સેવાઓ લઈ રહી છે.

કલ્પસર પ્રોજેક્ટ માત્ર એક ડેમ નથી, પણ ગુજરાતના વિકાસ માટેની એક નવી જીવાદોરી છેખંભાતના અખાતમાં ભાવનગર અને ભરૂચ વચ્ચે ૬૦ કિમી લાંબો બંધ બાંધીને ૧૩,૦૦૦ લાખ ક્યુબિક મીટર ક્ષમતાનું મીઠા પાણીનું સરોવર

(અનુ. આઠમા પાને)




### આ પ્રોજેક્ટ શા માટે અત્યંત જરૂરી છે?

**જળ સુરક્ષા**

ગુજરાતમાં હાલ માથાદીઠ પાણીની ઉપલબ્ધતા જરૂરિયાત કરતાં ઘણી ઓછી છે. ૨૦૪૭ સુધીમાં વસ્તી અને ઉદ્યોગો વધતા પાણીનું સંકટ ઘેરું બની શકે છે. કલ્પસર પ્રોજેક્ટ ગુજરાતની આગામી ૧૦૦ વર્ષની પાણીની જરૂરિયાત પૂરી કરવાની ક્ષમતા ધરાવે છે.

**ખેતી અને સિંચાઈ**

આ સરોવરથી સૌરાષ્ટ્રના લાખો હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે. તે માત્ર ખેતી જ નહીં, પણ દરિયા કિનારાની ખારાશને આગળ વધતી અટકાવશે, જેથી જમીનની ફળદ્રુપતા વધશે.

**ઔદ્યોગિક વિકાસ**

ધોલેરા સર અને અન્ય ઔદ્યોગિક હબ માટે પાણીની પુષ્કળ જરૂરિયાત છે. કલ્પસર સરોવર આ ઉદ્યોગો માટે મુખ્ય સ્ત્રોત બની શકે છે.

**રિન્યુએબલ એનર્જી (ભરતી ઉર્જા)**

ખંભાતના અખાતમાં ભરતી-ઓટના મોજાં ખૂબ શકિતશાળી હોય છે. આ પ્રોજેક્ટમાં ભવિષ્યમાં ભરતી ઉર્જા ઉત્પન્ન કરવાની પણ સંભાવના છે, જે કલીન એનર્જીમાં મોટો ફાળો આપશે.

**પડકારો અને વિદેશી સહાય**

આ પ્રોજેક્ટમાં સૌથી મોટો પડકાર દરિયાના પ્રચંડ મોજાં અને કાંપ છે. દરિયામાં આટલો મોટો બંધ બાંધવો ટેકનિકલી ખૂબ જટિલ છે. આથી જ ગુજરાત સરકાર નેધરલેન્ડ જેવા દેશોની મદદ લઈ રહી છે, જેમની પાસે દરિયામાં બંધ બાંધવાનો બહોળો અનુભવ છે.

# હવે ટોલ ઉપરથી સરકારી કે બિનસરકારી વાહનોનું વીઆઈપી કલ્ચર પૂર્ણ

## ૧૦ એપ્રિલથી ટોલ પ્લાઝા પર કેશ વ્યવહાર બંધઃ ફાસ્ટેગ નહીં હોય તો યુપીઆઈ મારફતે ૧.૨૫ ગણો ચાર્જ ચૂકવવો પડશે

**અબતક, નવી દિલ્હી**

માર્ગ પરિવહન મંત્રાલયે ગુરુવારે જાહેર કર્યું છે કે ૧૦ એપ્રિલથી ટોલ પેમેન્ટ માટે કોઈપણ રોકડ વ્યવહારની મંજૂરી આપવામાં આવશે નહીં. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય ટોલ ગેટ પર વાહનોની લાંબી કતારો ઘટાડવાનો છે, જે મુસાફરો માટે મોટી મુશ્કેલી અને સમયના વ્યયનું કારણ બને છે. હવેથી ટોલ બૂથ પર મુસાફરો દ્વારા ઓળખપત્ર બતાવીને ફીમાંથી મુક્તિ મેળવવાની પ્રથા નાબૂદ કરવામાં આવશે. મંત્રાલયે સરકારી કચેરીઓ અને સંસ્થાઓને સૂચના આપી છે કે જેઓ મુક્તિની શ્રેણીમાં આવે છે તેમના માટે 'એક્ઝેમ્પટેડ ફાસ્ટેગ' મેળવે અથવા ફાસ્ટેગનો વાર્ષિક પાસ ખરીદે. ખાનગી કાર માટે વાર્ષિક પાસની કિંમત ૩૦૭૫ રૂપિયા છે, જે ૨૦૦ ટોલ પ્લાઝા ક્રોસ કરવાની મંજૂરી આપે છે. આ પગલાથી ટોલ પ્લાઝા પર થતી રકઝકનો અંત આવવાની અપેક્ષા છે.

નવા નિયમો અનુસાર, જો કોઈ વાહનમાં માન્ય ફાસ્ટેગ નહીં હોય, તો ડ્રાઈવર અથવા વાહન માલિકે યુપીઆઈ મારફતે ટોલ ચાર્જ ચૂકવવો પડશે, જે સામાન્ય યુઝર ફી કરતા ૧.૨૫ ગણો વધારે હશે. જો તેઓ યુપીઆઈ દ્વારા પણ ફી ચૂકવવાનો ઈનકાર કરે છે, તો આવા વાહન સામે નેશનલ હાઈવે ફી નિયમોના નિયમ ૧૪ મુજબ કાર્યવાહી કરવામાં આવશે, જેમાં હાઈવે પર પ્રવેશ નકારવા અથવા વાહનને હાઈવે પરથી હટાવવાની જોગવાઈ છે.

આ ઉપરાંત, હાઈવે ઓથોરિટી બાકી ટોલ ચાર્જ માટે ઈ-નોટિસ પણ જારી કરી શકે છે. જો ૩ દિવસની અંદર આ પેમેન્ટ કરવામાં નિષ્ફળતા મળશે તો બે ગણો ચાર્જ વસૂલવામાં આવશે.




### રેકોર્ડબ્રેક આવકઃ ટોલ કલેક્શન ૧૪ ટકા વધીને ૮૨૯૦૦ કરોડને પાર

નાણાકીય વર્ષ ૨૦૨૬ માં ટોલ કલેક્શન ૧૪ ટકા વધીને રેકોર્ડ ૮૨૯૦૦.૧૬ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે, જે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૭૨૯૩૦.૮૩ કરોડ રૂપિયા હતું. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ડેટા દર્શાવે છે કે ફાસ્ટેગ ટ્રાન્ઝેક્શનનું વોલ્યુમ ૫.૭ ટકા વધીને ૪.૪૫ અબજ થયું છે, જે અગાઉના વર્ષમાં ૪.૨૧ અબજ હતું. નવા ટોલ રોડનો ઉમેરો, આર્થિક પ્રવૃત્તિઓમાં વેગ અને નવી વાર્ષિક ફાસ્ટેગ સુવિધાને કારણે આવકમાં આ મોટો ઉછાળો નોંધાયો છે. ઈરાન યુદ્ધના વિક્ષેપો છતાં માર્ચ મહિનામાં કોમર્શિયલ વાહનોમાંથી કુલ ટોલ કલેક્શન વધીને ૭૧૯૩ કરોડ રૂપિયા થઈ ગયું છે. નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ભારતની ટોલવાળા રસ્તાઓની લંબાઈ બમણી થઈને ૫૫૮૧૨ કિમી થઈ ગઈ છે, જે એફવાય૧૯ માં માત્ર ૨૬૦૬૭ કિમી હતી. એક સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર, ભૌતિક ટોલ પ્લાઝા દૂર કરીને ટેક્નોલોજીકલ આધારિત એડવાન્સ ટોલ કલેક્શન મિકેનિઝમ અપનાવવાથી મુસાફરી સરળ બની છે અને આગામી વર્ષોમાં ટોલ આવકમાં હજુ વધુ વધારો થવાની અપેક્ષા છે.

મંત્રાલયના એક અધિકારીએ આ અંગે જણાવ્યું હતું કે, ટોલ ચૂકવવામાંથી મુક્તિ કોઈ વ્યક્તિને નહીં પરંતુ સત્તામંડળ કે કચેરી સાથે જોડાયેલી છે. લોકો ઘણીવાર પોતાના અંગત વાહનોમાં પણ ટોલ ચૂકવવાનું ટાળવા ઓળખપત્ર બતાવે છે, જેનાથી ટોલ બૂથ પર દલીલો થાય છે. એનએચએઆઈ સમગ્ર

(અનુ. આઠમા પાને)

## ઓળખપત્ર બતાવીને ટોલમાંથી મુક્તિ મેળવવાની પ્રથા પણ બંધ થશેઃ સરકારી વિભાગોને એક્ઝેમ્પટેડ ફાસ્ટેગ લેવા સૂચના

## હવે સામાન્ય ગુનામાં હવે દંડથી ‘પતાવી’ લેવામાં આવશે

# કોર્ટમાં અટવાયેલા પાંચ કરોડ કેસનો નિકાલ કરવા ‘જન વિશ્વાસ બિલ’ પાસ થશે



**બિલ હેઠળ આશરે એક હજાર જોગવાઈને ગુનાહિત શ્રેણીમાંથી દૂર કરશેઃ પિયુષ ગોયલ**

**અબતક, રાજકોટ**

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર સરકારી વિભાગો અને ફરિયાદીઓને નાના ગુનાઓ સાથે સંકળાયેલા પડતર કેસ પાછા ખેંચવા માટે પ્રોત્સાહિત કરી રહી છે, જેથી બીજા જન વિશ્વાસ બિલ પસાર થયા પછી હાલમાં કોર્ટમાં પડતર અંદાજે ૫ કરોડ કેસોનો ઉકેલ લાવવામાં મદદ મળશે.

જ્યારે ૭૯ કેન્દ્રીય કાયદાઓમાં સુધારા, જેમાં સ્વતંત્રતા પહેલાના સમયગાળાના કેટલાકનો સમાવેશ થાય છે, તે સંભવિત રીતે લાગુ થશે. ત્યારે સરકાર અધિકારીઓને ભૂતકાળના કેસોની સમીક્ષા કરવા અને તેમને બંધ કરવાની માંગ કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. બંધ કરવાનું કહીને ઉકેલી શકાય જેથી ભૂતકાળના કેસોને મોટી રાહત મળી શકે, તેમ ગોયલે કહ્યું હતું.

તેમણે કહ્યું કે, સુધારાઓ અધિકારીઓને સીધા દંડ લાદવાની સત્તા આપે છે, જેનાથી લાંબી કોર્ટ પ્રક્રિયાઓ પર નિર્ભરતા ઓછી થાય છે.

હું કોઈપણ જે આ કલમો હેઠળ કેસનો સામનો કરી રહ્યો છે તેને ફરિયાદ કાર્યાલયનો સંપર્ક

આ વિચાર લોકોને સુધારા કરવાની તક આપવાનો છે...અમે આશા રાખીએ છીએ કે આ (કેસો) ફરિયાદીઓ દ્વારા કોર્ટને નવી જોગવાઈઓ હેઠળ કરવા માટે પ્રોત્સાહિત કરીશ. તેઓ નવા કાયદાનું પાલન કરી શકશે અને આવા કેસોને દૂર કરી શકશે, ગોયલે ઉમેર્યું હતું.

જન વિશ્વાસ બિલ લગભગ ૧,૦૦૦ જોગવાઈઓને ગુનાહિત શ્રેણીમાંથી દૂર કરે છે, ઘણા કિસ્સાઓમાં સજાને દંડથી બદલી નાખે છે અને એક ગ્રેડેડ અમલીકરણ પદ્ધતિ રજૂ કરે છે. ગોયલે જણાવ્યું હતું કે, જાહેર, સમાજ અથવા જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતા ગંભીર ગુનાઓને કાયદાની સંપૂર્ણ શક્તિ સાથે ગણવામાં આવે છે.ગોયલે કહ્યું કે ૧૨ રાજ્યોએ પહેલાથી જ જન વિશ્વાસ બિલના પોતાના સંસ્કરણો રજૂ કર્યા છે.

આ બિલ આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં વિવિધ પ્રકારના નાના ઉલ્લંઘનો માટે જેલની સજા દૂર કરે છે અને તેને દંડથી બદલે છે. તે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, ફાર્મસી

(અનુ. આઠમા પાને)

Kaneriya Oil Industries
www.ranioil.com

મૂલ્યવાન ભરોસો,
મૂલ્યવાન તેલ

RANI®
GOLD સિંગતેલ

Since 47 Years

કાઠિયાવાડની કસદાર જમીનમાં ઉગતી, ચૂંટેલી શ્રેષ્ઠતમ મગફળીમાંથી
તૈયાર થતું કોઈપણ કેમિકલ વગરનું સંપૂર્ણ કુદરતી અણમોલ સિંગતેલ.
આપણાં વિસ્તારમાં ઉગતા કૃષિ પેદાશમાંથી તૈયાર થતું તેલ
આપણાં સ્વાસ્થય અને ચયાપચય સાથે
અદ્દભૂત તાલ મિલાવે છે.





કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- યુનિટી પ્લસ, સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 • શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

### સોરઠના પ્રગતિશીલ ખેડૂતની કમાલ.....

# ઉનાના કણકબરડાના ખેડૂએ આઠ પ્રકારની કેરી આપતા આંબાનો કર્યો ઉછેર

## ૨૧ વીઘાના આંબાવાડીઆમાં ૨૬૦ આંબાનો ઉછેર કરી ખેડૂત શક્તિસિંહ દ્વારા રાજાપુરી, દ્રાક્ષીઓ, દશેરી, બાટલી કેરી, ધોળીયો, હાફૂસ, તોતા પાયરી, દેશી કેરીના આંબા ઉછેરી દેશ વિદેશના કેરી રસિયાઓના મન મોહી લીધા

**■ દ્રાક્ષયો કેરી**



જે આંબાની કલમ પર દ્રાક્ષ ની જેમ લુમેજુમે થાય છે અને મીઠી પણ ખુબ હોય છે. આ કેરી સંપૂર્ણપણે દ્રાક્ષ જેવી લાગે છે અને તેની છાલ ઘણી પાતળી હોય છે.તેને વિદેશી કેરીની જાતિ કહેવામાં આવે છે.

**■ દાણેદાર કેરી**



દાણેદાર કેરી ઉના પંથકમાં ક્યાંય જોવા મળતી નથી આ કેરીનું નામ ખેડૂતને પણ ખ્યાલ નથી જોકે એ ખેડૂતે ૭વર્ષ પહેલા આ કેરીની કલમ વાવી હતી ગત સાલ તેમાં કેરી આવી હતી જેમાંથી થી ૧૫ કિલો કેરી ઉતારી હતી જે મને ૧૦ કિલો માર્કેટમાં મોકલાવી હતી અને પાંચ કિલો ઘેરે ખાવા રખાઈ હતી જો કે માર્કેટમાં પણ આ કેરીનો સારો ભાવ આવ્યો હતો અને ખાવામાં એકદમ મીઠાશ વાળી અને ગુણવત્તાવાળી આ કેરી પાકી જાય પછી તેને જોતા જ એક નજરમાં કેરી ગમી જાય છે એકદમ પીળી અને દાણેદાર થઈ જાય છે

**■ હાફૂસ**



હાફૂસ કેરીના ઝાડ પણ સોરઠ પંથકમાં ઓછી માત્રામાં જોવા મળે છે અને આ જૂન મહિનાના હેન્ડિંગમાં પાક ઉપર આવે છે અને તેને પણ જમીન અનુકૂળ ન આવવાના કારણે તે પણ મીઠાશ આવતી નથી આ કેરીનો પણ ગૃહિણીઓ દ્વારા ભરાવદાર અને મોટી હોવાના કારણે ગૃહિણીઓ દ્વારા અથાણામાં ઉપયોગ કરે છે આ કેરીનો પણ માર્કેટમાં ઓછો ભાવ હોવાના કારણે ખેડૂતો આ કેરીને અથાણામાં નિકાલ કરી નાખે છે

**■ દશેરી કેરી**



દશેર કેરી તો ઉના પંથકમાં પણ ઓછી જોવા મળે છે આ કેરીની મીઠાશ અને તેનીછાલ સાવ પાતળી હોય છે એટલે તેને કેળાની જેમ છ્લ ઉતારી ને પણ ખાઈ શકાય અને અંદરને ગોટલો પણ સાવ પાતળો હોય છે આ કેરીની મીઠાશ અને સુગંધ એકદમ લોકોને ગમીજાય તેવી હોય છે જોકે દશેરી કેરીમાં કોઈ જાતનું કેમિકલ કે કાર્બન નાખી ને પકવવામાં આવતી નથી તે ઝાડ ઉપર જ વધુ પ્રમાણમાં પાકે છે દશેરીના ઝાડમાં પાંચ પાકેલી કેરી મળે એટલે આખો આંબો ઉતારી અને ઘરમાં ખાલી રાખી દેવાથી પણ આ કેરી પાકી જાય છે આ કેરીનો પણ માર્કેટમાં ભાવના હોવાના કારણે ખેડૂત ખાવા માટે પસંદ કરે છે ભાવ ઓછો મળવાના કારણે ગ્રાહકો પણ આવી કેરીનો સ્વાદ સાખ્યા વગર રહે છે

**■ દેશી રસ કેરી**



દેશી કેરી લગભગ તમામ ખેડૂતના બગીચાઓમાં જોવા મળે છે અમુક દેશી કેરીઓમાં ખટાશ હોય છે અને અમુક મીઠાશ અને સ્વાદવાળી પણ હોય છે દેશી કેરી ખટાશવાળી અને દેશી કેરી મીઠી આ બંનેનો રસ કાઢી અને લોકો ખાટો મીઠો રસ ખાવાનું વધુ પસંદ કરે છે પણ જોકે દેશી કેરીની માર્કેટમાં ભાવના આવવાના કારણે દેશી કેરી પણ માર્કેટમાં બહુ ઓછી જોવા મળે છે જો કે અમુક દેશી કેરીના નામ પણ ખેડૂત દ્વારા રાખવામાં આવેલા છે લાડવ્યો ટીંડોરીઓ સિંદૂરિયો આવા નામથી પણ દેશી કેરી ઓળખાય છે જોકે દેશી કેરી પાકે ત્યારે અંદરથી પીળાશ વાળી નીકળે છે અને અમુક દેશી કેરી કેસર કલરની પણ નીકળે છે તેનો માર્કેટમાં ભાવ ન મળતા ખેડૂતો વેચાણ કરી નાખે છે

### ૨૧ વીઘાના આંબાના બગીચામાં મેં આઠ પ્રકારની વિશિષ્ટ જાતની કેરી વાવી ઉત્પાદન મેળવવામાં સફળતા મેળવી છે: શક્તિસિંહ



ઉનાના કણકબરડા ના પ્રગતિશીલ ખેડૂત શક્તિ સિંહ એ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમારું ગામ રાવલ નદીના કાંઠે આવેલું છે અહીં કેસર કેરીની ખેતી થાય છે મારે ૨૧વીઘા માં ૨૬૦ આંબા છે તેમાં મેં આઠ પ્રકારની વિશિષ્ટ જાતની કેરી વાવી છે અને તેનું ઉત્પાદન શરૂ થયું છે મેં બાગાયત ખેતીમાં કંઈક અલગ કરવાનો પ્રયોગ કરી પરંપરાગત કેસર કેરીની સાથે સાથે અલગ સંવર્ધિત કેરી ના ઉત્પાદન માટે કરેલી મહેનત મને ફળી છે મેં દાણેદાર, હાફૂસ, દશેરી, દ્રાક્ષીઓ રાજાપુરી જેવી અલગ અલગ ગુણવત્તા રંગ અને સ્વાદ વાળી કેરી નું ઉત્પાદન શરૂ કર્યું છે મારી કેરી જુનાગઢ રાજકોટ થી લઈ મુંબઈ સુધી જાય છે મને બાગાયત ક્ષેત્રે કંઈક નવું કરવાની પ્રગટ છે એટલે હું પ્રયોગમાં સફળ થયો છે મોટાભાગે ખેડૂતો કેસરનું વાવેતર કરે છે મેં અલગ અલગ આઠ પ્રકારના આંબા વાવ્યા તેનાથી ખેડૂતોને ખયાલ આવે કે અલગ અલગ જાતની કેરીના ઉછેરથી આવક અને ખ્યાતિ વધારો થાય.

**અબતક, ઉના**

ફળોની મહારાણી કેસર કેરી ના પિયર ગીર ગીર સોમનાથ જુનાગઢ જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં આંબાનું વાવેતર થાય છે અને કેસર દેશ વિદેશમાં ડંકો વગાડી રહી છે ત્યારે ઉનાના કણકબરડા ગામમાં આંબાવાડી ધરાવતા ખેડૂત શક્તિસિંહ ૨૧ વિઘાના બગીચામાં ૨૬૦ કેસર કેરીના આંબા નું વાવેતર કર્યું છે જેમાં અલગ અલગ સાત પ્રકારની સુધારેલી જાત ના આંબા ઉછેરી શક્તિસિંહ સારી જાળવણી કરી આવક વધારી પરંપરાગત કેસર કેરી ની સાથે સાથે અલગ સ્વાદ રંગ અને સોડિયમ ધરાવતી કેરીઓ નું ઉત્પાદન કરીને એક આગવી ઓળખ ઉભી કરી છે.

અબ તક સાથેની વાતચીતમાં શક્તિસિંહ જણાવ્યું હતું કે ખેડૂતે હવે પરંપરાગત પદ્ધતિથી અલગ વિચાર કેળવીને પોતાના ક્ષેત્રમાં કંઈક અલગ કરવા તૈયાર થવું પડશે અને તેના પરિણામ પણ સારા મળે છે શક્તિસિંહના બગીચામાં અલગ અલગ પ્રકારની સાત કેરી નું ઉત્પાદન થાય છે આ કેરીની કિંમત પણ સારી આવે છે.

**■ ધોળીયો**



કેરીનું નામ છે ધોળીયો જો કે આ કેરી કેસર કરતા પણ મોડી પાકે છે અને કેરી પાક ઉપર આવે એટલે તેમાં મીઠાશ અને કેસરી કલરની અને ભરાવદાર અને સારી ગુણવત્તાવાળી હોય છે આ કેરીની કલમો પણ સામતેર પંથકમાં ઓછી માત્રામાં જોવા મળે છે અને આ કેરી માર્કેટમાં પણ ઓછી જોવા મળતી હોય છે જો કે ધોળિયાની કેરી ખેડૂતો પોતાના ખાવા માટે પણ ઉપયોગમાં લેતા હોય છે અને માર્કેટમાં તેની બજાર ઓછી માત્રામાં આવતી હોય તેના કારણે ઘરે જ ખાવાનું પસંદ કરે છે

**■ રાજાપુરી કેરી**



રાજાપુરી બહુ ઓછી માત્રામાં જોવા મળે છે અને રાજાપુરી નું ગૃહિણીઓ અથાણામાં ઉપયોગ વધુ પડતા કરે છે કારણ કે રાજાપુરી એકદમ મોટી અને ભરાવદાર કેરી હોવાના કારણે તેનું અથાણું બારેમાસ બગાડતું નથી જો કે રાજાપુરી કેરી પકવવામાં આવતી નથી કારણ કે તે પાકે એટલે તેમાં મીઠાશ રહેતી નથી એટલે ખેડૂતો દ્વારા પણ તેનો અથાણામાં જ નિકાલ કરવામાં આવે છે.

**■ તોતા કેરી**



તોતા કેરી કેરી જોકે આ કેરીના ઝાડ પણ ઓછા જોવા મળે છે જોકે આ એકદમ મોટી અને તોતા આકાર ની કેરી થાય છે એટલે તેનું નામ તથા કેરી રાખવામાં આવ્યું છે આ કેરી છઠ્ઠા મહિનાની આસપાસ એટલે કે જૂન મહિનામાં પાક ઉપર આવે છે પણ તેને જમીન ન અનુકૂળતા આવતા અને જમીનમાં વધુ ભેજનું પ્રમાણ હોવાના કારણે સામતેર પંથકમાં તેને મીઠાશ આવતી નથી અને માર્કેટમાં પણ ઓછો ભાવ આવે છે એટલે આ કેરીના ઝાડ પણ સામતેર પંથકમાં ઓછા છે.

# ઈફ્કો ભારતીય સહકારી શક્તિનો જીવંત પુરાવો છે: દિલીપ સંઘાણી

## ઈફ્કોએ રૂ.૪,૧૦૬ કરોડથી વધુ રકમનો રેકોર્ડબ્રેક નફો કર્યો, ખાતરનું વેંચાણ રૂ.૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન સુધી પહોંચ્યું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

૧૯૬૭ માં માત્ર ૫૭ સહકારી મંડળીઓથી શરૂ થયેલી, ઈફ્કો ની સફર ૩૬,૦૦૦ થી વધુ મંડળીઓ અને લાખો ખેડૂતોના વિશ્વાસ સુધી વિસ્તરી છે. વૈશ્વિક સ્તરે બીજા ક્રમની સૌથી મોટી સહકારી તરીકે પોતાને સ્થાપિત કરવી એ માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ ભારતીય સહકારી શક્તિનો જીવંત પુરાવો છે. આ સુવર્ણ વર્ષમાં, ઈફ્કો એ રૂ.૪,૧૦૬ કરોડથી વધુનો સર્વકાલીન રેકોર્ડ નફો હાંસલ કર્યો. આ સિદ્ધિ ફક્ત સંખ્યાઓની વાર્તા નથી, પરંતુ ખેડૂતોની મહેનત, કર્મચારીઓના સમર્પણ અને સહકારના મૂલ્યોનો વિજયગાથા છે. ઈફ્કો એ ઉત્પાદન અને વેચાણમાં પણ નવા રેકોર્ડ બનાવ્યા. દેશભરમાં ૧૧૮.૭૫ લાખ મેટ્રિક ટન ખાતરનું રેકોર્ડ વેચાણ અને ૧૧૯.૬૮ લાખ મેટ્રિક ટનનો પુરવઠો ખેડૂતોની જરૂરિયાતોને સંસ્થાની ટોચની પ્રાથમિકતાનો પુરાવો છે. યુરિયા અને ડીએપીના વધતા વેચાણથી કૃષિ ક્ષેત્રમાં ઈફ્કોની મુખ્ય ભૂમિકા વધુ મજબૂત બની છે. તેમ ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું.

નેનો ટેકનોલોજીનો વિસ્તાર કરવા માટે, ઈફ્કો એ બેંગલુરુના દેવનહલ્લીમાં ચોથા નેનો ખાતર પ્લાન્ટનું ઉદઘાટન કર્યું છે, જેનાથી ઈફ્કો ની કુલ ઉત્પાદન ક્ષમતા દરરોજ આશરે ૯.૫ લાખ બોટલ થઈ છે. કોઈમ્બતુરમાં નેનો ઈનોવેશન સેન્ટર સંશોધન અને ટેકનોલોજી વિકાસ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બની રહ્યું છે, જ્યાં કૃષિના ભવિષ્યને ધ્યાનમાં રાખીને નવી ટેકનોલોજીઓ પર કામ કરવામાં આવી રહ્યું છે.



ઈફ્કો તેના કર્મચારીઓના કલ્યાણ માટે પણ આટલું જ પ્રતિબદ્ધ છે. આ જ સંકલ્પમાં, ઈફ્કોના ચેરમેન સંઘાણીના નેતૃત્વમાં, ૧ નવેમ્બર, ૨૦૨૫ થી લાગુ પડતા કોન્ટ્રાક્ટ કર્મચારીઓ માટે દર મહિને રૂ.૨૦,૦૦૦ની લઘુત્તમ વેતન ગેરંટી લાગુ કરવામાં આવી છે. આ નિર્ણયથી હજારો કર્મચારીઓને સીધો ફાયદો થયો છે, અને સંસ્થાએ આશરે રૂ.૧૪૦ કરોડનો વધારાનો ખર્ચ કર્યો છે.

ઈફ્કો ૪૦થી વધુ દેશોમાં સેવાઓ અ ન ઉત્પાદનો પ્રદાન કરી રહ્યું છે. બ્રાઝિલમાં નેનો ખાતર ઉત્પાદન માટે સંયુક્ત સાહસ સ્થાપિત કરવા માટે પણ કામ ચાલી રહ્યું છે, જે ભારતીય નેનો ટેકનોલોજીને વૈશ્વિક મંચ પર એક નવી ઓળખ આપશે.



# પીંડારા ખાતે ચાલતી કથા સામાજિક એકતા, સંસ્કૃતિના સંવર્ધન અને સમાજ શક્તિનું પ્રતિક બની

## કથાના વ્યાસાસને ગીરીબાપુ બિરાજમાન : કાલે મહારાસ યોજાશે

**અબતક, રાજકોટ**

યાત્રાધામ દેવભૂમિ દ્વારકા જિલ્લાના પૌરાણિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા પીંડારા તીર્થક્ષેત્ર ખાતે સમસ્ત આહિર સમાજ દ્વારા નવ દિવસીય ધર્મ મહોત્સવનું આયોજન કરાયું છે.

મહોત્સવ માત્ર ધાર્મિક જ નહીં પરંતુ સામાજીક એકતા, સંસ્કૃતિના સંવર્ધન અને સમાજની શકિતનું પ્રતિકરૂપ બની રહી છે. તાજેતરમાં યોજાયેલી આહીરાણી મહારાસની સફળતા બાદ આ મહોત્સવ સમગ્ર ગુજરાતભરના આહિર સમાજને એકત્રિત કરનાર વિશાળ ધાર્મિક પ્રસંગ બન્યો છે. આ મહોત્સવનો પ્રારંભ દ્વારકાના જગતમંદિર તથા નાગેશ્વર જ્યોતિલિંગના પવિત્ર મંદિર શિખરો પર નૂતન ધ્વજારોહણ સાથે થયો હતો.

શિવ કથાકાર પૂ. ગીરીબાપુ કથાના વ્યાસાસને બિરાજમાન છે.



પીંડારા તીર્થ પિતૃતર્પણ માટે અતિ પવિત્ર અને પૌરાણિક મહત્વ ધરાવતું સ્થાન હોવાથી નવ દિવસ દરમિયાન સમગ્ર આહિર સમાજના લાભાર્થ વિનામૂલ્યે પિતૃતર્પણવિધિનું આયોજન છે. ઉપરાંત સર્વજગતના કલ્યાણ અને વિશ્વશાંતિ માટે મહાવિષ્ણુ યાગ, શ્રીમદ્ ભાગવતના પાઠનું આયોજન છે.

દરરોજ અંદાજે દોઢથી બે લાખ જેટલા ભાવિક ભક્તો ઉપસ્થિત રહે તેવી સંભાવનાને ધ્યાનમાં રાખીને ભોજન, નિવાસ, પાણી,પાર્કિંગ અને આરોગ્ય જેવી તમામ સુવિધાઓનું આયોજન છે. મહર્ષિ દુર્વાસામુનિના આશ્રમ સ્થળે યોજાએલ આ મહોત્સવમાં બ્રહ્મચોર્યાસીનું આયોજન છે. સાથે સાથે સાધુ સમાજની આશરે ૧૫ દીકરીઓના સમૂહ લગ્નનું આયોજન કરીને સામાજીક સેવા અને સંસ્કારનું ઉદાહરણ કરીને સામાજીક સેવા અને સંસ્કારનું ઉદાહરણ પુરુ પાડયું છે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભવ્ય લોકડાયરા યોજાયા હતા, જેમાં રાજભા ગઢવી, બીરજુ બારોટ વગેરેએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.આજે તા.૫ એપ્રિલે સાંજે ભવ્ય મહારાસની ઝાંખી યોજાશે.

# વડિયાની સિટી સર્વે કચેરીના સર્વેયર નિયમિત પણે અનિયમીત રહેતા પરેશાની

## અરજદારોને ધક્કા ખાવા પડે છે: રોષની લાગણી

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

વડિયા મુકામે સીટી સર્વે કચેરીમાં ફરજ બજાવતા મેઈન્ટેનન્સ સર્વેયર પોતાની ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી દાખવતા હોવાની ફરિયાદ ઉઠી છે. દર મંગળવારે હાજર રહેવાનું હોવા છતાં, તેઓ અવારનવાર મિટિંગમાં છું જેવા બહાના બતાવી ગેરહાજર રહેતા વડિયા તથા આસપાસના વિસ્તારોના નાગરિકો, અરજદારો તેમજ વકીલોએ વારંવાર ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સરકારી કામગીરીમાં અનાવશ્યક વિલંબ થવાથી જાહેર જનતામાં અસંતોષ અને તકલીફ ઊભી થઈ રહી છે. આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક તપાસ હાથ ધરી, સંબંધિત મેઈન્ટેનન્સ સર્વેયર સામે યોગ્ય શિસ્તભંગની કાર્યવાહી કરવા તેમજ તેમની નિયમિત હાજરી સુનિશ્ચિત કરવા જરૂરી પગલાં લેવા માંગણી કરી છે. આ અંગે બાર એસોસિએશન વડિયાના પ્રમુખ ભીખુભાઈ વોર એ અમરેલી જીલા કલેટર ને લેખિત માં ફરિયાદ કરી છે.

# ગોંડલ યાર્ડની કૃષિ વેપાર પદ્ધતિઓને બિરદાવતા મલેશિયાના ખેતીવાડી અધિકારી સરવન રામ રાજન

## મલેશિયાના ખેતીવાડી અધિકારી અને માલદીવના અગ્રણી વેપારીએ ગોંડલ માર્કેટીંગ યાર્ડની મુલાકાત લીધી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે મલેશિયાના ખેતીવાડી અધિકારી આઈએએસ સરવન રામ રાજન તથા માલદીવના અગ્રણી વેપારી ઈબ્રાહિમે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન યાર્ડની કામગીરી, કૃષિ ઉત્પાદનના વેપાર, સંગ્રહ અને આધુનિક સુવિધાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.મુલાકાત દરમિયાન પ્રતિનિધિઓએ માર્કેટિંગ યાર્ડની સુવ્યવસ્થિત કામગીરી, ખેડૂતોને મળતી સુવિધાઓ અને પારદર્શક વ્યવહાર પ્રણાલીની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને કૃષિ ઉત્પાદનોના સંભાળ અને માર્કેટિંગ માટે અપનાવવામાં આવતી આધુનિક પદ્ધતિઓમાં રસ દર્શાવ્યો હતો. યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ



મહેમાનોનું સ્વાગત કરી તેમને યાર્ડની વિવિધ પ્રવૃત્તિઓ અને વિકાસ કાર્યો વિશે માહિતગાર કર્યા હતા. આ મુલાકાતથી આંતરરાષ્ટ્રીય સ્તરે કૃષિ વેપાર અને સહકારને વધુ મજબૂત બનાવવાનો માર્ગ પ્રસસ્ત થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે યાર્ડના હોદેદારો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ મહાપાલિકા વિકાસ કામો માટે પ્રથમવાર બોન્ડ બહાર પાડશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહાનગરના વિકાસ અને જનસુખાકારી માટે મનપાની સ્થાયી સમિતિની મળેલી મહત્વની બેઠકમાં જુનાગઢ મનપા પ્રથમવાર 'મ્યુનિસિપલ બોન્ડ' બહાર પાડશે. તેવા નિર્ણયો લેવામાં આવ્યા છે.

જુનાગઢ મનપા ખાતે કાર્યકારી અધ્યક્ષ સંજયભાઈ મણવરના અધ્યક્ષ સ્થાને મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં સૌથી ઐતિહાસિક નિર્ણય એ લેવામાં આવ્યો છે કે, અમૃત ૨.૦/અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત જુનાગઢ મનપા પ્રથમ વખત મ્યુનિસિપલ ટેક્સેબલ બોન્ડ બહાર પાડશે અને આ માટે મનપા કમિશનરને સત્તા સોંપવામાં આવી છે. આ સાથે આ બેઠકમાં મનપા હસ્તકના ગૌવંશને ઉમટવાડાની શ્રી નંદરાયજી ગૌશાળાને સોંપવાની દરખાસ્ત મંજુર કરાઈ છે. જ્યારે શહેરમાં રખડતા શ્વાનોના રસીકરણ અને ખસીકરણના ટેન્ડરની રકમ તથા મુદતમાં આજની બેઠકમાં વધારો કરવામાં આવ્યો છે. ઉપરાંર અમદાવાદની ગ્રીનગ્લોબ સોલ્યુશન પ્રા. લી. ને આઉટ સોર્સિંગથી મેનપાવર પૂરો પાડવાની કામગીરી સોંપવામાં આવી છે.

**નામ બદલાવેલ છે**

હું નીચે સહી કરનાર **મંજુલાબેન નટવરલાલ માકડિયા** આથી જાહેર કરું છું કે મારું જૂનું નામ **મંજુલાગૌરી નટવરલાલ માકડિયા** થી બદલીને **મંજુલાબેન નટવરલાલ માકડિયા** કરવામાં આવ્યું છે. હવેથી હું **મંજુલાબેન નટવરલાલ માકડિયા** તરીકે ઓળખાઈશ.

સરનામું:મંજુલાબેન નટવરલાલ માકડિયા શ્રી નટવર,22/એ,વિદ્યાનગર સોસાયટી-2, નાના મવા રોડ,રાજકોટ,360001

તંત્રી લેખ

# વિકાસની રાજનીતિના પોખણા કરો

ભારત જેવા વિશ્વના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રમાં ૨૧મી સદીમાં પણ ચૂંટણીમાં વિકાસની રાજનીતિના બદલે જ્ઞાતિ કે જાતિવાદ આધારિત રાજનીતિને મહત્વ આપવામાં આવતું હોય છે. આ ઘટના ખરેખર ખૂબ જ ઘાતક નીવડી શકે છે. તમામ પ્રકારની લાયકાત ધરાવતા યોગ્ય વ્યક્તિ ટિકિટથી વંચિત રહે છે. બીજી તરફ જેનો રાજકારણમાં આવવા પાછળનો હેતુ સેવાનો નહિં પરંતુ મેવાનો હોય છે. તે જ્ઞાતિના જોરે ટિકિટ મેળવી જાય છે. છેલ્લા એક દશકાથી ભારતના અલગ-અલગ રાજ્યો વિકાસની રાજનીતિને વધતાઅંશે સ્વીકારતા થયા છે. ત્યારે દેશ માટે રોલ મોડલ મનાતા ગુજરાતે હવે સંપૂર્ણપણે જ્ઞાતિ આધારિત રાજકારણને તિલાજંલિ આપી વિકાસની રાજનીતિના પોખણા કરવા જોઈએ તે સમયની માંગ છે. જ્ઞાતિવાદના આધારે ટિકિટ મેળવી નેતા બન્યા બાદ લોકોના કામને કોરાણે મુકતા લોકોને હવે મતદારો સારી પેઠે ઓળખવા માંડ્યા છે. ભાવિ પેઢી જ્યારે મતદાન કરવા જશે ત્યારે તે જ્ઞાતિ કે જાતિને સ્વીકારશે નહિં પરંતુ વ્યક્તિના કામ અને તેની લાગણીને કે હેતુને ધ્યાનમાં રાખી તેની પસંદગી કરશે. હવે માત્ર ગુજરાત જ નહિં પરંતુ દેશે સંપૂર્ણપણે વિકાસની રાજનીતિને પ્રથમ પ્રાધાન્ય આપતા થવું જોઈએ. જો આવું થશે તો ભારતને મહાસત્તા બનતા કોઈ અટકાવી શકશે નહિં. ટિકિટની ફાળવણીમાં તો જ્ઞાતિના સમિકરણો બેસાડવામાં આવે જ છે. પરંતુ જ્યારે પદ આપવાનું થાય ત્યારે પણ લાયકાત ધરાવતા યોગ્ય વ્યક્તિને અન્યાય કરવામાં આવે છે અને જ્ઞાતિના આધારે પદની ફાળવણી કરી દેવામાં આવે છે. વ્યક્તિની લાયકાત કે કાર્યશૈલી નહિં પરંતુ તેના સમાજની વસતી કેટલી છે અને મતદાન પર તેની શું અસર થાય છે તેનો વિચાર કરી ટિકિટ રાજકીય પક્ષો આપતા હોય છે. આ પરંપરાને દફનાવી દેવી જોઈએ.

# ગાંધીધામ-ભાગલપુર ટ્રેન નિયમિત, રેલ કનેક્ટિવીટી મજબુત કરવા ચેમ્બરની રજૂઆત

## રેલ કનેક્ટિવીટી વધશે તો પ્રવાસ-ઉદ્યોગ ક્ષેત્રને ફાયદો થશે, કેન્દ્રીય મંત્રીને પત્ર પાઠવ્યો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના ઔદ્યોગિક અને પ્રવાસન વિકાસને ગતિ આપતી રેલ્વે કનેક્ટિવિટી મજબૂત કરવાની માંગ-ગાંધીધામ ચેમ્બરે કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ રજૂઆત કરી છે.

ચેમ્બરે જણાવ્યું છે કે, કચ્છ જિલ્લો આજે માત્ર ગુજરાતનો જ નહીં પરંતુ સમગ્ર દેશનો એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક, લોજિસ્ટિક્સ અને પ્રવાસન હબ તરીકે વિકસ્યો છે. દેશના કુલ એક્સપોર્ટ-ઈમ્પોર્ટ વેપારનો મોટો હિસ્સો કંડલા અને મુન્દ્રા જેવા વિશ્વસ્તરીય બંદરો દ્વારા સંચાલિત થાય છે, જ્યારે મીઠા ઉત્પાદન, લાકડાના વેપાર અને વિવિધ મોટા-મધ્યમ ઉદ્યોગોના કારણે કચ્છ રાષ્ટ્રીય અર્થતંત્રમાં અગત્યનું યોગદાન આપે છે. સાથે સાથે, રણ ઓફ કચ્છ, ધોળાવીરા અને માંડવી જેવા વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અહીં પ્રવાસીઓને આકર્ષે છે. ખાસ કરીને ઉત્તર ભારતમાંથી આવતી મોટી મજૂરશક્તિ અને વ્યાપારી વર્ગને ધ્યાનમાં લેતાં આ તમામ વિકાસ વચ્ચે, રેલ્વે કનેક્ટિવિટી કચ્છના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ બની છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રેલ્વે મંત્રાલય સમક્ષ કચ્છ વિસ્તારના મુસાફરો માટે ટ્રેન સેવાઓના વિસ્તરણ અને મજબૂતીકરણ અંગે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ તેજાભાઈ કાનગડે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, કચ્છ દેશના ઔદ્યોગિક નકશામાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, અને અહીં કાર્યરત લાખો કામદારો અને ઉદ્યોગકારો માટે મજબૂત રેલ્વે કનેક્ટિવિટી સમયની માંગ છે. જો રજૂ કરાયેલા મુદ્દાઓ પર યોગ્ય પગલાં લેવામાં આવશે તો માત્ર મુસાફરોને જ નહીં પરંતુ ઉદ્યોગ, વેપાર અને પ્રવાસન ક્ષેત્રને પણ વિશાળ પ્રોત્સાહન મળશે.!!

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ રજૂઆતમાં મુખ્યત્વે ગાંધીધામ-ભાગલપુર ટ્રેનના નિયમિત સંચાલનનો મુદ્દો ઉઠાવ્યો છે. હાલ આ ટ્રેન ફેસ્ટિવલ સ્પેશિયલ તરીકે ચલાવવામાં આવતી હોવાથી મુસાફરોને સતત અસુવિધાનો સામનો કરવો પડે છે અને તેમને કનેક્ટિંગ ટ્રેનો પર નિર્ભર રહેવું પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંને વધે છે. આ ટ્રેનને કાયમી અને નિયમિત સેવા તરીકે શરૂ '' કરવામાં આવે તો કચ્છ અને પૂર્વ ભારત વચ્ચે સીધી અને સુલભ કનેક્ટિવિટી સ્થાપિત થશે તે ઉપરાંત, આલા હજરત/બરેલી ટ્રેનને ગોરખપુર સુધી વિસ્તૃત કરીને તેને દૈનિક ચલાવવાની માંગ પણ કરવામાં આવી છે.

# જૂનાગઢ જિલ્લા પંચાયતની 30 બેઠક માટે 300 દાવેદારોઃ ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ચુંટણી આયોગ દ્વારા જુનાગઢ જીલ્લા પંચાયત, ૯ તાલુકા પંચાયત અને નગરપાલિકા સહીતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણી અંગેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો જૂનાગઢ જીલ્લા ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા પણ પૂર્ણ કરી લેવામાં આવી છે, પણ ઉલ્લેખનીય બાબત એ સામે આવી છે કે, જિલ્લા પંચાયતની 30 બેઠક માટે 300 દાવેદારો અને જિલ્લાની ૯ તાલુકા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણી માટે બીજા 3000 લોકોએ ભાજપમાંથી ટિકિટ માંગી છે.

જૂનાગઢ જિલ્લા પંચાયતની 30 બેઠકો, જિલ્લાની ૯ તાલુકા પંચાયતની કુલ ૧૫૮ બેઠકો, કેશોદ નગરપાલિકાની 3૬ બેઠકો અને બાંટવા નગરપાલિકાની એક બેઠક પર પેટા ચૂંટણી યોજાવાની છે, બે દિવસથી ભાજપ દ્વારા ઉમેદવારો નક્કી કરવા માટે સેન્સ પ્રક્રિયા ચાલી રહી હતી.

આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણાના જણાવ્યા અનુસાર, જૂનાગઢ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે વંથલી તાલુકો, મેંદરડા તાલુકો, વિસાવદર તાલુકો અને જૂનાગઢ તાલુકાના દાવેદારો. બીજી તરફ વંથલી માર્કેટિંગ યાર્ડ ખાતે માણાવદર તાલુકો, કેશોદ તાલુકો, માળીયા તાલુકો અને માંગરોળ તાલુકાના ઉમેદવારો માટે સેન્સ લેવામાં આવી હતી.

આ માટે પ્રદેશ કક્ષાએથી નિરીક્ષકોની નિમણૂક કરાય હતી, જેમાં જૂનાગઢ ખાતે નિરીક્ષકો તરીકે પૂર્વ સાંસદ જયસિંહ ચૌહાણ, ગાંધીનગરના પૂર્વ શહેર મહામંત્રી ગૌરાંગ પટેલ અને પ્રદેશ કારોબારી સભ્ય અનિતાબેન પરમાર જયારે વંથલી ખાતે પ્રદેશ કારોબારી સભ્ય હિતેશકુમાર પટેલ, શશીકાંત પંડ્યા અને પુષ્પાબેન ઠાકોર એ ઉપસ્થિત રહીને કાર્યકરોને સાંભળ્યા હતા.

# પોરબંદર : હનુમાન જ્યોતિએ મુસ્લિમ યુવાનોએ રક્તદાન કરી આપ્યો સેવાનો સંદેશ

**અબતક, પૂજા થાનકી, પોરબંદર**

બરડા પંથકના બગવદર ગામે હનુમાન જયંતી નિમિતે રક્તદાન કેમ્પ યોજાયો હતો આ કેમ્પમાં કોમી એકતાના દર્શન જોવા મળ્યા હતા જેમાં બગવદર ગામે વસવાટ કરતા મુસ્લિમ પરિવારોના યુવાનોએ પણ રક્તદાન કરી માનવતા મહેકાવી હતી.

ચૈત્ર સુદ પૂનમ એટલે કે હનુમાનજીની જન્મ જયંતી. આ તહેવાર ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે જેમાં પોરબંદર જીલ્લામાં બાલા હનુમાનજી મિત્ર મંડળ દ્વારા કેતનભાઈ ગજર ના સહયોગથી પોરબંદર, બગવદર, રાણાવાવ, કુતિયાણા અને કડછ ગામે મેગા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું ખાસ કરીને બગવદર ગામે વસવાટ કરતા મુસ્લિમ પરિવારોના અલ્તાફભાઈ હાથલીયા, યાસીન રફીકભાઈ હાથલીયા, હનીફ કાસમ એરાભડીયા, યુનુસ સાંધ અને અજીત હનીફભાઈ એરાભડીયા સહિતના યુવાનો એ પણ આ સેવા કાર્યમાં સહભાગી બન્યા હતા - આ કેમ્પમાં મુસ્લિમ યુવાનો એ રક્તદાન તો કર્યું હતું સાંજ સુધી અવિરત સેવા પણ આપી હતી.

# અંજારમાં બિન ખેડુત ખાતેદારને રૂ.૪૪.૨૧ કરોડનો દંડ ફટકારાયો

**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

અંજાર સીમમાં મૂળ ખેડૂત ધારણકર્તા ન હોવા છતાં ખેલીલાયક જમીન ખરીદી થઈ હોવાનું જણાવી અંજાર મામલતદારે બિનખેડૂત સાબિત કરી રૂા. ૪૪.૨૧ કરોડનો દંડ કરતો ચુકાદો આપતાં અંજાર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. વિષયની વિગતો એવી છે કે, અંજારના ભૂપેન્દ્ર અમૃતલાલ પંડયા સામે જિતેશ મ્યાત્રાએ એવી ફરિયાદ કરી હતી કે, અંજાર સીમમાં જમીન ખરીદી કરવામાં આવી છે, પણ ખરીદનાર કે તેના વારસદારો મૂળ ખેડૂત નથી એટલે ખેતીની જમીન ખરીદી શકે નહીં. ફરિયાદીએ વિસ્તારપૂર્વક આધાર પુરાવા રજૂ કર્યા હતા. તમામ દલીલો અને ભૂતકાળમાં ક્યાં કોનાં નામે જમીનો દાખલ થયેલી હતી તેની વિસ્તૃત તપાસ અને બન્ને પક્ષે દલીલો-પુરાવાને ધ્યાને લઈ અંજાર મામલતદાર બી.વી. ચાવડાએ ગણોતધારા અને કલમ ૮૯નો ભંગ લેખાવતાં હુકમ કર્યો છે કે, ભૂપેન્દ્ર અમૃતલાલ પંડયા તથા વેચાણથી ભૂમિ લેનાર તેમના પત્ની ખેડૂત ખાતેદાર નથી તેવું સાબિત થાય છે. તેમણે જમીન વેચાણ વ્યવસ્થા ગેરકાયદે લેખાવી ત્રણ ગણી રકમનો એટલે કે ૪૪,૨૧,૭૫,૮૮૦નો દંડ કર્યો હતો. સાથે પતિ-પત્નીને અંજાર સીમની જમીનમાંથી દૂર કરી જમીન રાજ્યસાત કરવાનો હુકમ કર્યો હતો. આ હુકમથી જમીનોમાં ખોટું કરનારાઓમાં ફફડાટ ફેલાયો હતો.

# દ્વારકા : સિકોતર માતાજી મંદિરે અન્નકૂટ મહોત્સવ સાથે ત્રિવિધ કાર્યક્રમ

## ૧૯ તથા ૨૦ એપ્રિલે સમસ્ત વિઠલાણી પરિવારના જગાડાડાના સ્થાનકે હોમ હવન તથા રઘુવંશીઓ માટે ઉભી ધામ કરાશે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**




સમસ્ત વિઠલાણી કુટુંબના કલ્યાણાર્થે દ્વારકા-જામનગર હાઈવે, વાચ્છુ ખાતે આવેલા જગાડાડાના સ્થાનકે દર વર્ષની જેમ આ વર્ષે પણ હવનનું ભવ્ય આયોજન આગામી તા.૧૯-૦૪ (અખાત્રીજ)ને રવિવારના સિકોતર માતાજીના ચરણોમાં ભવ્ય અન્નકૂટ મનોરથથી કરવામાં આવશે. તા.૨૦-૦૪-૨૦૨૬ ને સોમવારે શ્રી જગાગાડાના સાન્નિધ્યમાં વૈદિક હવન યજ્ઞ તેમજ ઊભી ધામનું આયોજન કરાયું છે. બીડું હોમવાનો સમય તા.૨૦મીએ બપોરે ૪.૩૦ કલાકે તેમજ ત્યારબાદ ઓખામંડળ તેમજ બારાડી વિસ્તારના સમસ્ત લોહાણા મહાજન ઊભી ધામનું આયોજન સાંજે ૭.૦૦ કલાકે જગાડાડા ધામ, જામનગર હાઈવે, વાચ્છુ મુકામે કરવામાં આવેલ છે. આ પાવન પ્રસંગે સર્વે કુટુંબીજનોએ પોતાની બહેન, દીકરીઓ સાથે હાજર રહી અલૌકીક લાભ લેવા આમંત્રણ છે. હવનમાં બેસવાની ઈચ્છા ધરાવનાર કુટુંબીજનોએ પોતાના નામ શરદભાઈ વિઠલાણી (મો.૯૮૭૯૭૬૯૮૩૮), ધવલભાઈ આર. વિઠલાણી (મો.૯૪૨૮૧૨૬૮૨૧), મનસુખભાઈ વિઠલાણી - (મો.૯૬૬૨૯૪૧૧૭૦), વિજયભાઈ એમ. વિઠલાણી (મો.નં.૯૨૭૫૧૯૦૮૦૭) ને તા.૧૫-૦૪ સુધીમાં નોંધાવી આપવાના રહેશે. જે નામો આવશે તે બધા વચ્ચે તા.૧૬-૦૪ના સાંજે ૭:૦૦ કલાકે જગતમંદિરમાં આવેલા વિઠલાણી પરિવારના કુળદેવી સિકોતેર માતાજીના સાંનિધ્યમાં ચીઠ્ઠી નાખવામાં આવશે. જેઓના નામ આવશે તેઓને હવનના યજમાન બનવાનો અવસર પ્રાપ્ત થશે.

# વિસાવદરઃ પંચ કેસરી હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદરથી સાત કિલોમીટર દૂર સતાધાર પાસે પહાડોની ટોચ ઉપર નયન રમ્ય વાતાવરણ વચ્ચે પંચકેસરી હનુમાનજી દાદા બિરાજીત છે. પંચ કેસરી મંદિરે છેલ્લા ચાર વર્ષ થયા કાર્ય કરતા પ્રમુખ રાજ રીબડીયાએ ૪૫૦ જેટલા સ્વયંસેવક યુવાનોની ફોજ બનાવી દર વર્ષે હનુમાન જયંતી પ્રસંગ ધામધૂમથી ઉજવવામાં આવે છે.

હનુમાન જયંતિ પ્રસંગે દર્શનાર્થે આવેલ સાધુ સંતોને શાલ, પુષ્પમાળા તથા ભેટ પૂજા અર્પણ કરી સન્માનિત કરેલ તેમજ દાતાઓ, આમંત્રિત મહેમાનો તથા પત્રકારોને પુષ્પગુછ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજના ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત મહાનુભવો પૂર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયા, પોલીસ ઈન્સ્પેકટર મેડમ એચ.વી.પટેલ, વરિષ્ઠ પત્રકાર સી.વી.જોશી તથા મુકેશભાઈ રીબડીયા, નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ ભરતભાઈ સોલંકી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આજના દિવસે સંધ્યાકાળે અંજનીના જાયા હનુમાનજી દાદાની મહા આરતી ઉતારી ધર્મ પ્રેમી અનુરાગી ભાઈ, બહેનોએ મહા આરતીનો લાભ લીધેલ બાદ પ્રસાદ (ભોજન) ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

પ્રસંગને સફળ બનાવવા મંદિરના વ્યવસ્થાપક પ્રમુખ રાજ રીબડીયાના માર્ગદર્શન તળે આશિષભાઈ હરખાણી, વિશાલભાઈ રીબડીયા, પીન્ટુભાઈ સાવલિયા, મંદિરના પૂજારી કાકુભાઈ મહેતા તથા ૪૦૦ જેટલા સ્વયંસેવકોએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

# વિસાવદરની રબારીકા જૂથ સહકારી મંડળીના મુતક સભાસદ પરિવારને રૂ.૫૧૦૦૦ની અપાય સહાય



**અબ તક ગીજુભાઈ વીકમાં વિસાવદર**

વિસાવદર ના પાંચ ગામોમાં કાર્યક્ષેત્ર ધરાવતી રબારીકા જૂથ સેવા સહકારી મંડળી દ્વારા કરવામાં આવેલા ઠરાવ મુજબ કોઈ સભાસદનું ચાલુ ધિરાણમાં અવસાન થાય તો તેના પરિવારજનોને મદદરૂપ થવા માટે ૫૧ હજાર રૂપિયા મંડળી તરફથી સહાયના રૂપમાં આપવામાં આવે છે.

આ ઠરાવ મુજબ મંડળીના કાર્ય વિસ્તારમાં આવતા દેસાઈ વડાળા ગામના સભાસદ શામજીભાઈ વીરાભાઈ બામરોલીયા નું ચાલુ ધિરાણ દરમિયાન અવસાન થતા મંડળીના પ્રમુખ શામજીભાઈ મોહનભાઈ વાવૈયા અને મંત્રી રસિક વલ્લભભાઈ પાંચાણીએ મંડળી કમિટીના સભ્યોની હાજરીમાં શામજીભાઈ ના પરિવારજનોને ૫૧૦૦૦નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

# ગોંડલની ગંગોત્રી સ્કુલના 'સરસ્વતિ સન્માન સમારોહ'માં તેજસ્વી તારલાનું બહુમાન

## સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને ચેરમેન સંદિપ છોટાળાના હસ્તે શિલ્ડ એનાયત



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલની જાણીતી શૈક્ષણિક સંસ્થા ગંગોત્રી સ્કૂલ ખાતે પ્રાઈમરી વિભાગના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના તેજસ્વી વિદ્યાર્થીઓનો 'સરસ્વતી સન્માન સમારોહ' ખૂબ જ ભવ્ય રીતે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. પ્રાઈમરી વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ગંગોત્રી ગ્રુપ ઓફ સ્કૂલના ચેરમેન અને ફાઉન્ડર સંદીપ છોટાળા હસ્તે શિલ્ડ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ તકે ખાસ કરીને પ્રાઈમરી શિક્ષણ પૂર્ણ કરી હવે સેકન્ડરીમાં પ્રવેશ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે સંદીપ છોટાળા દ્વારા વિશેષ સત્ર યોજાયું હતું. તેમણે વિદ્યાર્થીઓ અને વાલીઓને સંબોધતા આગામી બોર્ડના ધોરણોનું મહત્વ સમજાવ્યું હતું અને હવે પછીના શૈક્ષણિક વર્ષોમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓ માટે કઈ બાબતો અત્યંત અગત્યની છે તેનું માર્ગદર્શન આપ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત વાલીઓએ સ્કૂલની શૈક્ષણિક ગુણવત્તા અને આ પ્રેરણાદાયી માર્ગદર્શનની સરાહના કરી હતી.

# ગાંધીધામઃ ડીપીએ કંડલા ખાતે દેશનું પ્રથમ ઈ-મીથેનોલ બંકરિંગ સફળ રહ્યું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દેશના સમુદ્રી વ્યાપારમાં ડીકાર્બનાઈઝેશનની દિશામાં દિનદયાલ પોર્ટ કંડલાએ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ડીપીએ ખાતે દેશમાં પ્રથમ વખત 'ઈ-મીથેનોલ' બંકરીંગનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આસામ પેટ્રોકેમીકલ સાથેના કરાર બાદ, જહાજમાં મીથેનોલ લોડિંગ અને પાઈપલાઈન વહનની ક્ષમતાનું નિરીક્ષણ કરાયું હતું. ડીપીએ ચેરમેન સુશીલ કુમાર સિંઘ અને યુરોપિયન સંસ્થા ડીએનવીના અધિકારીઓની ઉપસ્થિતિમાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. હવે સિંગાપોર અને રોટાડેમ પોર્ટના ગ્રીન કોરીડોર પર ચાલતા જહાજો કંડલા ખાતે ઈ-મીથેનોલ ભરવા આવી શકશે.

# ઉપલેટામાં હનુમાન જયંતિએ મારૂતિ યજ્ઞ, બટુકભોજન, મહાપ્રસાદનો ભક્તોએ લીધો લ્હાવો

## ઉઘલાવદર ચૈતન્ય હનુમાન, સાંઢળાના ટીંબે સુર્યમુખી હનુમાન, બડાબજરંગ હનુમાન અને કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં મહાઆરતીઓ યોજાઈ



**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં પવનપુત્ર શત અંજની તથા હનુમાનજીની જન્મ જયંતી નિમિતે ઠેર ઠેર મંદિરો પર મારૂતીયજ્ઞ, બટુકભોજન, મહાપ્રસાદ અને આરતી સહિતના કાર્યક્રમો થયા હતાં. ઉઘલાવદર મુકામે બિરાજતા ચૈતન્ય હનુમાનજીના સાનિધ્યમાં મંદિરના મહંત દ્વારા વલ્લભી સ્વામી ઉપસ્થિતિમાં મારૂતી યજ્ઞ યોજાયો હતો. જ્યારે ખાખીજાળીયામાં પર આવેલા કુંડલા હનુમાન મંદિરે સાંજે સમુહ પ્રસાદનું આયોજન કરવામાં ાવેલ હતું. જ્યારે સાંઢળાના ટીંબે બિરાજતા સુર્યમુખી બાલા હનુમાન સાનિધ્યમાં સવારથી જ મારૂતી યજ્ઞ યોજાયો હતો. જેમાં મહંત માધવદાસ ત્યાગી, સાધુ સંતદાસજી ગીરનારી બાપુ, ભૂમળા દાદા, મંદિર પાસે કાળિયાવીર હનુમાન મંદિર બટુક ભોજન મહાપ્રસાદના આયોજનો કરવામાં આવેલ હતાં.



જ્યારે બગીચા પાસે આવેલ બડાબજરંગ હનુમાન મંદિર મહંત કિશન દાસજી બાપુની હાજરીમાં મહાઆરતી યોજાઈ હતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સિવિલ હોસ્પિટલ પાસે બિરાજતા પોપટિયા હનુમાન મંદિરે સતત મહાપ્રશાદનું વિતરમ ચાલુ રખાયું હતું. જ્યારે નવયુગ આંકપાસે કષ્ટભંજન હનુમાન મંદિરે આખો દિવસ હવન, યજ્ઞ તેમજ સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીધામ મહાપાલીકાની ચૂંટણી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાય



**અબતક, ભારતીમાખીજરાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ઐતિહાસિક ચૂંટણી પૂર્વે ભારતીય જનતા પાર્ટી દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. નિરીક્ષકો કૌશિકભાઈ વેકરીયા, અશોકભાઈ પટેલ અને ભાવનાબેન નાયકની ઉપસ્થિતિમાં ટિકિટના દાવેદારોને સાંભળવાની કામગીરી શરૂ કરાઈ છે.

મહાનગરપાલિકા બન્યા બાદ આ પ્રથમ ચૂંટણી હોવાથી ભાજપના કાર્યકરો અને સ્થાનિક નેતાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સેન્સ પ્રક્રિયા દરમિયાન મોટી સંખ્યામાં દાવેદારો ઉમટી પડ્યા હતા, જેમના બાયોડેટા અને રજૂઆતોના આધારે આગામી સમયમાં પ્રદેશ સ્તરે ઉમેદવારોના નામની પેનલ મોકલવામાં આવશે.

# ઉપલેટાના પ્રૌઢ પાસેથી રૂ.૩૪.૨૦ લાખના ચણા ખરીદી ગોંડલનો શખ્સ પોબારા ભણી ગયો

## દલાલ તરીકે ઓળખ આપી, છ દિવસમાં પેમેન્ટ ચૂકવી આપવાનો વાયદો કરી માલ મંગાવ્યો : ગોડાઉનને તાળુ મારી ફોન સ્વીચ ઓફ કરી ભૂગર્ભમાં ઉતરી ગયો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ઉપલેટાના પ્રૌઢ વેપારી પાસેથી રૂ.૩૪.૨૦ લાખના ચણાની ખરીદી કરી પૈસા નહિ ચૂકવી ગોંડલનો શખ્સ ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. દલાલ તરીકેની ઓળખ આપી તમામ પેમેન્ટ છ દિવસમાં ચૂકવી આપીશ કહી વિશ્વાસ કેળવી ઠગએ ચણા મંગાવી મોબાઈલ બંધ કરી દીધો હતો. જે મામલે ઉપલેટા પોલિસ મથકે ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ઉપલેટાના પોરબંદર રોડ પર જવાહર સોસાયટીમાં રહેતા ૫૨ વર્ષીય પ્રૌઢ વિપુલભાઈ જેન્તિલાલ રાયચુરાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે હીર એન્ટરપ્રાઈઝના હસમુખભાઈ જીવરાજભાઈ મૂંગરાનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું ઉપલેટા ખાતે વિપુલ બ્રોકર્સ નામે પેઢી ધરાવી ફટક દલાલીનું કામ કરૂ છું. ગઈ તા.-૨૦/૦૨/૨૦૨૬ ના રોજ હું મારી પેઢીએ હતો ત્યારે મને મારા ફોનમાં એક અજાણ્યા નંબર- ૯૨૭૪૦૧૧૧૭૨ માથી ફોન આવ્યો હતો. સામાવાળાએ પોતાની ઓળખ હીર એન્ટરપ્રાઈઝમાંથી હસમુખભાઈ મુંગરા તરીકે આપી મારે ગોંડલ ખાતે ગુંદાળા રોડ ઉપર ગોડાઉન આવેલ છે અને મારે ચણાની ખરીદી કરવી છે તેમ જણાવ્યું હતું. જેથી મે કહેલ કે, હું તમને ઓળખતો નથી, તમે ઓળખાણ આપો, તો અમે વેપાર કરીએ. બાદ બીજા દિવસે તા.-૨૧/૦૨/૨૦૨૬ ના રોજ હસમુખભાઈ પોતાની ફોર વ્હીલર લઈ મારી ઉપલેટા ખાતે આવેલ વિપુલ બ્રોકર્સ પેઢી ખાતે આવેલ હતા. તેમણે મને કહેલ કે, મારુ નામ હસમુખભાઈ મુંગરા છે અને હું દલાલ તરીકેનો ધંધો કરૂ છુ અને મારે ચણાની ખરીદી કરવી છે, હું અલગ અલગ વેપારીઓ પાસેથી દલાલ તરીકે ખરીદી કરૂ છુ, તમે કહેતા હોય તો હું બીજા વેપારીઓ સાથે વાત કરાવું તેવું કહી તેણે મને વિસાવદરનાં મુરલીધર ટ્રેડીંગવાળા બાબુભાઈ હપાણી સાથે વાત કરાવેલ હતી. ત્યારે બાબુભાઈએ મને કહેલ કે, હસમુખભાઈને ઓળખું છું અને અમે પહેલા તેની સાથે વેપાર કરેલ છે, બાદ તરત જ ફોન કાપી નાખેલ હતો. ત્યારબાદ અમે વેપાર બાબતે વાતચીત કરેલ હતી અને ત્યાર બાદ તે જતા રહેલ હતા.

બાદ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ હસમુખભાઈનો મને ફોન કે, ૧૦૦ કિલોના ભાવ રૂ. ૫૩૫૦ હોય તેવા ચણાની ખરીદી કરી તેની ડિલીવરી ગોંડલ કરવાની છે, કોઈ હોય તો કહેજો. જેથી મે શ્રી રાંદલ એન્ટરપ્રાઈઝ (હડાળા, બગસરા)નાં ૧૨ ટન ચણા જેની કીંમત આશરે રૂ.૬ લાખ હીર એન્ટર પ્રાઈઝ ગોંડલને વેચ્યા હતા. બાદ તા.-૨૪/૦૨/૨૦૨૬ ના રોજ હસમુખભાઈનો ફરી ચણા ખરીદ કરવા ફોન આવતા મે રવી રાંદલ એન્ટરપ્રાઈઝ (હડાળા,બગસરા)નાં ૦૮ ટન ચણા જેની કિંમત આશરે રૂ.-૪.૨૫ લાખ હીર એન્ટર પ્રાઈઝ, ગોંડલને વેચ્યા હતા. બાદ શ્રી રામ ટ્રેડીંગ (બગસરા)નાં ૧૩ ટન ચણા જેની કિંમત આશરે રૂ.૧.૯૦ લાખ, શ્રી રાંદલ એન્ટરપ્રાઈઝ (હડાળા, બગસરા)નાં ૦૮ ટન ચણા જેની કિંમત આશરે રૂ.૪.૨૫ લાખ, અંશ પ્રોટીન્સ (માખીયાળા, જુનાગઢ)નાં ૧૨ ટન ચણા જેની કિંમત આશરે રૂ.૬ લાખ, અવીરા ટ્રેડીંગ (વિસાવદર)નાં આશરે ૧૫ ટન ચણા જેની કિંમત આશરે રૂ.૬.૮૦ લાખનાં ચણા અમારા મારફતે હીર એન્ટર પ્રાઈઝ,ગોંડલને વેચ્યા હતા. પ્રૌઢે જણાવ્યુ હતું કે, હસમુખભાઈ મુંગરાએ મને વિશ્વાસ આપેલ હતો કે, હુ તમને છ દિવસમા બધુ પેમેન્ટ આપી દઈશ. જેથી હસમુખભાઈને છ દિવસ પછી ફોન કરેલ તો તેણે એક-બે દિવસમાં પેમેન્ટનું કરાવું છુ કહ્યું હતું. ત્યારબાદ હસમુખભાઈનો ફોન બંધ આવતા હુ તથા તમામ વેપારીઓ ગોંડલ રૂબરૂ જઈ તપાસ કરતા હીર એન્ટરપ્રાઈઝનું ગોડાઉન બંધ હાલતમાં જોવા મળ્યું હતું. જેથી હસમુખભાઈએ પોતે દલાલ તરીકેની ઓળખ આપી રૂ. ૩૪.૨૦ લાખના ચણા ખરીદી પૈસા નહિ આપી ઠગાઈ આચરતા પ્રૌઢએ ઉપલેટા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# ઉનાના નાથળ ગામે કુવામાં ન્હાવા પડેલા ખેડુતનું મોત

## એકના એક પુત્રના મૃત્યુથી પરિવારમાં અરેરાટી

**અબતક, ઉના**

ઉનાના નાથળ ગામે કુવામાં ન્હાવા પડેલા ખેડુતનું ડૂબી જવાથી મોત નિપજ્યું છે. આ બનાવથી પરિવારમાં શોકનું મોજું ફેલાયું છે.

ઊના તાલુકાના નાથળ ગામે વાડી વિસ્તારમાં કાનાભાઈ લાખાભાઈ ગઢિયા ઉ. વ. ૨૫ રે. નાથળ વાળો કૂવામાં નાહવા પડેલ હતો ઘણા સમય થવા છતાં બહારના આવતા પરિવારના સભ્યોએ કુવામાં જોતા બેભાન હાલતમાં કાનાભાઈ પડેલ હોય. ઊના નગર પાલિકાના ફાયર વિભાગને જાણ કરતા તે પણ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી પરંતુ રેસ્ક્યુ ટીમની જરૂર હોય વેરાવળ જાણ કરતા રેસ્ક્યુ ટીમ સાધનો સાથે આવી ગઈ હતી અને મહામહેનતે કાના ભાઈને બેભાન હાલત બહાર કાઢી ઊના સરકારી હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો. તેમના પરિવારે જણાવેલ કે કાના ભાઈ અવાર નવાર કુવામાં નાહવા પડતા હતા. કાનાભાઈ તેમની માતાનો એક માત્ર દીકરો હોય દીકરાનું મૃત્યુ થતા શોક છવાઈ ગયો છે.

# ધ્રોલ પંથકમાં તસ્કરોનો તરખાટ, ૧૨૦૦ મીટર વાયરની ચોરી

## ખારવાથી જાયવા ગામ વચ્ચે વીજ કંપનીની લાઈનને નિશાન બનાવતા શખ્સ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકામાં સરકારી મિલકતોને નિશાન બનાવી ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ જણાય છે. ખારવાથી જાયવા ગામ તરફ જવાના નવા રસ્તા પર વીજ કંપનીની નવી ૧૧ કે.વી.ની લાઈનમાંથી અજાણ્યા તસ્કરો આશરે ૧૨૦૦ મીટર જેટલા કિંમતી એલ્યુમિનિયમ વાયરો કાપીને ચોરી કરી ગયા હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ધ્રોલ પોલીસ સ્ટેશનથી દક્ષિણ દિશામાં ૩ કિલોમીટર દૂર ખારવા ગામ પાસે ૧૧ કે.વી. હડમતીયા એ.જી. ફીડરની કામગીરી ચાલી રહી હતી. તસ્કરોએ મોટા ઈટાળા ગામ તરફ જતી લિંક લાઈનને નિશાન બનાવી હતી. અજાણ્યા શખ્સોએ ૧૦ ગાળાના આશરે રૂા.૫૪ હજારનો ૧૨૦૦ મીટર લંબાઈના એલ્યુમિનિયમ વાયરો કાપી ચોરી ગયા અંગેની કર્મચારી તેજશભાઈ અનિલભાઈ સોનીએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે શખ્સોની શોધખોળ હાથધરી છે.

# ધ્રાંગધ્રા નજીક કારમાંથી રૂ.૫.૩૨ લાખનો દારૂ ઝડપાયો: ત્રણ ફરાર

## પુનિત નગરમાં મકાનમાંથી રૂ.૨.૫૩ લાખનો દારૂ-બિયર પકડાયો: બુટલેગર નાસી છૂટ્યો

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેર અને તાલુકામાં બે સ્થળે વિદેશી દારૂના દરોડા પાડી વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જેમાં કલ્પના ચોકડી પાસે કારમાંથી ૨૪૪૮ બોટલ દારૂ મળી રૂા. ૯.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જ્યારે પુનિતનગરમાં મકાનમાંથી રૂા. ૨.૫૩ લાખનો દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે નાશી છુટેલા ચાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

વધુ વિગત મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં દારૂ બંધીનો કડક અમલ કરવા એસ.પી. પ્રેમસુખ ડેલુએ આપેલી સુચનાને પગલે એલસીબીના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધરવામાં ાવી હતી. કલ્પના ચોકડી પાસે વોચ ગોઠવી હતી. ત્યારે

એલસીબી સ્ટાફે જીજે ૦૯ બીએલ ૯૦૨૪ નંબરની શંકાસ્પદ કાર નજરે ચડતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કાર ચાલકે ઝડપ વધારી નાસી જવાનો પ્રયાસ કર્યો હતો પોલીસે સતર્કતા દાખવી પીછો કરતા કુડા ચોકડી નજીક કારને અટકાવી લેવામાં આવી હતી કાર રોકાતા જ તેમાં સવાર ત્રણ શખ્સો કાર મુકીને ભાગી છૂટ્યા હતા. બાદમાં પોલીસે કારની તપાસ કરતા અંદરથી ૨૪૪૮ નંગ વિદેશી દારૂની નાની બોટલો મળી આવી હતી, જેની કુલ કિંમત ૫,૩૨,૧૨૮ રૂપિયા છે. સાથે જ ૪,૦૦,૦૦૦ રૂપિયાની કાર પણ જપ્ત કરવામાં આવી હતી. આમ, કુલ ૯,૩૨,૧૨૮ રૂપિયાનો મુદ્દામાલ કબજે લેવાયો હતો આ મામલે પોલીસે નાસી છૂટેલા રાહુલ ઉર્ફે ભૂરો રમેશભાઈ મહાલિયા સહિત બે અજાણ્યા શખ્સો, કાર માલિક તેમજ દારૂ સપ્લાય કરનાર વ્યકિત વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ધ્રાંગધ્રા શહેરમાં સીટી પોલીસ પેટ્રોલિંગમાં હોય તેવા સમયે પોલીસ કોન્સ્ટેબલ નરેન્દસિંહ ને મળેલી બાતમીના આધારે ઇન્ચાર્જ પીઆઇ એન એચ ચુડાસમા, સહિતના સ્ટાફ દ્વારા મકાનના ઘરની અંદર છુપાવેલો વિદેશી દારૂની ૩૩૨૭ નંગ બોટલ અને બિયર ટીન ૨૪૦ નંગ સહીત રૂપિયા ૨,૫૩,૪૯૨ નો વિદેશી દારૂ ઝડપાયો ફરાર આરોપી ધર્મેન્દસિંહ ઉર્ફે ધમભા મનુભા જાડેજા સામે ગુનો નોંધી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને આરોપી ને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ઉપલેટાના વેપારી પાસેથી રૂ.૧.૫૫ લાખ મેળવી વાયરનો માલ નહીં મોકલી છેતરપિંડી

## ટેલિફોનિક સંપર્ક કેળવી વાયરના હોલસેલ વેપારીની ઓળખ આપી વિશ્વાસ કેળવ્યો : આંગડિયા મારફતે એડવાન્સ પેમેન્ટ મંગાવી કિશન મણવરે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું

**અબતક, રાજકોટ**

ઉપલેટાના વેપારીને ફોન કરી વાયરના હોલસેલ વેપારીની ઓળખ આપી ઠગએ ઓર્ડર પેટે રૂ. ૧.૫૫ લાખની રકમ એડવાન્સ પેમેન્ટ મેળવી લઈ માલ નહિ મોકલાવી ઠગાઈ આચરી હતી. જે મામલે ઉપલેટા પોલિસ મથકે વેપારીએ ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ઉપલેટાની આશોપાલવ સોસાયટી બ્લોક નં.-૧૦ માં રહેતા ૪૬ વર્ષીય પ્રૌઢ વેપારી જેમીનકુમાર પ્રવીણભાઈ કાલરીયાએ આરોપી તરીકે કિશન વસંતભાઈ મણવર (ઓફિસ મહાદેવ એસ્ટેટ-૪, ગુજરાત હાઉસિંગ નજીક, વટવા જીઆઈડીસી, અમદાવાદ, જે મહેતા વાઈડીંગ વાયર એમએફજી)નું નામ આપી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે ઉમિયાજી એંજીનીયરીંગ નામની દુકાન છેલ્લા ૩૫ વર્ષથી છે જેનું હું સંચાલન કરૂ છું.

પ્રૌઢએ જણાવ્યું હતું કે, ગત તા. ૨૮/૦૩/૨૦૨૩ ના રોજ મને કિશનભાઈ વસંતભાઈ મણવર (રહે. રાજકોટ, માધવ પાર્ક)નો મો.નં.- ૯૮૭૯૬૧૯૬૯૯ પરથી ફોન આવેલ કે, હું કિશનભાઈ વસંતભાઈ મણવર બોલુ છું અને મારે સબમર્શીબલ વાઈડીંગના વાયરનો હોલસેલનો ધંધો છે, મારી પેઢીનું નામ 'જે મેહતા વાઈડીંગ વાયર એમએફજી' છે અને મારી ઓફીસ મહાદેવ એસ્ટેટ-૪ ગુજરાત હાઈસિંગ નજીક વટવા જીઆઈડીસી, અમદાવાદ ખાતે આવેલી છે. તેણે વધુમાં કહેલ કે, તમારે વાયરની જરૂરીયાત હોય તો મારો સંપર્ક કરવો અને મને અલગ અલગ કંપનીનાં વાયરનાં બ્રાન્ડના નામ તથા ફોટા મોકલેલ હતા. જેથી મે અલગ અલગ સાઈઝના વાયરનો ઓર્ડર આપેલ હતો. બાદ મે જે ઓર્ડર આપેલ હતો તે મુજબનો કિશનભાઈએ માલનુ કાચું એસ્ટીમેંટ મોકલાવેલ હતું. જે એસ્ટીમેંટ મુજબના રૂ. ૧,૫૫,૫૮૭ કિશનભાઈએ બેંક ખાતા નં.-૯૧૫૦૧૦૦૩૪૪૬૦૬૩૦ માં ટ્રાન્સફર કરવા જણાવેલ હતું. બાદ મને કિશનભાઈનો ફોન આવેલ કે બેંકવાળા આટલી રકમ રોકડ જમા લેશે નહી, જેથી તમે મને પી.એમ. આંગડીયા મારફત પૈસા મોકલાવી આપો, બાદ હું તમારો માલ મોકલાવી આપીશ.

જેથી વેપારીએ ગઈ તા. - ૨૯/૦૩/૨૦૨૩ ના રોજ ઉપલેટાની પી.એમ. આંગડીયા મારફતે કિશનભાઈને પૈસા ટ્રાન્ફર કરાવેલ હતા. બાદ કિશનભાઈએ મને જણાવેલ કે હું તમારો માલ સંતોષી ટ્રાંસપોર્ટમાં મોકલી આપીશ. બે દિવસ વીતી જતાં માલની ડિલિવરી નહિ મળતા મેં કિશનભાઈને ફોન કર્યો હતો પણ તેણે ફોન ઉપાડ્યો ન હતો. જેથી મેં તેમને વ્હોટસેપમાં મેસેજ કરેલ કે, તમે મારો ફોન ઉપાડો અને મને કહેજો કે, માલ શેમાં મોકલાવ્યો છે, જો ના મોકલ્યો હોય તો મારા રૂપિયા પાછા આપી દો' પણ તે મેસેજનો પણ કિશનભાઈએ જવાબ આપેલ નહીં. બાદ દિવસો વીતી ગયા છતાં વેપારીને વાયરની ડિલિવરી નહિ મળતા તેમણે રૂ.- ૧,૫૫,૮૮૭ ની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલમાં એટીએમમાંથી પૈસા ઉપાડવામાં મદદના બહાને ૪૦ હજારની ઠગાઈ

## નગરપાલિકાના મહિલા કર્મીનું એટીએમ કાર્ડ બદલાવી નાણાં ઉપાડી લીધા: પોલીસે ગુનો નોંધી ભેજાબાજની શોધખોળ આદરી

**અબતક, રાજકોટ**

ગોંડલમાં એટીએમ મશીનમાં રૂપીયા ઉપાડવાની મદદના બહાને નગરપાલિકાના મહિલા કર્મીનું એટીએમ કાર્ડ બદલાવી નાંખી ૪૦ હજાર ઉપાડી લેતાં ગોંડલ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.બનાવ અંગે ગોંડલમાં બાપા સીતારામ ચોકની બાજુમાં મોહન પાર્કમાં રહેતાં રશીલાબેન કાંતીભાઈ રૈયાણી (ઉ.વ.૫૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ ગોંડલ નગરપાલીકામા નોકરી કરે છે. ગઈ તા. ૨૫ ના રોજ સવારના આશરે સાડા દશેક વાગ્યે તેઓને એસબીઆઈ બેંકમા એકાઉન્ટ હોય જેનુ એ.ટી.એમ.કાર્ડ લઈ પૈસા ઉપડવા માટે કડીયા લાઈનમાં આવેલ એસબીઆઈ બેંકના એ.ટી.એમ.માં ગયેલ ત્યારે ત્યાં એ.ટી.એમ.માં દશેક માણસો હતા.થોડીવારમાં મારો વારો આવી જતા તેઓ એ.ટી.એમ કાર્ડ મશીનમા નાખી પૈસા ઉપડવા માટે ટ્રાય કરતી હતી, પરંતુ પૈસા ઉપડતા ના હોય જેથી પાછળથી એક અજાણ્યો માણસ પાસે આવેલ અને કહેલ કે, લાવો તમારુ એ.ટી.એમ. કાર્ડ હુ તમને તમારા પૈસા ઉપાડી દઉં, જેથી તેને એ.ટી.એમ.કાર્ડ આપેલ અને તેણે બે-ત્રણ વાર ટ્રાય કરેલ પછી કહેલ કે, તમારા મોબાઈલમાં ઓટીપી પાસવર્ડ આવેલ હશે તે આપો જેથી તેને ઓટીપી આપેલ બાદ તે અજાણ્યા માણસે બે-ત્રણ વાર પૈસા ઉપાડવાની ટ્રાય કરેલ બાદ કહેલ કે, આ લ્યો તમાર એ.ટી.એમ. કાર્ડ અને તમારા એકાઉન્ટમાંથી પૈસા ઉપડતા નથી તમે બેંકમાં જઈ પુછી લો.જેથી તેઓ બેંકમા ગયેલ અને એ.ટી.એમ. કાર્ડ બતાવતા જાણવા મળેલ કે, આ એ.ટી.એમ. કાર્ડ તેમનું નથી, તેઓનું એ.ટી.એમ. કાર્ડ કોઈ અજાણ્યો માણસ બદલાવીને લઈ ગયેલ છે, ત્યારે તેમના મોબાઈલમાં એકાઉન્ટમાંથી પૈસા ઉપડેલ હોય તેના મેસેજ આવવા લાગેલ હતાં. તેમના ખાતામાંથી રૂ.૪૦ હજાર ઉપડી ગયેલ હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ સીટી પોલીસે ગુનો નોંધી અજાણ્યા શખ્સને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગીર ગઢડાના વડિયાળા ગામે ગૌચરમાં ખેતી કરતા શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ

## ગ્રામ પંચાયત દ્વારા નોટિસ પાઠવી છતાં દબાણ દૂર ન કરતા કરી કાર્યવાહી

**અબતક, ઉના**

ગીર ગઢડા તાલુકાના વડવિયાળા ગામે ગૌચર જમીન ઉપર અનઅધિકૃત દબાણ કરી જુવાર અને આંબાઓ ની કલમો વાવી ગૌચર જમીન ખુલ્લી ના કરતા ગીર ગઢડા તાલુકા પંચાયત ના અધિકારી એ લેન્ડ ગ્રેબિંગ ની ફરિયાદ નોંધાવી છે.

ગીર ગઢડા તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા અધિકારી ધીરજ ભાઈ ગોવિંદ રાય એ ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા લેખિત માં ફરિયાદ નોંધાવી હતી કે ગીર ગઢડા તાલુકાના વડવિયાળા ગામના ભીમાભાઈ ભીખા ભાઈ સાંખટ રે. વડવિયાળા એ ઘણા સમય થી વડવિયાળ ગામે સરકારી ગૌચર જમીન સર્વે નંબર ૬૩ ની ૧ હેક્ટર ૬૦, ૦૦, ચોરસ મીટર જમીન ઉપર ખેતી વિષયક દબાણ કરી જુવાર નો પાક વાવી તેમજ આંબાઓ ની કલમો વાવી ખેતી વિષયક દબાણ કરેલ હોય. ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત દ્વારા વારંવાર નોટિસ આપી ખાલી કરવા જણાવેલ હતું તેમ છતાં દબાણ દૂર કરેલ નહીં. છેલ્લે આરોપી ભીમા ભાઈ ભીખા ભાઈ સાંખટ એ ગત તા.૧૫/૧૨/૨૦૨૫ ના આ સરકારી ગૌચર જમીન ઉપર નું દબાણ ૩૦ દિવસ માં દુર કરવા સંમતિ આપી હતી તેમ છતાં દૂર ના કરતા ગીર સોમનાથ જિલ્લા કલેટર કચેરી માં રજૂઆત કરતા અંતે જિલ્લા અધિક કલેક્ટરએ આ દબાણ કરનાર સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદો અધિનિયમ ૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા હુકમ કરતા .ગુનો દાખલ કરવા હુકમ કરતા ફરિયાદ નોંધાવી હતી. ગીર ગઢડા પોલીસ લેન્ડગ્રેબિંગ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ઊના ના નાયબ પોલીસ અધિક્ષક એમ. એફ. ચૌધરી કરી રહ્યા છે.

# આદિત્યાણા ગામે જુગાર રમતા ૩ ઝડપાયા



**અબતક, પૂજા થાનકી, પોરબંદર**

આદિત્યાણા ગામની દાદરસીમ વિસ્તારમાં આવેલ અરભમ અરશીભાઈ ખુંટી નામના શખ્સની વાડીમાં જુગાર રમાતો હોવાની પોલીસને બાતમી મળી હતી ત્યારે પોલીસે દરોડો પાડી જાહેરમાં જુગાર રમી રહેલા વાડી માલિક અરભમ અરશીભાઈ ખુંટી, પોરબંદરનો લીલા ભાયા પરમાર, અને રાણાવાવ ના અમરદળ ગામે રહેતા ધના ચના મોરીને ઝડપી લીધો હતો રૂપિયા ૩૩,૭૦૦ ની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડામાં બાલુ વેજાભાઈ ઓડેદરા અને રામો ઉર્ફે રાજુ કોડીયાતર નાશી જતાં કાર્યવાહી હાથ ધરી હતી.

# સાયલાના ગઢશિરવાણીયા ગામેથી બોગસ ડોક્ટર ઝડપાયો

## રૂ.૬૨૭૩ની કિંમતની એલોપેથી દવા સહિતનો મુદામાલ કબજે કર્યો



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બોગસ ડોક્ટરોનો રાફડો ફાટ્યો હોય તેમ લાગી રહ્યું છે ત્યારે સુરેન્દ્રનગર એસઓજી પોલીસ ટીમે મેડિકલ ઓફિસરને સાથે રાખી સાયલા તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.

જે દરમિયાન બાતમીના આધારે સાયલા તાલુકાના ગઢશિરવાણીયા ગામે થી કોઈપણ જાતની તબીબી ડિગ્રી કે સર્ટિફિકેટ વગર ક્લિનિક ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો બોગસ ડોક્ટર વિપુલભાઈ પાચાભાઈ રોજાસરાને ઝડપી લીધો હતો અને વધુ તપાસ કરતા બોગસ ડોક્ટરના ક્લિનિકમાંથી અલગ અલગ ૩૩ જાતની એલોપેથી દવા કિંમત રૂ.૬૨૭૩ નો મુદામાલ પણ કબજે કર્યો હતો. જ્યારે ઝડપાયેલ બોગસ ડોક્ટર વિરુદ્ધ ધજાળા પોલીસ મથકે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગીર ગઢડાનાખિલાવડ ગામે ટ્રેક્ટર પુલ પરથી નીચે ખાબક્તા ચાલક્નું મોત

**અબતક,ઉના**

ગીર ગઢડા તાલુકાના ના નગડિયા ગામના જયેશ ભાઈ ભીમાભાઈ સોલા ઉ. વ. ૨૮ એ ચાર દિવસ પહેલા નવું ટ્રેક્ટર ખરીદેલ હતું અને નગડિયા ગામ થી ખિલાવડ ગામ ની સીમ માં માટી ભરવા જતો હતો ત્યારે ખિલાવડ ગામ પાસે ગુંદાળા જતા રોડની બાજુમાં પુલ ઉપર પહોચતા ટ્રેક્ટર ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવ્યો હતો અને પુલ નીચે ટ્રેક્ટર પલ્ટી જતા જયેશ ભાઈ ભીમા ભાઈ અને તેની સાથે રહેલ ઘનશ્યામ ભાઈ જોગદીયા રે. ખિલાવડ વાળાને ઈજા પહોચતા તુરંત ઊનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જેમાં જયેશ ભાઈ ભીમા ભાઈ નું મૃત્યુ થયુ હતુ. ઘનશ્યામ ભાઈ ને આંખ પાસે ઈજા થઈ હતી. ગીર ગઢડા પોલીસ સ્ટેશન મા મૃત્યુ પામનાર જયેશના પિતા ભીમાભાઈ રામભાઈ સોલા રે. નગડિયા તા. ગીર ગઢડા એ જયેશ એ પોતાનું ટ્રેક્ટર પુર ઝડપે ચાલવી પુલ ઉપરથી પલ્ટી ખાઈ જતા મોત થયાની ગીર ગઢડા પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી. ગીરગઢડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અજીતસિંહ મકવાણા તપાસ કરી રહ્યા છે.

# ગોંડલની જડીયા એન્ડ સન્સ જવેલર્સ પેઢીના ઉઠમણાં: યુવાનના રોકડ-દાગીના ચાઉં

## મોટી બજારમાં પેઢી ધરાવતા કાકા-ભત્રીજાની કરામત: ધૂડસીયાના યુવકે ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

ગોંડલના સોની વેપારી કાકા-ભત્રીજાના ઉઠમણાં થયા છે. મોટી બજારમાં આવેલ જડીયા એન્ડ સન્સના સંચાલકોએ ઘુડસિયાના યુવકના દાગીના અને રોકડ પડાવી ફોન સ્વીચઓફ કરી નાસી છૂટતાં ગોંડલ પોલીસમાં ફરીયાદ નોંધાઈ છે.બનાવ અંગે ગોંડલના ધુડસિયા ગામે રહેતાં સંજયભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે તેજસ કિશોર જડીયા અને નિલેષ શાંતિલાલ જડીયા (રહે. બંને ગોંડલ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓને ધંધા કરવા માટે રૂપીયાની જરૂર હોય જેથી વર્ષ ૨૦૨૫ માતા રાજીબેનની બે સોનાની વીટી તથા મોટા ભાઈ વિજયભાઈની એક સોનાની વિટી મળી ત્રણેય વિટીઓ વજન ૬ ગ્રામ ૫૦૦ જાણીતા સોની જેમની ગોંડલમાં મોટી બજારમાં જડીયા એન્ડ સન્સ નામની દુકાન આવેલ છે તે તેજશ જડીયાને દાગીના આપેલ હતાં.

તેના બદલામા તેઓ પાસેથી રૂ.૫૫ હજાર લીધેલ અને એકાદ મહીના પછી આ રૂપીયા પરત આપે ત્યારે ત્રણેય વીટીઓ પરત આપવાની તેમ વાત થયેલ હતી. ત્યારબાદ વરસાદમાં કડીયાકામનો સામાન તણાય ગયેલ એટલે વધારે રૂપીયાની જરૂર પડતાં ગઈ તા.૨૫/૦૮/૨૦૨૫ ના ભાભી રસીલાબેનનો સોનાનો હાર, કાનમાં પહેરવાની બુટી નંગ-૨ જે સોની તેજશ જડીયાને આપેલ અને તેના બદલે તેઓએ રૂ. ૧.૮૦ લાખ આપવાનુ નક્કી થયેલ હતું. તેઓએ સોનાના હાર તથા બુટીઓના બદલે રૂ.૭૦ હજાર રોકડા આપેલ અને ૧ લાખનો ચેક આપેલ જે ચેકથી રૂપીયા ઉપાડવા બેંકમા જતા આ ચેક રીટર્ન થયેલ અને રૂ.૧૦ હજાર ગુગલ પે થી મોકલવાનુ કહેલ પરંતુ તે પણ મોકલેલ નહી.

જે બાદ અવાર નવાર તેજશ જડીયાને ફોન કરી બાકી રહેતા રૂપીયા આપવા કહેલ પરંતુ તેઓએ બહાના બતાવી રૂપીયા આપેલ નહી અને તેઓએ નંબર બ્લેકલીસ્ટમાં નાખી દીધેલ, બાદમાં બીજા નંબરમાંથી ફોન કરતા તેઓનો ફોન સ્વીચ ઓફ થઈ ગયેલ હતો.

તેજશનો ફોન બંધ આવતો હોય જેથી તેની દુકાને ગયેલ તો તે મળેલ નહી પરંતુ તેના મોટા બાપુ નિલેષ જડીયા તેઓની દુકાને બેઠેલ હોય તેઓએ કહેલ કે, તેજશભાઈ ફરાર થઈ ગયેલ છે. તેઓને આ ચેક અંગે નેગોશીયેબલનો કેસ કરવાનુ કહેતા તેઓએ કહેલ કે, તમે કોઈ કેસ ન કરતા હું તમને નવો હાર તથા બુટીઓ બનાવી આપીશ તેમ વાત કરેલ અને તે અંગે સોગંદનામું બનાવી આપવાનું પણ કહેલ અને બીજા દિવસે તા.૦૪/૧૧/૨૦૨૫ ના નિલેષ જડીયાએ તેજશ પાસેથી લીધેલ રૂ.૭૦ હજાર પરત આપીએથી જાન્યુઆરી મહીનાની તા.૨૫ થી ૨૬ માં સોનાનો હાર તથા બુટીઓ બનાવી આપશે તેવુ સોગંદનામું કરી આપેલ હતું.

ગઈ તા.૨૧/૦૧ ના નિલેષ જડીયાને ફોન કરી બનાવી આપવાનો હાર તથા બુટીઓ આપવા કહેતા તેઓએ કહેલ કે, મારી પાસે અત્યારે હાર બનાવવાના રૂપીયા નથી તમે જે થાય તે કરી લ્યો તેમ વાત કરતાં તેઓ વિરૂધ્ધ અરજી કરેલ એટલે તેઓએ કહેલ કે, અત્યારે મારી પાસે રૂપીયા નથી તમે મને દોઢ મહીનાનો સમય આપો તેમ કહી રૂ.૩૦ હજાર અને એક કોરો ચેક આપી કહેલ કે, દોઢ મહીનામા હુ હાર તથા બુટીઓ ન બનાવી આપુ તો તમે મારા વિરૂધ્ધ નેગોશીયેબલ મુજબ આપેલ ચેક અંગે કેસ કરી નાખજો.

દોઢ મહીના પછી આરોપીને ફોન કરી હાર તથા બુટીઓ બનાવી આપવા કહેતા તેઓએ કહેલ કે, મારાથી હાર થાય તેમ નથી તેમ કહી ફોન સ્વીચ ઓફ કરી નાખેલ હતો. જેથી બંને શખ્સોએ છેતરપીંડી આચરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ સીટી પોલીસે તપાસ આદરી હતી.

# હળવદમાં નજીવી બાબતે ખેડૂત ઉપર હુમલો

## જે.સી.બી.ના ફોટો પાડવા માર માર્યો, અગાઉ કરેલ કોર્ટ કેસ પાછો ખેંચવા ધમકી આપી: ચાર સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

હળવદમાં રાયસંગપર રોડ ઉપર ખેડૂત પોતાના ખેતરે ગયા ત્યાં જેસીબી ચાલતું હોય જેથી ખેડૂતને રમ હતું કે, પોતાના ખેતરમાં જેસીબી ચલાવે છે, ત્યારે ખેડૂતે જેસીબીનો ફોટો લેતા વિવાદ ઉભો થયો હતો. ત્યારે બાજુના ખેતરેથી આવેલ આરોપીઓએ ગાળો આપી ખેડૂત સાથે મારામારી કરી અને અગાઉ ચાલતા કોર્ટનો કેસ પાછો ખેંચવા ધમકી આપી હતી. હાલ ભોગ બનેલા ખેડૂતની ફરિયાદને આધારે હળવદ પોલીસે એક મહિલા સહિત ચાર ઈસમો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.હળવદ તાલુકાના મોરબી દરવાજા કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા અશ્વિનભાઈ અમરશીભાઈ સોનગ્રા ઉવ.૫૦ દ્વારા હળવદ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ગઈકાલ તા.૦૩/૦૪ના રોજ રાયસંગપુર રોડ ખાતે આવેલ પોતાના ખેતરે આંટો મારવા ગયા હતા. તે દરમિયાન બાજુના ખેતરમાં આરોપી મેહુલભાઈ ઈશ્વરભાઈ દલવાડી જે.સી.બી.થી કામ કરાવી રહ્યા હતા. ફરિયાદીએ ખેતર નજીક ખોદકામ ન થાય તે હેતુસર જે.સી.બી.નો ફોટો પાડતા આરોપી મેહુલભાઈએ આ બાબતે વાંધો લઈ ગાળો આપી ફરિયાદીનો કાંઠલો પકડી બોલાચાલી કરી હતી. આ દરમિયાન આરોપી જયદીપભાઈ રતીલાલ સોનગ્રા સ્થળ પર આવી જતા બંનેએ મળી ફરિયાદીને ઢીંકા-પાટુનો માર માર્યો હતો. ઝગડાનો અવાજ સાંભળી મેહુલભાઈની પત્નીએ પણ આવી મારામારી કરી હતી. ત્યારબાદ સવજીભાઈ છગનભાઈ પણ આવી ગાળો આપી ધમકી આપવા લાગ્યા હતા. હુમલા બાદ ચારેય આરોપીઓએ ફરિયાદીને કોર્ટમાં ચાલી રહેલો જમીન સંબંધિત કેસ પાછો ખેંચી લેવા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે સમગ્ર માર મારવાના બનાવ મામલે હળવદ પોલીસે આરોપી મેહુલભાઈ ઈશ્વરભાઈ દલવાડી, જયદીપભાઈ રતીલાલ સોનગ્રા, મેહુલભાઈની પત્ની તથા સવજીભાઈ છગનભાઈ બધા રહે.મોરબી દરવાજા કૃષ્ણનગર હળવદ વાળા સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# વાંકાનેર: મોબાઈલ પર વાત ન કરનાર શિક્ષીકાને કચડી નાખવાની ધમકી

## સ્કૂલમાં ઘૂસી જાહેરમાં ધાકધમકી, વાંકાનેર અને વિંછીયા પંથકના બે શખ્સો સામે પોલીસ કાર્યવાહી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેરની હાઈસ્કૂલમાં ફરજ બજાવતા શિક્ષિકાને એક શખ્સ દ્વારા આવી મારા સગા સાથે ફોન ઉપર વાત કરવા દબાણ કરી ધમકી આપવામાં આવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. આરોપીઓએ જાહેરમાં અને ફોન ઉપર શિક્ષિકાને અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

મળતી વિગતો મુજબ, વાંકાનેરની અમરસિંહજી હાઈસ્કૂલમાં નોકરી કરતા શિક્ષિકા દ્વારા આરોપી પ્રદીપભાઈ ધાંધલ રહે. મેસરિયા તા.વાંકાનેર તથા આરોપી ગભરૂભાઈ ખાચર રહે. અજમેર તા.વીંછીયા જી.રાજકોટ વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગઈ તા.૦૨/૦૪/૨૦૨૬ના રોજ પોતે હાઈસ્કૂલમાં હોય તે દરમિયાન ક્લાર્ક ઓફિસમાં જતા ત્યાં તેમની સાથે નોકરી કરતા પ્રજ્ઞીકભાઈ સાથે એક અજાણ્યો વ્યક્તિ ઉભો હતો, જેણે પોતાનું નામ પ્રદીપભાઈ ધાંધલ રહે. મેસરીયા તા.વાંકાનેર વાળા હોવાનું જણાવ્યું. અને આ આરોપી પ્રદીપભાઈએ પોતાના મોબાઈલથી પોતાના સંબંધી ગભરૂભાઈ ખાચર રહે. અજમેર તા. વીંછીયા, જી. રાજકોટ વાળાને ફોન કરી શિક્ષિકાને વાત કરવા દબાણ કર્યું હતું. ત્યારે શિક્ષિકાએ વાત કરવા ઈન્કાર કરતા ફોન લાઉડસ્પીકરમાં મૂકી ગભરૂભાઈએ તેમને અને તેમના પરિવારને વાહન અકસ્માત કે અન્ય રીતે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અને ત્યારબાદ આરોપી પ્રદીપભાઈએ પણ સ્કૂલ પરિસરમાં ખુલ્લેઆમ ધમકી આપી હતી કે વાત ન કરશો તો જાનથી મારી નાખવામાં આવશે.

ઉપરોક્ત બનાવથી ભયભીત થયેલી શિક્ષિકાએ પરિવારને જાણ કરી બાદમાં વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. હાલ પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં જૂની અદાવતમાં ફિલ્મી અંદાજમાં મારા મારી

## અગાઉની ફરિયાદ બાદ સામસામી ફરિયાદમાં સાત આરોપીઓ સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના વાવડી રોડ વિસ્તારમાં મિલન પાર્કના નાકે ગત તા.૩૦/૦૩ના રોજ જૂની અદાવતનો ખાર રાખી ફિલ્મી અંદાજમાં થયેલ મારમારીમાં રાજકોટ ખાતે સારવારમાં રહેલ ઈજાગ્રસ્ત યુવાને પાંચ ઈસમો સામે વળતી ફરિયાદ નોંધાવી છે. અગાઉ આ જ બનાવમાં ફરિયાદી સહિત બે સામે કેસ નોંધાયો હતો,

મોરબી શહેરના વાવડી રોડ ઉપર આવેલ મિલન પાર્ક સોસાયટી નજીક જૂની અદાવતને કારણે મારામારીનો બનાવ સામે આવ્યો છે. જેમાં ઈજાગ્રસ્ત શાહરૂખ આરિફભાઈ પરમાર ઉવ.૩૩ રહે. મિલન પાર્ક શેરી નં.૩ વાવડી રોડ વાળા દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન આપેલી ફરિયાદમાં આરોપી (૧)સિકંદર ઉર્ફે સિકલો, (૨)સમીર રાઉમા, (૩)જુનેદ ઉર્ફે લાલો, (૪)જુબેર ઉર્ફે બબુડો તથા (૫)અકરમ રહે. બધા મોરબી વાળાએ ગત તા.૩૦/૦૩ના રોજ રાત્રે વાવડી રોડ મિલન પાર્કના નાકે આવેલ ખોડીયાર ટી સ્ટોલ પાસે ચા પીતા હોય તે દરમિયાન આરોપી સિકંદર ઉર્ફે સિકલો અને સમીર રાઉમા એક્ટીવા પર આવી પહોંચ્યા હતા, અને જુની અદાવતના મનદુ:ખને કારણે બોલાચાલી થઈ હતી, ધોકા અને ઢીકા પાટુથી હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયા હતા.

હાલ બનાવ અંગે અગાઉ સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદી શાહરૂખ પરમાર અને અન્ય ઈરફાન ઘાંચી સામે પણ ફરિયાદ નોંધાઈ હતી. હાલ વળતી ફરિયાદના આધારે પોલીસે ઉપરોક્ત પાંચેય આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ જી.પી. એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબી મહાનગરપાલિકાની ૧૩ વોર્ડની ચૂંટણી માટે ૪૨૭ દાવેદારો મેદાને

## પસંદગીનો કળશ કોના પર ઢોળાશે તે તરફ સૌ કોઈની મીટ





**અબતક, રૂષિ મહેતા, મોરબી**

મોરબીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬ને લઈ મોરબી ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા મહદઅંશે પૂર્ણ કરવામાં આવી છે. માત્ર મોરબી મહાનગરપાલિકાના ૧૩ વોર્ડ માટે જ કુલ ૪૨૭ દાવેદારો નોંધાયા છે. જ્યારે ટંકારા, વાંકાનેર નગરપાલિકા તેમજ મોરબી, વાંકાનેર, ટંકારા, હળવદ અને માળિયા(મી) તાલુકા પંચાયત તથા જીલ્લા પંચાયતો માટે કુલ ૫૮૦ દાવેદારો નોંધાતા જીલ્લામાં વ્યાપક રાજકીય ગરમાવો જોવા મળ્યો છે.

મોરબી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે હાથ ધરવામાં આવેલી સેન્સ પ્રક્રિયા મહદઅંશે પૂર્ણ થઈ છે. જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની પ્રક્રિયા બાદ મોરબી મહાનગરપાલિકા માટે શક્ત શનાળા સ્થિત કમલમ ખાતે અંતિમ સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. સેન્સ પ્રક્રિયા માટે નિરીક્ષકો તરીકે અમિત શાહ (અમદાવાદના ધારાસભ્ય), રુચિર ભટ્ટ અને પુષ્પાબેન મિસ્ત્રી ઉપસ્થિત રહી દાવેદારોના અભિપ્રાયો સાંભળ્યા હતા. જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયાના જણાવ્યા મુજબ, છેલ્લા બે દિવસ દરમિયાન તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને નગરપાલિકા માટે કુલ ૫૮૦ જ્યારે મોરબી મહાનગરપાલિકા માટે ૪૨૭ દાવેદારોએ દાવેદારી નોંધાવી છે. ભાજપ દ્વારા આ વખતે નવી એસ.ઓ.પી. અમલમાં મુકવામાં આવી છે, જેમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના કાર્યકરોને ટિકિટ નહીં આપવાનો નિર્ણય લેવાયો છે. ઉપરાંત, એક જ પદ પર ત્રણ વખત ચૂંટાયેલા તેમજ એક જ પરિવારના સભ્યોને પણ ટિકિટ ફાળવવામાં નહીં આવે. આ માપદંડો અનુસાર યુવા અને નવા ચહેરાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.આ પ્રક્રિયામાં મહાનગરપાલિકાના કુલ ૧૩ વોર્ડ માટે ૪૨૭ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થયેલી પ્રક્રિયામાં વોર્ડ નં. ૧થી ૧૩ સુધીના દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા. સરેરાશ એક વોર્ડ દીઠ ૩૦થી ૩૫ જેટલા આગેવાનો દાવેદાર તરીકે સામે આવ્યા હતા. આ ઉપરાંત મોરબી જીલ્લામાં નોંધાયેલ કુલ ૫૮૦ દાવેદારોની વિગત મુજબ મોરબી તાલુકા પંચાયત- ૫૫, મોરબી જીલ્લા પંચાયત- ૨૮, ટંકારા નગરપાલિકા- ૩૫, ટંકારા જીલ્લા પંચાયત-૧૧, ટંકારા તાલુકા પંચાયત- ૪૦, માળિયા(મી) જીલ્લા પંચાયત- ૩૧, માળિયા(મી) તાલુકા પંચાયત- ૪૭, વાંકાનેર નગરપાલિકા- ૯૮, વાંકાનેર જીલ્લા પંચાયત- ૪૪, હળવદ જીલ્લા પંચાયત- ૩૭, હળવદ તાલુકા પંચાયત- ૭૧ સહિતના વિસ્તારોમાં નોંધપાત્ર દાવેદારી જોવા મળી છે. ઉમેદવારોના નામોની અંતિમ જાહેરાત આગામી અઠવાડિયે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક બાદ કરવામાં આવશે.

# વાંકાનેરના ભલગામ નજીક યુવકનું મોત વાલી-વારસની શોધખોળ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના ભલગામ વિસ્તારમાં નવાપરા નજીક હોટલ આઈ કુપા સામે આદિત્ય લોખંડના કારખાનાની દિવાલ પાસે કોઈ બીમાટી સબબ અજાણ્યા પુરુષનું મોત નિપજ્યા હોવાનો બનાવ સામે આવ્યો છે. મૃતકની ઉંમર આશરે ૪૦થી ૫૦ વર્ષ હોવાનું અનુમાન છે. ત્યારે સ્થાનિક જોરૂભાઈ સોમલાભાઈ ખાચરે પોલીસને જાણ કરતા વાંકાનેર તાલુકા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકનું કોઈ બિમારીના કારણે મોત થયું હોવાની પ્રાથમિક વિગતો સામે આવી છે. હાલ પોલીસે બનાવ અંગે અ.મોતની નોંધ કરી મૃતકની ઓળખ સને તેના વાલી વારસની શોધખોળ શરૂ કરી છે.

# મોરબીના હાઉસિંગ બોર્ડ ખાતે વિદેશી દારૂની હેરાફેરી કરતા બે પકડાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના શનાળા રોડ હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન હાઉસિંગ બોર્ડ ગરબી ચોક ખાતે બે ઈસમો એક્ટીવા રજી.નં. જીજે-૩૬-એક્યુ-૦૦૪૧ ઉપર શંકાસ્પદ હાલતમાં જણાતા, પોલીસ ટીમે આવી તેમની પાસે રહેલ કાળા કલરની થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ગ્રીન લેબલ વ્હિસ્કીની ૧૬ નંગ બોટલ કિ.રૂ.૧૦,૨૪૦/-મળી આવી હતી. જેથી પોલીસે આરોપી ઉર્વરાજસિંહ ઉર્ફે ઉર્વીષ હકુભા ઝાલા તથા આરોપી મનોજભાઈ ઉર્ફે મિસ્ત્રી કિશોરભાઈ થરેચા અટકાયત કરવામાં આવી છે. આ સાથે પોલીસે એક્ટીવા અને વિદેશી દારૂ સહિત કુલ રૂ.૬૦,૨૪૦/-નો મુદ્દામાલ કબ્જ કર્યો છે.

# વેરાવળ બંદરે કાલે રાષ્ટ્રીય વહાણવટા દિવસની ઉજવણી



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સમગ્ર ભારતના બંદરો ૫ એપ્રિલે રાષ્ટ્રીય વહામવટ્ટા દિવસ ઉજવી રહ્યા છે. ત્યારે ગીર સોમનાથના વેરાવળ બંદરે રાષ્ટ્રીય વહામવટા દિવસની ઉજવમી કરાશે જેમાં પોર્ટ ઓફિસર હિરેન સોંદરવાના હસ્તે મેરી ટાઈમ બોર્ડના ધ્વજનું ધ્વજવંદન કરાશે જેમાં બંદર સુરક્ષા સ્ટાફ તથા ઓફિસ સ્ટાફ ઉપસ્થિત રહી ધ્વજને સલામી આપશે અને રાષ્ટ્રીય વહામવટ્ટા દિવસ અંગે જાણકારી મહત્વ અપાશે.

# જૂનાગઢની કોમર્સ કોલેજના એનસીસી કેડેટસની ગૌરવપૂર્ણ સિધ્ધિ

## જેજીસીઈ ટ્રસ્ટ સંચાલિત કોલેજના એનસીસી યુનિટના ત્રીજા વર્ષનાં તમામ કેડેટસે સી સર્ટિફીકેટ પરીક્ષા કરી ઉતીર્ણ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢની જેજીસીઈ ટ્રસ્ટ સંચાલિત કોમર્સ કોલેજ એનસીસી યુનિટના ત્રીજા વર્ષના તમામ કેડેટ્સ ધોકિયા અમિત, નાઘેરા કૃતિક, વાઘેલા આર્યન, માલમ રુચિત, ભોપાલા કારણ, માલમ ધ્રુવ, જાવન્દ્રા સૌરવ, ચુડાસમા ઉત્સવ, વાઘેલા પ્રથમ, સહિતનાએ તાજેતરમાં યોજાયેલ સી સર્ટિફિકેટ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી, કોલેજને ગૌરવ અપાવ્યું છે.



કેડેટ્સની આ સિદ્ધિ, મહેનત, અનુશાસન અને દેશસેવાના ભાવને પ્રતિબિંબિત કરે છે. આ સફળતા પાછળ એનસીસી ઓફિસર કેપ્ટન ડો. વી.બી. ગોઢાણીયાનું માર્ગદર્શન અને પ્રોત્સાહન મહત્વપૂર્ણ રહ્યું છે. આ તકે સંસ્થાના પ્રમુખ સુરેશભાઈ વેકરિયા, પ્રિન્સિપાલ ડો. એમ.પી. ત્રાડા તેમજ સમગ્ર સ્ટાફએ કેડેટ્સની જ્વલંત સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# જસદણ: સાવલીયા પરિવાર દ્વારા યોજાયો માતાજી મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ



**અબતક, હિતશ ગોસ્વામી,જસદણ**

સાવલિયા પરિવાર ના માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તેમજ યજ્ઞ હવન તેમજ શોભાયાત્રા યોજાય હતી તા.૨ ના હનુમાન જયંતીના દિવસે બહોળી સંખ્યામાં સાવલિયા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો તેમજ સાધુ સંતોની પધરામણી પણ હતી તેમજ યજ્ઞદેવજી મહારાજ પતંજલિ હરિદ્વાર થી તેમજ મહાકાળી આશ્રમના મહંત અમરગીરી બાપુ ચરાડવા થી ઉપસ્થિત રહ્યા હતા

# મોરબી:લીલાપર રોડ ઉપર વોકળા કાંઠે દેશી દારૂ અને ઠંડા આથા સાથે એક પકડાયો

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે લીલાપર રોડ ઉપર કાળીપાટ વોકળાના કાંઠે દેશી દારૂ ૨૫ લીટર તેમજ ૩૦૦ લીટર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો સહિત કુલ રૂ. ૧૨,૫૦૦/-ના જથ્થા સાથે આરોપી અશ્વિનભાઈ ઉર્ફે ભુવો મનુભાઈ વાઘાણી રહે.લીલાપર રોડ, કારીપાટ વિસ્તાર વોકળા કાંઠે મોરબી વાળાની અટક કરી હતી. આ સાથે એલસીબી પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેર: ચેક રિટર્ન કેસમાં સમન્સ બજવણી છતા હાજર ન થતા આરોપી સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર સિવિલ કોર્ટમાં ચાલતા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળના કેસમાં આરોપી મહાદેવભાઈ ખેમાભાઈ યોગી રહે.બસપા તા. સમી જી.પાટણ વાળા સામે વર્ષ ૨૦૨૪માં દાખલ થયેલા કેસમાં કોર્ટના હુકમ મુજબ આરોપીને ફોર્મ-૪ તથા સંબંધિત જાહેરનામા દ્વારા કોર્ટે હાજર થવા માટે સમન્સ જારી કરવામાં આવ્યું હતું. સમન્સની નિયમ મુજબ બજવણી થયેલી હોવા છતાં આરોપી નિર્ધારિત મુદતે કોર્ટમાં હાજર ન રહેતા આ મામલે કોર્ટ દ્વારા આકરું વલણ અપનાવી કોર્ટના આદેશની અવગણના બદલ પ્રિન્સીપાલ સિનિયર સિવિલ કોર્ટ વાંકાનેરના બેન્ચ ક્લાર્ક ભગીરથસિંહ હરદેવસિંહ ઝાલાએ વાંકાનેર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# મોરબી: જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન નવા બસ સ્ટેન્ડ સામે જાહેરમાં ચાલની નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો જુગાર રમી રહેલ મુકેશભાઈ આશુભાઈ કારીયા, બાબુભાઈ રાજાભાઈ કંજારીયા, રહિમભાઈ કાસમભાઈ સુમરા, સુરેશભાઈ વાલજીભાઈ કણજારીયા તથા અલ્તાફભાઈ કાસમભાઈ જુણાચ ઉવ.૪૦ રહે.મોરબી કાલીકાપ્લોટ શેરીનં.૧ મોરબી વાળાને કુલ રોકડા રૂ.૨૪,૦૦૦/-સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના નવનીયુક્ત પીઆઈ ગોસાઈએ ઘેલા સોમનાથ દાદાના દર્શન કરી ચાર્જ સંભાળ્યો



**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

ધોરાજીથી બદલી થઈ જસદણ પોલીસ સ્ટેશનમાં પીઆઈ તરીકે નિમણુંક પામેલ પીઆઈ જે.પી. ગોસાઈએ જસદણમાં ચાર્જ સંભાળતા પૂર્વ ઘેલા સોમનાથ દાદાની પુજા અર્ચના કરી આર્શિવાદ લઈ ચાર્જ સંભાળ્યો હતો. ઘેલા સોમનાથ મંદિરે પીઆઈ જે.પી.ગોસાઈનું જસદણ શહેર ગોસ્વામી યુવક મંડળના અધ્યક્ષ પ્રતાપગીરી ઓતમગીરી , મનુભાઈ શિલુ અને વિક્રમગીરીબાપુએ આવકારી સન્માન કર્યું હતુ.

# જસદણ-વિંછીયામાં ભરવાડ-રબારી સમાજને ચૂંટણીમાં યોગ્ય પ્રતિનિધિત્વ આપવા ભાજપ મોવડીઓને રજૂઆત

## જસદણ તાલુકા પ્રમુખ સહિતના નેતાઓ આગેવાનોને રૂબરૂ મળ્યા

**અબતક, હિતશ ગોસ્વામી,જસદણ**

ભરવાડ રબારી સમાજ એકતા સંગઠન સમિતિ, જસદણ-વિંછીયા દ્વારા શિક્ષણ સેવા સંગઠનના નેજા હેઠળ સમાજના હિત અને રાજકીય ભાગીદારી બાબતે એક મહત્વપૂર્ણ રજૂઆત કરવામાં આવી છે. આ અંગે ગઈકાલે રાજકોટ જિલ્લા ભાજપ કાર્યાલય 'કમલમ' ખાતે જસદણ તાલુકા પ્રમુખ કે.બી. રાઠોડે સમાજના અન્ય આગેવાનોને સાથે રાખીને જિલ્લા ભાજપ પ્રમુખ, જિલ્લા ભાજપ મહામંત્રી તેમજ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાને રૂબરૂ મળીને પત્ર પાઠવ્યો હતો. આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું હતું કે ભરવાડ અને રબારી સમાજ વર્ષોથી ભારતીય જનતા પાર્ટીના સંગઠન સાથે મજબૂતીથી જોડાયેલો છે. જસદણ વિધાનસભા વિસ્તારમાં ભરવાડ અને રબારી સમાજનું મતદાન ત્રીજા નંબરે અને વિંછીયા તાલુકામાં બીજા નંબરે હોવાથી લોકશાહીમાં સમાજનું યોગ્ય પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે.



સમાજ દ્વારા એવી વિનંતી કરવામાં આવી છે કે જસદણ અને વિંછીયા તાલુકામાંથી એક જિલ્લા પંચાયત અને પાંચ તાલુકા પંચાયતની બેઠકો પર ભરવાડ અને રબારી સમાજને ટિકિટ ફાળવવામાં આવે. આ ઉપરાંત, સંગઠનમાં પણ સમાજની અવગણના ન થાય તે હેતુથી જસદણ અને વિંછીયા તાલુકા પ્રમુખ અથવા મહામંત્રી તરીકે સમાજના અગ્રણીઓની નિમણૂક કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. જિલ્લા સંગઠનમાં પણ સમાજને એક સક્રિય સ્થાન આપવા માટે ભારપૂર્વક વિનંતી કરાઈ છે.

આ રજૂઆત સાથે સંગઠન દ્વારા સંભવિત ઉમેદવારોના નામો પણ સૂચવવામાં આવ્યા છે, જેમાં ભાડલા જિલ્લા પંચાયત માટે નરસીભાઈ મેઘાભાઈ કળોતરા અને વિવિધ તાલુકા પંચાયતો માટે ભરતભાઈ ગોવિંદભાઈ લેલા, લાલાભાઈ કરમાભાઈ ખરાણા, જસાભાઈ શામળાભાઈ આલ, જીલુભાઈ ભગત અને શૈલેષભાઈ માલધારીના નામોનો સમાવેશ થાય છે. તેમજ મહામંત્રી તરીકે વનરાજભાઈ ખીંટ અને રણછોડભાઈ રબારીના નામો સૂચવાયા છે. આ સમગ્ર રજૂઆત જસદણ તાલુકા પ્રમુખ કે.બી. રાઠોડ અને વિંછીયા તાલુકા પ્રમુખ રણછોડભાઈ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે.

# જૂનાગઢ : માલધારી સમાજને અન્યાય ન થાય તેવી ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશનની માંગ

## ધારાસભ્યને સરકારમાં રજૂઆત કરવા વિનંતી કરતુ આવેદનપત્ર પાઠવાયું



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાને ચારણ ગઢવી ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન વતી માલધારી સમાજને અન્યાય ન થાય તે માટે સરકારમાં રજૂઆત કરવા વિનંતી કરવાની સાથે એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

જૂનાગઢના ધારાસભ્ય ને આજે ભરતભાઈ મધુડા (ચારણ સમાજ અગ્રણી), પિયુષભાઈ પાંચાળિયા (પ્રમુખ, ગિરનાર કેન્દ્ર), જેન્તીભાઈ રાજૈયા, રાજેશભાઈ ગીગા, હર્ષભાઈ ભાસળિયા, આશિષ હેમુભાઈ લાંગા (ગિરનાર કેન્દ્ર) સહિતના અગ્રણીઓએ રૂબરૂ મળી, કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગીર, બરડા અને આલેચ વિસ્તારમાં વસવાટ કરતા ચારણ, રબારી અને ભરવાડ સમાજને 'અનુસૂચિત જનજાતિ' (એસ.ટી) ની યાદીમાંથી દૂર કરવા અંગે જે નિવેદનો આપવામાં આવ્યા છે, તેનો સખત વિરોધ રજૂ કરાયો હતો, અને આ સમાજને મળતા બંધારણીય હકોની સુરક્ષાની માંગ કરવા માટે આ આવેદન આપવામાં આવ્યું હતું, આ સાથે જૂનાગઢના ધારાસભ્યને વિનંતી કરવામાં આવી હતી કે, તેઓ આ બાબતે સરકારમાં યોગ્ય રજૂઆત કરે. જેથી ગીર, બરડા અને આલેચના માલધારી સમાજને અન્યાય ન થાય.

# કુખ્યાત અલ્પેશ દોંગા વિરૂદ્ધ વધુ એક ગુનો : વ્યાજે નાણાં આપી જમીન પચાવી લીધી

## રાજકોટની પરિણીતાએ માતાની સારવાર માટે અલ્પેશ દોંગા પાસેથી બે કટકે રૂ. ૨૦ લાખ વ્યાજે લીધા'તા

**અબતક, રાજકોટ**

કુખ્યાત અલ્પેશ દોંગા વિરુદ્ધ વધુ એક ગુનો નોંધાયો છે. મૂળ જેતપુર પંથકના વતની અને રાજકોટમાં રહેતા અને મની પ્લસ નામે શરાફી મંડળી ચલાવનાર અલ્પેશ દોંગા સામે અગાઉ વ્યાજે પૈસા આપી ખેડૂતોની જમીન લખાવી લીધા અંગેની અઢળક ફરિયાદો નોંધાઈ ચૂકી છે. તાજેતરમાં જ રાજકોટ શહેર અને રાજકોટ રેન્જમાં યોજાયેલા વ્યાજખોરીના લોક દરબારમાં પણ અલ્પેશ દોંગા વિરુદ્ધ રજુઆતો મળી હતી. દરમિયાન અલ્પેશ દોંગા સહિત બે શખસો સામે મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરી અંગેની વધુ એક ફરિયાદ નોંધાવવામાં આવી છે.

રાજકોટ શહેરના ન્યુ રાજદીપ સોસાયટીમાં રહેતા પરિણીતાએ માતાની સારવાર માટે અલ્પેશ દોંગા પાસેથી રૂપિયા પાંચ લાખ પાંચ ટકા વ્યાજ લીધા હતા. બાદમાં વધુ ૧૫ લાખ લેતા અલ્પેશે પરિણીતાની વડીલોપાર્જિત જમીનનો દસ્તાવેજ કરાવી લઈ જગ્યા ખાલી કરી દેવા માટે જાનથી મારી નાખવાની ધમકી આપતો હોય આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટમાં ૪૦ ફૂટ રોડ પર ખોડલ હોટલ પાછળ ન્યુ રાજદીપ સોસાયટી પાસે સગુન એલીગન્સ બ્લોક નંબર ૫૭- એ માં રહેતા ભાવનાબેન પંકજભાઈ દોંગા (ઉ.વ.૪૫) નામના પરિણીતાએ મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટમાં નાના મવા રોડ પર સગુન એલીગન્સ સત્યમ પાર્ટી લોન્સની પાછળ રહેતા અલ્પેશ ગોપાલભાઈ દોંગા અને જેતપુરમાં રહેતા રસિક આંબાભાઈ સખીયાના નામ આપ્યા છે.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે માતા વાલીબેન ઉર્ફે વીણાબેન બે પુત્રી અને પતિ સાથે રહે છે. પરિણીતાની વડીલોપાર્જિત જમીન લોધિકા તાલુકાના ધૂડિયા દોમડા ગામે સર્વે નંબર ૧૫૯ ની પાંચ એકર ૧૧ ગુઠા જમીન તેના માતા વાલીબેન ઉર્ફે વીણાબેનના સંયુક્ત નામે આવેલી છે. ફરિયાદીના માતા વાલીબેનને પેટમાં ગાંઠ હોય તેની સારવાર માટે પૈસાની જરૂરિયાત પડતા પાડોશમાં રહેતા અલ્પેશ દોંગાને વાત કરતા તેણે પાંચ લાખ પાંચ ટકા વ્યાજે આપ્યા હતા. જેનું ફરીયાદિ નિયમિત વ્યાજ ચૂકવતા હતા. ત્યારબાદ સારવાર માટે વધુ પૈસાની જરૂર પડતા સગા સંબંધીઓ પાસેથી હાથ ઉછીના પૈસા લીધા હોય જે ચૂકવવા માટે રૂપિયા ૧૫ લાખની જરૂરિયાત પડતા અલ્પેશને વાત કરતા તેણે રૂ. ૧૫ લાખ આપીશ પરંતુ તમારે તમારી જમીન ગીરો મૂકવી પડશે તેવી વાત કરી હતી. જેથી મામલતદાર કચેરી લોધિકા ખાતે ૭.૫૦ લાખના બે અલગ અલગ ચેક આપી અલ્પેશે ફરિયાદીની સર્વે નંબર ૧૭૯ ની જમીનનો દસ્તાવેજ અન્ય આરોપી રસિક સખીયાના નામે કરાવી દીધો હતો.

બાદમાં ફરિયાદી પાસે પૈસા આવતા અલ્પેશ પાસેથી અગાઉ લીધેલા રૂપિયા પાંચ લાખ ચૂકવી દીધા હતા. જેનું મહિને રૂપિયા ૨૫,૦૦૦ વ્યાજ પણ ચૂકવ્યું હતું. ત્યારબાદ લોધીકા મામલતદાર કચેરીથી નોટિસ મળી હતી જેમાં જમીનના અંગેની ફેરફાર નોંધ નમૂના નંબર છ કરવામાં આવી છે. જેમાં વાંધો તકરાર હોય તો ૩૦ દિવસમાં લેખિત રજૂઆત કરવી તેવી નોટિસ મળતા અલ્પેશને આ નોટિસ બાબતે વાત કરતા તેણે કહ્યું હતું કે, આવી નોટિસ તો મળે જમીન તમારા નામે જ છે તેમ કહી ઘરે આવી નોટિસ લઈ ગયો હતો. ત્યારબાદ ફરિયાદીએ ગીરો મુકેલી જમીનના કાગળો પરત આપવાનું કહેતા અલ્પેશે કહ્યું હતું કે, આ જમીનનો દસ્તાવેજ અમે કરાવી લીધો છે તમારી જમીન તમારા નામે કરવી હોય તો ૧.૫ કરોડ ચૂકવવા પડશે નહીંતર ૧.૫ કરોડ રૂપિયાનું વ્યાજ ચાલુ થઈ જશે વ્યાજ નહીં ભરો તો જમીન અમે વેચી નાખીશું તેવી ધમકી આપી હતી. ત્યારબાદ ફરિયાદીએ રેવન્યુ રેકોર્ડમાં તપાસ કરતા તેમની જમીનનું દસ્તાવેજ તારીખ ૧/૭/૨૦૨૩ ના રસીક આંબાભાઈ સખીયાના નામે હોવાનું જાણવા મળ્યું હતું હાલ દસ્તાવેજ નીતાબેન બુહા નામે છે.

ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે અલ્પેશ દોંગાને ૨૦૨૪ સુધી મહિનાના રૂપિયા ૭૫,૦૦૦ લેખે વ્યાજ ચૂકવ્યું હતું. ત્યારબાદ તેણે ફરિયાદીની જમીનનો રસીક સખીયાના નામે દસ્તાવેજ કરાવી દીધો હતો અને આ અલ્પેશ તથા રસિક ફરિયાદીના ખેતરે આવી જગ્યા ખાલી કરી જતા રહેજો નહીંતર અમારી પાસે ઘણા માણસો છે તમને તથા તમારા પરિવારના સભ્યોને ગમે ત્યારે ઉપાડી લેશે, જીવતા નહિ રહેવા દઈએ જમીન હવે ભૂલી જજો તેમ કહી ધમકી આપતા હતા. આમ ફરિયાદી અલ્પેશને રૂપિયા ૧૫ લાખથી ચૂકવી દીધા હોવા છતાં જમીનનો દસ્તાવેજ કરાવી લઈ ધમકી આપતો હોય પરિણીતાએ બંને આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા મેટોડા પોલીસે ધમકી મની લેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.

**પરિણીતાએ રકમ ચૂકવી દીધી છતાં અલ્પેશે તેની ટેવ પ્રમાણે જમીનનો બારોબાર દસ્તાવેજ કરાવી ખાલી કરી નાખવા ધમકી આપી**

# થોરાળાના આધેડને ખૂનની ધમકી આપી ઉપલેટાના સાઢુએ રૂ. ૩.૫૦ લાખના ઘરેણાં પડાવી લીધા

**પ્રસંગમાં ગયેલા સાઢુને પૈસાની જરૂરિયાત હોવાનું જણાવી, ડરાવી-ધમકાવી પત્નીના પાટલા ઉતરાવી લીધા**

**દાગીના પરત આપવાનું કહેતા તારાથી થાય તેં કરી લેજે, હું ઘરેણાં પરત નહિ આપું કહી હાથ ઉંચા કરી દેતાં ગુનો નોંધાયો**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના થોરાળા વિસ્તારમાં રહેતા ૪૯ વર્ષીય પ્રૌઢને ખૂનની ધમકી આપી ઉપલેટાના સાઢુએ રૂ. ૩.૫૦ લાખના ઘરેણાં પડાવી લીધા હતા. બાદમાં આધેડએ દાગીના પરત આપતાં તારાથી થાય તેં કરી લેજે, હું ઘરેણાં પરત આપવાનો નથી કહી હાથ ઉંચા કરી દેતાં આધેડએ ઉપલેટા પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બનાવ મામલે રાજકોટ શહેરના ન્યુ થોરાળા વિસ્તારમાં રામનગર સોસાયટી શેરી નં.-૨ માં રહેતા ૪૯ વર્ષીય આધેડ જુસબભાઈ આમદભાઈ ઘુઘાએ આરોપી તરીકે ઉપલેટાના સ્મશાન રોડ પે રહેતા દિલાવર ઓસમાણભાઈ હિંગોરાનું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ-ભાવનગર રોડ ઉપર જે.ડી. રેસ્ટોરન્ટ ધરાવી વેપાર કરે છે.

પ્રૌઢએ ફરિયાદમાં જણાવતા કહ્યું હતું કે,

મારા સાઢુભાઈ દીલાવરભાઈ ઓસમાણભાઈ હીંગોરા ઉપલેટા ખાતે રહે છે. હુ પ્રસંગોપાત ઉપલેટા ખાતે આવતો જતો હોવ છે. આશરે સાત વર્ષ પહેલા (આશરે તા.૧૨/૦૪/૨૦૧૯) ઉપલેટા ખાતે મારા સાઢુભાઈ દીલાવરભાઈને ત્યા ન્યાજનો પ્રસંગ હોય હુ તથા મારી પત્નિ ઉપલેટા ગયેલ હતા. ત્યારે બપોરના આશરે એકાદ વાગ્યે દીલાવર ભાઈએ મને પોતાના ઘરે એક અલગ રૂમમા બોલાવી કહેલ કે, મારે હાલ પૈસાની જરૂર છે, તુ મને પૈસા આપ. જેથી મે તેમને કહેલ કે મારી પાસે હાલ પૈસા નથી. જે બાદ દીલાવરભાઈએ ઉશ્કેરાઈ મને કહેલ કે તારે મને પૈસા આપવા જ પડશે નહિતર તને ઉપલેટાથી સાજો જવા દઈશ નહી. હુ અને દીલાવરભાઈ વાતચીત કરતા હતા દરમિયાન મારા પત્નિ શબાનાબહેન ત્યા આવેલ હતા. પત્ની દીલાવરભાઈને સમજાવતા હતા કે અમારી પાસે પૈસા નથી. તો દીલાવરભાઈ મારા પત્નિના હાથમા સોનાના પાટલા જોઈ ગયેલ અને મને કહેલ કે તારી પાસે પૈસા ન હોય તો મને આ સોનાના પાટલા આપી દે, જેથી મે તેમને સોનાના પાટલા આપવાની ના પાડતા દિલાવરભાઈ મને ગાળો આપવા લાગેલ હતા. તેણે મને કહેલ કે, આ મારુ ગામ છે અને તુ મને સોનુ નહિ આપે તો હુ તારા હાથ - પગ ભાંગી નાખીશ અને તને જાનથી મારી નાખીશ. જેથી મે ડરીને મારી પત્નિ પાસેથી સોનાના બે પાટલા જેનો વજન આશરે છ તોલા જેની કિંમત આશરે રૂ.૩.૫૦ લાખ મેળવી દિલાવરભાઈને આપી દીધેલ હતા. બાદ હું તથા મારા પત્નિ બન્ને રાજકોટ ખાતે જતા રહેલ હતા.

ત્યારબાદ આ ઘટનાની સબંધીઓને જાણ થતાં સંબંધીઓએ જણાવેલ કે, આપણે બધા સગા છીએ અને અમે દીલાવરભાઈને સમજાવીશુ, તમે કોઈ પોલીસ ફરીયાદ કરતા નહી. જેથી મે પોલીસ ફરીયાદ કરેલ ન હતી. છેલ્લા એકાદ વર્ષથી હુ દીલાવરભાઈને અવારનવાર ફોન કરીને મારુ સોનુ પરત આપવા માટે કહેતો હતો તો આ દીલાવરભાઈ મને કહેતા કે હુ તમને સોનુ આપી દઈશ. આશરે સાત દિવસ પહેલા હુ ઉપલેટા ખાતે દીલાવરભાઈને ઘરે જઈ મારુ સોનુ પરત આપવા માટે કહેતા દિલાવરભાઈએ મને કહેલ કે, તારાથી થાય તે કરી લે હુ તને કંઈ આપવાનો નથી. જેથી બળજબરીપૂર્વક દાગીના પડાવી લઈ પરત નહિ આપનાર સાઢુ વિરુદ્ધ પ્રૌઢએ ફરિયાદ આપતાં ઉપલેટા પોલિસેં આઈપીસીની કલમ ૩૮૭,૫૦૪,૫૦૬ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# લીંબડી નજીક ટ્રકમાંથી રૂા.૩૭.૫૮ લાખના શરાબ સાથે રાજસ્થાની ઝડપાયો

## પાણશીણા પોલીસે દરોડો પાડી ૪૯૫૬ બોટલ દારૂ મળી રૂા.૪૭.૬૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર થી મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ સહિતના બનાવો વધી રહ્યા છે. ત્યારે બગોદરા-લીંબડી નેશનલ હાઈવે પર થી પાણશીણા પોલીસે ઈંગ્લીશ દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ અંગે પોલીસ સુત્રો પાસે થી મળતી માહિતી મુજબ પાણશીણા પોલીસ ટીમ દ્વારા અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે પર પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન હાઈવે પર દેવપરા ગામના પાટિયા પાસે આવેલ હોટલ રાજખોડલ કૃપા હોટલ પાસેથી શંકાસ્પદ હાલતમાં ટ્રકમાંથી ઈંગ્લિશ



દારૂની નાની મોટી બોટલો ૪૯૫૬ કિંમત રૂ.૩૭.૫૮ લાખ, ટ્રક કિંમત રૂ.૧૦ લાખ, મોબાઈલ સહિત ફુલ રૂ.૪૭.૬૩ લાખના મુદ્દામાલ સાથે ટ્રક ચાલક બાબુસિંગ વસ્તુસિંગ રાજપૂત રહે.રાજસ્થાન વાળાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ ઝડપાયેલ ટ્રક ચાલક અને હાજર મળી નહિ આવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર, મોકલનાર સામે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડિયામાં ગૃહકલેશની કંટાળી પરિણીતાનો આપઘાત

## કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરનાર મહિલાએ સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના વડિયા ગામે સંતાનોની બાબતમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા ૩૦ વર્ષીય પરિણીતાએ આવેશમાં આવી પોતાના શરીર પર કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જેને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ લાવતા તેમનું મોત નીપજ્યું છે. પ્રાપ્ત વિગતો મુજબ, વડિયામાં રહેતા મિલનબેન રવિભાઈ રાવરાણી (ઉં.વ. ૩૦) ગત ૨૬ માર્ચના રોજ સવારે ૯:૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હતા. આ સમયે સંતાનોના પ્રશ્ને પતિ રવિભાઈ સાથે તેઓને બોલાચાલી થઈ હતી. ઘરકંકાસ અને પતિ સાથેના ઝઘડાથી માનસિક રીતે કંટાળી ગયેલા મિલનબેને ઘરમાં રહેલું કેરોસીન પોતાના શરીર પર છાંટી દીવાસળી ચાંપી દીધી હતી. ઘટનાને પગલે ગંભીર રીતે દાઝી ગયેલા મિલનબેનને તાત્કાલિક સારવાર અર્થે અમરેલી ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની હાલત અત્યંત નાજુક હોવાથી વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક મિલનબેનના પતિ રવિભાઈ દરજીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મૃતકને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે, માતાની છત્રછાયા ગુમાવી છે. આ બનાવને પગલે રાવરાણી પરિવાર સહિત વડિયા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલમાં સ્થાનિક પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# જેતપુર નજીક અકસ્માતમાં ઘવાયેલા વૃદ્ધે સારવારમાં દમ તોડ્યો

**ટ્રેક્ટરના પાર્ટ્સ લેવા નીકળેલા બાબુભાઈનું બાઈક સ્લીપ થયું કે અજાણ્યા વાહને ઠોકર મારી? તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી**

**અબતક રાજકોટ**

જેતપુર-જૂનાગઢ રોડ પર જલારામ મંદિર પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા નવાગઢના વૃદ્ધનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અકસ્માત અજાણ્યા વાહનની ટક્કરે થયો કે મોટરસાયકલ સ્લીપ થવાને કારણે, તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.પ્રાપ્ત વિગતો મુજબ, જેતપુર તાલુકાના નવાગઢ ગામમાં રહેતા બાબુભાઈ કડવાભાઈ સાવલિયા (ઉં.વ. ૭૩) ગત ૧૦ માર્ચના રોજ પોતાની મોટરસાયકલ લઈને જેતપુરથી જૂનાગઢ તરફ જઈ રહ્યા હતા. તેઓ ટ્રેક્ટરનો સામાન લેવા માટે નીકળ્યા હતા, ત્યારે જેતપુર-જૂનાગઢ રોડ પર આવેલા જલારામ મંદિર અને માર્કેટિંગ યાર્ડ પાસે તેમનું બાઈક સ્લીપ થઈ ગયું હતું અથવા કોઈ અજાણ્યા ફોરવીલ ચાલકે તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બાબુભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, બાબુભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૃતક બાબુભાઈ નિવૃત્ત જીવન જીવતા હતા. તેમના મોતને પગલે બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી છે અને પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.આ બનાવ અંગે પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે. હાલમાં અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. કોઈ ફોરવીલ ચાલકે ટક્કર મારી છે કે પછી મોટરસાયકલ સ્લીપ થવાને કારણે આ અકસ્માત સર્જાયો છે, તે દિશામાં પોલીસે વધુ તપાસ તેજ કરી છે.

# મોરબીના શકત સનાળામાં ફ્રિજનું પાણી પીધા બાદ પટકાયેલા શ્રમિકનું મોત

## ગંભીર ઈજા થતા સારવાર દરમિયાન પ્રૌઢએ દમ તોડ્યો

**અબતક રાજકોટ**

મોરબીના શકત સનાળા ગામમાં આવેલ એક કારખાનામાં મજૂરી કામ કરતા પ્રૌઢનું અકસ્માતે પડી જવાથી મોત નીપજ્યું છે. ફ્રિજમાંથી પાણી પીધા બાદ અચાનક ચક્કર આવતા પટકાયેલા પ્રૌઢને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમણે દમ તોડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ મોરબીના શકત સનાળા ગામમાં આવેલ 'શ્રી નીલકંઠ પ્રિન્ટ પેક' નામના કારખાનામાં રહીને મજૂરી કામ કરતા ચંદન રામપ્રસાદ વાસકાર (ઉં.વ. ૪૦) ફ્રિજમાંથી ઠંડું પાણી કાઢીને પીધું હતું,

જે બાદ તેમને અચાનક ચક્કર આવ્યા હતા. ચક્કર આવવાને કારણે તેઓ સંતુલન ગુમાવી નીચે પટકાયા હતા, જેમાં તેમને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત હાલતમાં તેમને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક ચંદનભાઈ મજૂરી કામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. મૃતકને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ગોંડલના બંધિયામાં રજૂઆત કરવા ગયેલી મહિલાને તલાટીએ ધક્કો માર્યાનો આક્ષેપ

## તલાટીએ પણ મહિલાના પતિ સામે ફરજ રૂકાવટ અને હુમલાની નોંધાવી ફરિયાદ

**અબતક રાજકોટ**

ગોંડલના બંધિયા ગામે તલાટી મંત્રીએ ધક્કો મારી પછાડી દેતા મહિલાને માથામાં મૂંઢ ઈજા થતા ચકચાર મચી જવા પામી છે. ૨ વર્ષ થઈ ગયા, શૌચાલયની સહાય હજુ કેમ ન આવી? તેમ પૂછવા ગયેલા મહિલાને તલાટીએ ધક્કો મારી પાડી દીધાનો આક્ષેપ કરવાના આવ્યો છે. ગૌરીબેન રાઠોડને માથામાં મૂંઢ ઈજા થતા સારવાર અર્થે તાત્કાલિક રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલ તાલુકાના બંધિયા ગામમાં રહેતા ગૌરીબેન કિશોરભાઈ રાઠોડ (ઉં ૪૦)ગઈ તા.૧ એપ્રિલના રોજ બપોરે ૧ વાગ્યા આસપાસ બંધિયા ગામે પંચાયત ઓફિસે હતા ત્યારે તલાટી મંત્રીએ ધક્કો મારતા માથે શરીરે ઈજા થતાં રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ગૌરીબેને જણાવ્યું કે, તેમના પતિ કિશોરભાઈ અમરશીભાઈ રાઠોડ ખેતી કામ કરે છે. ગામડે આવેલા તેમના ઘરે શૌચાલય બનાવવા ૨ વર્ષ પહેલા સરકારી યોજના અંતર્ગત પંચાયત ઓફિસમાં અરજી કરી હતી. જોકે ૨ વર્ષ બાદ પણ સહાય ન મળતા પતિ કિશોરભાઈ તલાટી મંત્રી પાસે ગયા હતા અને ૨ વર્ષ થઈ ગયા, શૌચાલયની સહાય હજુ કેમ ન આવી તે અંગે પૂછતાં તલાટી મંત્રી સાથે બોલાચાલી થઈ હતી. જેની જાણ ગૌરીબેનને થતા તેઓ દોડીને પંચાયત ઓફિસ પહોંચ્યા હતા પણ કિશોરભાઈ ત્યાં નહોતા. જેથી તલાટી મંત્રીને બનાવ અંગે પૂછતાં તલાટી મંત્રીએ હડધુત કરી ગૌરીબેનને ધક્કો મારી દેતા ગૌરીબેન જમીન પર પડી ગયા હતા માથે અને શરીરે મૂંઢ ઈજા થઈ હતી. પોલીસે તેમનું નિવેદન લેવા તજવીજ કરી હતી. આ પહેલા ગઈકાલે જ તલાટી મંત્રીએ ગોંડલ તાલુકા પોલીસ મથકે કિશોરભાઈ સામે ફરજ રુકાવટ અને ખૂનની ધમકી આપી પથ્થરના ઘા કર્યાંના આક્ષેપ વાળી ફરિયાદ નોંધાવી હતી. બંને પક્ષે થયેલા આક્ષેપમાં કેટલી હકીકત છે તે જાણવા પોલીસ તપાસ કરી રહીં છે.

# ઉપલેટાના પડવલા ગામે યુવાનની હત્યાની કોશિશ કરનાર સગીર સહિત પાંચ ઝબ્બે

## જૂની અદાવતમાં થાર કાર ચડાવી ધોકા-પાઈપ વડે તૂટી પડ્યા'તા : ઘટનાના ઘેરા પડ્યા'તા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના પડવલા ગામે યુવાન પર થાર કાર ચડાવી હત્યાની કોશિશ કરનાર પાંચ શખ્સોને રાજકોટ રૂરલ એલસીબી ટીમે ઝડપી લીધા છે. જૂની અદાવતમાં યુવાન પર ધોકા-પાઈપ વડે તૂટી પડનાર છ શખ્સોની ટોળકી પૈકી પાંચ શખ્સોને દબોચી લઈ રૂ. ૧૨.૬૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. જયારે મુખ્ય સૂત્રધારની શોધખોળ યથાવત રાખવામાં આવી છે.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો દિપેન વિનોદભાઈ માકડિયા (ઉ.વ.૪૪, રહે.માકડિયા શેરી, પડવલા, ભાયાવદર)એ ભાયાવદર પોલિસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, તે ગત તા.૩૦-૦૩-૨૦૨૬ ના રોજ સાંજે ઘરેથી જમીને ગામમાં રહેતા ખેડૂત પાસે ટ્રેક્ટરની મજૂરી લઈ ઘર તરફ આવી રહ્યો હતો. ત્યારે પાછળથી થાર ગાડીમાં અલીમામદ તૈયબ શેઠા (રહે.પડવલા) તથા તેનો પુત્ર નોમન અલીમામદ શેઠા (રહે.પડવલા) તેમજ ત્રણ અજાણ્યા



શખસોએ મોટર સાયકલ ઉપરથી પછાડી બન્ને પગ ઉપર થાર ગાડીના વીલ ચડાવી કહેલ કે, તું અગાઉ ફાયરિંગમાં બચી ગયો હતો, આજે તને પુરો કરી નાખવો છે તેમ કહી પાઈપ, ધોકા, બેટબોલના ધોકા વડે માર માર્યો હતો. દરમિયાન રાડારાડીનો અવાજ સાંભળી આસપાસમાં રહેતા લોકો દોડી આવતા હુમલાખોરો થાર કાર લઈને નાસી ગયા હતા જે મામલે ભાયાવદર પોલીસે ફરિયાદી દિપેન વિનોદરાય માકડિયાની ફરિયાદ લઈ આરોપી અલી મામદ તૈયબ શેઠા ઉર્ફે ખટપટીયો તેના પુત્ર નોમન અલી મામદ શેઠા (રહે.બન્ને પડવલા) સહિતના વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી. બીજી બાજુ ઘટનાના ઘેરા પડઘા પડ્યા હતા. ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા સહિતનાએ તાત્કાલિક આરોપીઓને પકડી પાડવા એએસપી સિમરન ભારદ્વાજને ઉગ્ર રજુઆત કરી હતી.

હત્યાની કોશિશના ગુનામાં આરોપીઓને તાત્કાલિક પકડી પાડવાની જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સુચનાને પગલે રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમો સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન એલસીબી પીઆઈ વી વી ઓડેદરાની ટીમને મળેલી બાતમીના આધારે નોમાન ઉર્ફે ધારાગઢી અલીમામદ શેઠા (ઉવ ૨૨), શાહરુખ ઉર્ફે મસ્તાનબોદુભાઈ નોયડા (ઉવ ૨૦ બંને રહે. પડવલા ગામ, ઉપલેટા, રાજકોટ), અલ્તાફ ઉર્ફે અફલો ગુલમામદભાઈ જેડા (ઉવ ૨૪ રહે. ઉપલેટા બસ સ્ટેશન પાછળ, મિયાણા પ્લોટ), અયાન ઉર્ફે સર્વિસ મુસ્તાકભાઈ ગણોદવાળા (ઉવ ૧૯ રહે.સ્મશાન રોડ,ઉપલેટા) અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ઝડપી લઈ રોકડ રૂપિયા, સ્કોર્પિયો કાર જેના નંબર જીજે-૦૩-પીએ-૯૨૯૨ અને ત્રણ મોબાઈલ મળી કુલ રૂ.૧૨,૬૯,૮૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, નોમાન અને શાહરુખ વિરુદ્ધ અગાઉ એક, અલ્તાફ વિરુદ્ધ હુમલા અને દારૂ સહિતના નવ ગુના નોંધાઈ ચુક્યાનું પોલિસની તપાસમાં સામે આવ્યું છે.

**રૂરલ એલસીબી ટીમની કાર્યવાહી : રૂ. ૧૨.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત, મુખ્ય સૂત્રધાર હજુ પણ ફરાર**

# નાસિકમાં કાર કૂવામાં ખાબકતાં એક જ પરિવારના ૯ લોકોના મોત

## દરગુડે પરિવાર કાર્યક્રમમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યો, કાર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા ઘટના બની

**અબતક, રાજકોટ**

મહારાષ્ટ્રના નાસિકમાં એક અત્યંત દર્દનાક અકસ્માતમાં ૯ લોકોના મોત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ નાસિકના દિંડોરી તાલુકામાં એક કાર કૂવામાં ખાબકી હતી, જેના કારણે ૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. તમામ મૃતકો દરગોડે પરિવારના સભ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના મોડી રાત્રે અંદાજે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી.

અકસ્માતનો ભોગ બનેલા લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. મૃતકોના નામ રેશ્મા સુનીલ દરગુડે (૨૭), આશા અનિલ દરગુડે (૩૨), ખુશી/સૃષ્ટિ અનિલ દરગુડે (૧૪), શ્રેયસ અનિલ દરગુડે (૧૧), રાખી/ગુણવંતી સુનીલ દરગુડે, શ્રાવણી અનિલ દરગુડે (૧૧), સમૃદ્ધિ રાજેન્દ્ર દરગુડે (૭), માધુરી અનિલ દરગુડે (૧૩) અને સુનીલ દત્તુ દરગુડે (૩૨) છે. તમામ મૃતકો ઈન્દોર, તાલુકો દિંડોરી, જિલ્લો નાસિકના રહેવાસી હતા. સ્થાનિક નાગરિકોની મદદથી વાહન અને તમામ મૃતદેહોને કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને દિંડોરીની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહત્વનું છે કે દરગુડે પરિવાર એક કાર્યક્રમમાં હાજરી આપીને ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે અચાનક કાર ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી કૂવામાં ખાબકી હતી. એક જ પરિવારના આટલા બધા સભ્યોના મોતથી ગામ અને આસપાસના વિસ્તારોમાં શોકની લહેર દોડી ગઈ છે. આ ભીષણ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાં છ બાળકો સામેલ છે, જેમાં એક સાત વર્ષની બાળકી પણ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત સુનીલ દરગુડે, તેમની પત્ની અને તેમની પુત્રીનું પણ આ અકસ્માતમાં મોત થયું છે.

# જામનગર : અંબર ચોકડી પાસે ચોર સમજીને પ્રૌઢની હત્યા કરનાર બેની ધરપકડ

## ચાર શખ્સોએ ગોડાઉનમાં બાંધી ઢોરમાર મારતા આધેડનું મૃત્યુ નિપજ્યું તુ

**અબતક, જામનગર**

જામનગર શહેરના અંબર ચોકડી નજીક બે દિવસ પહેલાં બનેલા એક પ્રૌઢની હત્યાના બનાવમાં સિટી બી. ડિવિઝન પોલીસે ચાર આરોપીઓની ઓળખ કરી લીધી છે, જે પૈકી બે આરોપીઓ પોલીસના હાથમાં આવી ગયા હતા, બંન્નેની જેલ હવાલે કરાયા છે, જ્યારે અન્ય બે આરોપીઓની શોધખોળ ચલાવાઈ રહી છે.જામનગરના લીમડાલાઈન વિસ્તારમાં પ્રૌઢ ને ચોરીના આરોપસર ગોડાઉનમાં બાંધી રાખીને રાતભર મારકૂટ કરાઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો, અને મારકુટ બાદ તેનું મૃત્યુ નીપજયું હતું. અંબર ચોકડી નજીક ઝુંપડપટ્ટીમાં રહેતા રાજુભાઈ રામદેવભાઈ કોષ્ટી (ઉંમર ૫૫) તથા તેમના સાથે રહેલા સંજયભાઈ માર મારવામાં આવ્યો હતો જે પૈકી રાજુભાઈ રામદેવભાઈ નું મૃત્યુ નિપજતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો. જે મામલે પોલીસે ૪અજાણ્ય શખ્સો સામે હત્યા અપહરણ સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાં સાગર ડાયાલાલ નકુમ, ઋષિ ચૌહાણ, પુનિત રાઠોડ અને હેમતસિંહ ગોહિલ સામે ગુનો નોંધ્યો હતો જે પૈકી પોલીસે ઋષિ ચૌહાણ અને હેમતસિંહ ગોહિલ ને ઝડપી લીધા હતા. અને અદાલત સમક્ષ રજૂ કરતા અદાલતે બંનેને જેલમાં મોકલી દેવા હુકમ કર્યો છે.

# જામનગર : ચેક પરત ફરવાના કેસમાં વેપારીને એક વર્ષની સજા

## પિતળના ભંગારની ખરીદીની ચુકવણી પેટે આપેલો રૂ. ૪.૨૩ લાખનો ચેક પરત ફર્યો'તો

**અબતક, જામનગર**

જામનગર માં ઉદ્યોગ નગર માં પેઢી ચલાવતા એક આસામી એ રૂ.૪,૨૩, ૬૫૭ નો પિત્તળનો ભંગાર ખરીદી તેની ચૂકવણી માટે આપેલો ચેક પરત ફર્યાની અદાલતમાં ફરિયાદ થઈ હતી. તે કેસ ચાલી જતા અદાલતે આરોપી વેપારીને એક વર્ષની કેદની સજા ફટકારી ચેકની રકમ વળતર પેટે ચૂકવી આપવાનો આદેશ કર્યો છે.

જામનગરમાં વિવેક મેટલ કોર્પોરેશન નામની પેઢી ચલાવતા પ્રકાશભાઈ કાંતિલાલ નંદા પાસે થી ઉદ્યોગનગરમાં આશુતોષ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ચલાવતા તેજીન્દરસિંઘ પ્રિતપાલસિંઘ બજાજે રૂ.૪,૨૩,૬૫૭ ની કિંમતના પિત્તળના ભંગારની ખરીદી કરી હતી.

તેની રકમ ચૂકવવા માટે તેજીન્દરસિંઘે ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી અપૂરતા નાણા ભંડોળના શેરા સાથે પરત ફરતા પ્રકાશભાઈએ અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતા અદાલતે આરોપી તેજીન્દરસિંઘ પ્રિતપાલસિંઘ બજાજ ને તકસીરવાન ઠરાવી એક વર્ષની કેદ તથા ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવી આપવા આદેશ કર્યો છે. રકમ ચૂકવવામાં ન આવે તો વધુ ચાર મહિનાની કેદની સજા ફટકારાઈ છે.

ફરિયાદી તરફથી વકીલ નિખીલ બુદ્ધભટ્ટી, પાર્થ સામાણી, સમર્થ વેકરીયા રોકાયા હતા.

## (પહેલા પાનાનું ચાલું)

### કલ્પસર...

બનાવવામાં આવશે.આ બંધની ઉપર ૧૬ લેનનો હાઈવે બનાવવાનું આયોજન છે, જે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચેના મુસાફરીના સમયમાં ધરખમ ઘટાડો કરશે. ગુજરાતમાં ૨૦૪૭ સુધીમાં પાણીની ગંભીર અછત સર્જાવાની ભીતિ છે. કલ્પસર દ્વારા નર્મદા, સાબરમતી અને મહી જેવી નદીઓનું સમુદ્રમાં વહી જતું ૩૦,૦૦૦ લાખ ક્યુબિક મીટર પાણી સંગ્રહિત કરી શકાશે.

સરકારના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટનો ઉચ્છઅંતિમ તબક્કામાં છે. અત્યાર સુધીમાં ૫૧ જેટલા વિવિધ પાસાઓના અભ્યાસ પૂર્ણ થયા છે અને બાકીના અભ્યાસો જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.આ મેગા પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.૧.૫૭ લાખ કરોડ આંકવામાં આવ્યો છે.ડીપીઆર મંજૂર થયા બાદ અને કામ શરૂ થયા પછી આ પ્રોજેક્ટ પૂર્ણ થતા અંદાજે ૮ વર્ષ જેટલો સમય લાગી શકે છે.

ખંભાતનો અખાત તેની પ્રચંડ ભરતી અને કુદરતી પ્રવાહો માટે જાણીતો છે. દુનિયામાં નેધરલેન્ડ એક એવો દેશ છે જેણે દરિયાને પાછો ધકેલીને જમીન મેળવવામાં અને દરિયામાં સફળતાપૂર્વક બંધ બાંધવામાં સફળતા મેળવી છે. આથી જ ગુજરાત સરકાર આ પ્રોજેક્ટમાં કોઈ ભૂલ ન રહી જાય તે માટે ડચ ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય અનુભવનો મહત્તમ ઉપયોગ કરવા માંગે છે.

કલ્પસર પ્રોજેક્ટથી માત્ર ખેતી અને પીવાના પાણીની સમસ્યા જ નહીં ઉકેલાય, પરંતુ તેને કારણે દરિયાઈ ખારાશ આગળ વધતી અટકશે અને સૌરાષ્ટ્રના લાખો હેક્ટર જમીનમાં ભૂગર્ભ જળના સ્તર પણ ઊંચા આવશે.

### ટોલ...

નેશનલ હાઈવે નેટવર્ક પર મલ્ટી-લેન ફ્રી ફ્લો અથવા સિગ્નલ-ફ્રી ટોલિંગ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. ત્યારે મુસાફરો આ નવી સિસ્ટમ ઝડપથી અપનાવે તે જરૂરી છે. માન્ય ફાસ્ટેગ વિનાના વાહનોને હવે અનપેઈડ ટોલની સીધી ઈ-નોટિસ મળશે, જેથી ભવિષ્યમાં રોકડ વ્યવહાર સંપૂર્ણપણે બંધ થઈ જશે.

### જન વિશ્વાસ બિલ...

એક્ટ, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ્સ (નોંધણી અને નિયમન) એક્ટ અને નેશનલ કમિશન ફોર એલાઈડ એન્ડ હેલ્થકેર પ્રોફેશનલ્સ એક્ટની જોગવાઈઓમાં સુધારો કરે છે જેથી પ્રક્રિયાગત ભૂલો માટે જેલ દૂર થાય. હોસ્પિટલો અને ક્લિનિક્સ માટે, ગ્રેડેડ દંડ હશે, જે વારંવાર ઉલ્લંઘનો માટે વધશે. જાહેર આરોગ્ય સુરક્ષાને ધ્યાનમાં રાખીને, બિલ ગંભીર ગુનાઓ માટે જેલની સજાને અકબંધ રાખવા માંગે છે, જેમ કે ખાદ્ય સુરક્ષા અધિકારીઓને અવરોધવા અથવા જપ્ત કરેલા ઉત્પાદનો સાથે ચેડા કરવા.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### પક્ષના નામે જ મતદાન...

રોકડા ૧૪ દિવસ જ મળશે. સ્થાનીક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં પ્રચારનું ખૂબજ મોટુ મહત્વ રહેતું હોય છે. કારણ કે, આ ચૂંટણીમાં મતદાન સ્થાનીક મૂદાઓને ધ્યાનમાં રાખી થતું હોય છે. ઉમેદવાર કે રાજકીય પક્ષોએ વોર્ડમાં બેથી ત્રણ વાર ડોર ટુ ડોર લોક સંપર્ક કરી પ્રચાર કરવો. પડે છે રોડ -શો, ચૂંટણી સભા, વોર્ડ કે વિસ્તારમાં સૌથી વધુ વસ્તી ધરાવતા સમાજના વિશાળ સંમેલનો યોજવા પડે છે. વસતી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી ન હોય વોર્ડના સિમાંકન યથાવત રહ્યા છે. વોર્ડ કે બેઠકોનો વિસ્તાર પણ મોટો છે. આવામાં ફોર્મ ભર્યાની બીજી જ મીનીટથી ઉમેદવારોએ રાત કે દિવસ જોયા વિના જોર શોરથી ચૂંટણીમાં લાગી જવું પડશે. ૧૪ દિવસનો સમય પ્રચાર માટે ખૂબજ ઓછો પડે છે. આવામાં જે વોર્ડ, વિસ્તાર કે બેઠક પર ઉમેદવાર, કે પક્ષની સ્થિતિ વધુ મજબૂત હોય ત્યાં એકાદ વખત લોક સંપર્ક કરવામાં આવશે નબળા વિસ્તારો પર વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. ચૂંટણી પંચના નિયમો અનુસાર મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક અગાઉ પ્રચાર પ્રસાર પૂર્ણ કરી દેવો પડે છે. ૨૬મી એપ્રીલના રોજ મતદાન થવાનું હોય ૨૪મી એપ્રીલે સાંજે પ્રચાર બંધ કરી દેવાનો રહેશે આવામાં પ્રચાર માટે માત્ર ૧૪ દિવસ જ મળશે.

આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની બે યાદી જાહેર કરી દેવામાં આવી છે. રાજયના બે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસ દ્વારા હજી સુધી ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા નથી. આવતા સપ્તાહે બંને પક્ષો દ્વારા ઉમેદવારોના નામો જાહેર કરાયા બાદ ચૂંટણીનો માહોલ પકડાશે એકવાત ફાઈનલ છે કે મતદારો સુધી પહોચવા અને પોતાની વાત મૂકવા માટે રાજકીય પક્ષો કે ઉમેદવારો એ રાત દિવસ જોયા વિના પ્રચાર કરવા પડશે.

વોર્ડમાં સમાજના આગેવાનો સાથે બેઠક યોજી મોટા સમુદાયને પોતાની તરફ એકર્લીન કરવાના પ્રયાસો કરવા પડશે. હાલ પરીક્ષાની સિઝન પણ માથે છે. ત્યારે ચૂંટણી પ્રચાર પ્રસારના દેકારા વિદ્યાર્થીઓની એકાગ્રતા ભંગ કરશે.

ઉમેદવારોને મતદારો ઓળખે તે પહેલા જ મતદાનની તારીખ આવી જશે એટલે સંપૂર્ણપણે મતદાન રાજકીય પક્ષોના નામે થાય તેવી શક્યતા હાલ દેખાય રહી છે. છેલ્લા ઘણા સમયથી ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીનો લાંબો કાર્યક્રમ જાહેર કરવાના બદલે એક મહિનાથી લઈ દોઢ મહિના સુધીમાં સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ જાય તે રીતનો કાર્યક્રમ જાહેર કરવામાં આવે છે. આ પ્રક્રિયા ખૂબ જ સારી છે કારણકે આચારસંહિતા અમલમાં હોવાના કારણે વિકાસ કામો પર વિપરીત અસર પડે છે.બીજી તરફ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ ચૂંટણી ફરજમાં રોકાયેલા હોવાના કારણે લોકોના કામ કરી શકતા નથી જેના કારણે ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણી પ્રક્રિયા માત્ર ૨૯ દિવસમાં પૂર્ણ થઈ જશે જેના કારણે લોકોએ ચૂંટણીના કારણે વધુ હાલાકી ભોગવી પડશે નહીં. પરંતુ બીજી તરફ ચૂંટણી લડતા ઉમેદવારોને પ્રચાર માટે પૂરતો સમય મળશે નહીં.રાષ્ટ્રીય પક્ષોને કોઈ વાંધો નહીં આવે કારણ કે તેઓના કમિટેડ વોટરો ઉમેદવાર નહીં પરંતુ પક્ષના સિમ્બોલને આધારે મતદાન કરતા હોય છે.

### ચૂંટણીપંચ સામે સવાલ...

થયેલા વિકાસ કાર્યોમાં તેમના નામો અને ઓળખ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી રહી છે. શહેરો અને તાલુકાઓની જાહેર દીવાલો પર શાસક પક્ષના ચિહ્નો સાથે પેઈન્ટિંગ્સ જોવા મળે છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગોની અધિકૃત વેબસાઈટ પર વડાપ્રધાન, મુખ્યમંત્રી અને મંત્રીઓના ફોટા યથાવત પ્રદર્શિત થઈ રહ્યા છે. સરકારી કંપનીઓના પેટ્રોલ પંપ પર રાજકીય નેતાઓના ફોટાવાળા હોર્ડિંગ્સ અને બેનરો યથાવત છે. ખાનગી હોસ્પિટલો ખાતે આયુષ્યમાન યોજના સંબંધિત બોર્ડમાં વડાપ્રધાનનો ફોટો પ્રદર્શિત થઈ રહ્યો છે. વિવિધ સરકારી તથા ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં રાજકીય નેતાઓના ફોટા દૂર કરવામાં આવ્યા નથી.

આ તમામ ઘટનાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે સંબંધિત વિભાગો, પરિવહન વિભાગ, નાણાંકીય સંસ્થાઓ, આરોગ્ય વિભાગ, શૈક્ષણિક તંત્ર, સરકારી કંપનીઓ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ, આદર્શ આચારસંહિતાનો અમલ કરાવવામાં નિષ્ફળ રહ્યા છે. દરેક વિભાગના વડા અને સંબંધિત અધિકારીઓની ફરજ છે કે તેઓ ચૂંટણી પંચના આદેશોનું પાલન કરે અને કોઈપણ પ્રકારના રાજકીય પ્રચારને તરત દૂર કરે.

હેમાંગ રાવલે જણાવ્યું કે ચૂંટણી પંચે માત્ર માર્ગદર્શિકા જારી કરીને પોતાની જવાબદારી પૂર્ણ માનવી નહીં, પરંતુ રાજ્યવ્યાપી મોનિટરિંગ સિસ્ટમ ઉભી કરી, તાત્કાલિક તપાસ કરી અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. આ માટે જિલ્લા સ્તરે વિશેષ ટીમો રચવી, ૨૪ કલાકમાં રિપોર્ટિંગ મિકેનિઝમ અમલમાં મૂકવો અને ઉલ્લંઘન સામે દંડાત્મક પગલાં લેવા જરૂરી છે.

અંતમાં તેમણે રાજ્ય ચૂંટણી આયોગને કડક શબ્દોમાં અપીલ કરી કે આ સમગ્ર મુદ્દાને ગંભીરતાથી લઈને તાત્કાલિક અસરથી આદર્શ આચારસંહિતાનો કડક અમલ સુનિશ્ચિત કરવામાં આવે, નહીં તો કોંગ્રેસ પાર્ટી લોકશાહી અને ચૂંટણીની પવિત્રતા જાળવવા માટે વધુ કડક પગલાં લેવા મજબૂર થશે.

### ઉમરેઠ વિધાનસભા...

યોજાનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલાની દરેક ચૂંટણી કોંગ્રેસ માટે ખૂબજ મહત્વપૂર્ણ મનાય રહી છે. ૨૦૨૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં બનાસકાંઠા બેઠક જીત્યા બાદ કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓમાં ઉત્સાહનો નવો જ સંચાર થયો છે. આવામાં ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું પરિણામ અને સત્તાના સેમિફાઈનલ સમી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામ કોંગ્રેસ માટે ખૂબજ મહત્વપૂર્ણ બની રહેશે.

# વજન ઘટાડવાના અભરખાંમાં દવાઓનો ડોઝ ઝેરી બની રહ્યો છે: સરકાર એક્શન મોડમાં

## વજન ઘટાડાની દવાની વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને આરોગ્ય મંત્રાલયે સેફટી રિવ્યુ અને કડક દેખરેખના આપ્યા આદેશ

**અબતક, નવી દિલ્હી**

આજના સમયમાં 'ઝડપી પરિણામ' મેળવવાની ઘેલછામાં લોકો સ્વાસ્થ્ય સાથે જોખમ ખેડી રહ્યા છે. ખાસ કરીને સોશિયલ મીડિયાના પ્રભાવ હેઠળ વજન ઘટાડવા માટે લેવામાં આવતી ઈન્જેક્શન અને દવાઓનો ક્રેઝ એટલો વધ્યો છે કે તે હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. લોકો ડોક્ટરની સલાહ વિના પોતાની મરજીથી આ દવાઓના જે ડોઝ લઈ રહ્યા છે, તે શરીર માટે 'ધીમું ઝેર' બની રહ્યા હોવાની આશંકા વચ્ચે ભારત સરકારે આ બાબતે કડક વલણ અપનાવ્યું છે. તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય હેઠળની સંસ્થા 'ઈન્ડિયન ફાર્માકોપિયા કમિશન' ને આદેશ અપાયો છે કે તે વજન ઘટાડવા માટે વપરાતી લોકપ્રિય જીએલપી-૧ દવાઓ (જેવી કે સેમાગ્લુટાઈડ) ની આડઅસરોનો ઊંડો અભ્યાસ કરી દર મહિને રિપોર્ટ સોંપે. સરકારની ચિંતાનું મુખ્ય કારણ એ છે કે આ દવાઓના પેટેન્ટ પૂરા થતા હવે બજારમાં સસ્તી જેનરિક દવાઓનો રાફડો ફાટશે, જેના કારણે તેનો દુરુપયોગ વધવાની પૂરેપૂરી શક્યતા છે.

સરકારી સમિતિએ સ્પષ્ટ કર્યું છે કે વજન ઘટાડવાની દવાઓ 'પ્રિસ્ક્રિપ્શન ઓન્લી' (માત્ર ડોકટરની ચિઠ્ઠી પર મળતી) કેટેગરીમાં આવે છે. જો કોઈ પણ મેડિકલ સ્ટોર કે ઓનલાઈન પ્લેટફોર્મ ડોક્ટરના કાગળ વગર આ દવા આપશે અથવા તેની લોભામણી જાહેરાત કરશે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### શા માટે આ દવાઓ જોખમી બની શકે?

- **ગેરમાર્ગે દોરતી જાહેરાતો:** અનેક કંપનીઓ 'મેજિકલ વેઈટ લોસ'ના નામે ગેરકાયદે પ્રચાર કરી રહી છે, જે સામાન્ય લોકોને ડોક્ટર પાસે ગયા વિના દવા ખરીદવા પ્રેરે છે.
- **નિષ્ણાતનો અભાવ:** આ દવાઓ મૂળભૂત રીતે ડાયાબિટીસ અને ગંભીર ઓબેસિટી (મેદસ્વીતા) માટે છે. પરંતુ સામાન્ય લોકો માત્ર થોડું વજન ઘટાડવા માટે તેનો ઉપયોગ કરી રહ્યા છે, જે પાચનતંત્ર, સ્વાદુપિંડ અને કિડની પર ગંભીર અસર કરી શકે છે.
- **નકલી અને સસ્તી દવાઓનો ભય:** બજારમાં વધતી માંગને પહોંચી વળવા હલકી ગુણવત્તાવાળી દવાઓ ન ઘુસી જાય તે માટે ડ્રગ કંટ્રોલર વિભાગને એલર્ટ કરવામાં આવ્યો છે.

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પછી પણ ભયંકર ઘમાસણની ભીતિએ સેન્ટ્રલ આર્મની ૫૦૦ કંપની તૈનાત રહેશે: ઈસી

## ૨૦૨૧માં થયેલ ચૂંટણીમાં હિંસા અને અન્ય ઘટનાઓને ઘ્યાને લઈ નિર્ણય લેવાયો

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીની મતગણતરી પછી પણ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની ૫૦૦ કંપનીઓને રાજ્યમાં રોકવાનો નિર્ણય ચૂંટણી પંચે લીધો છે કારણકે પાછલી ચૂંટણીઓમાં થયેલી હિંસા અને અન્ય ઘટનાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું કે, ૪ મે, ૨૦૨૬ના રોજ મતગણતરી પૂર્ણ થયા પછી પણ આ ૫૦૦ કંપનીઓ આગળના આદેશ સુધી રાજ્યમાં તૈનાત રહેશે. દરેક કંપનીમાં લગભગ ૯૦થી ૧૨૫ સુરક્ષા કર્મીઓ હોય છે, જેથી આ નિર્ણયથી હજારો સુરક્ષા કર્મીઓ પશ્ચિમ બંગાળમાં રોકાઈ રહેશે. આ ઉપરાંત, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો, સ્ટ્રોંગ રૂમ અને મતગણતરી કેન્દ્રોની સુરક્ષા માટે વધારાની ૨૦૦ કંપનીઓને પણ રાજ્યમાં રોકવામાં આવશે. હ્ય

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ (૨૦૨૧) પછી મતગણતરી બાદ હિંસાની ઘટનાઓ બની હતી, જેમાં અનેક લોકોને નુકસાન થયું હતું અને વિવાદો સર્જાયા હતા. ચૂંટણી પંચે આવી અનિચ્છનીય ઘટનાઓને રોકવા માટે આ પગલું ભર્યું છે. અધિકારીઓએ કહ્યું કે, આગળની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી ચૂંટણી પછીના સમયગાળામાં કોઈ અશાંતિ ન ફેલાય અને લોકોને સુરક્ષિત વાતાવરણ મળી રહે.

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી બે તબક્કામાં યોજાશે. ૨૩ એપ્રિલ અને ૨૯ એપ્રિલ. આ ચૂંટણી માટે કુલ ૨૪૦૦ કંપનીઓના કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. મતદાન પૂર્ણ થયા પછી ૧૭૦૦ કંપનીઓ પાછી જશે, જ્યારે ૫૦૦ કંપનીઓ કાયદો અને વ્યવસ્થા માટે અને ૨૦૦ કંપનીઓ ઈવીએમ તથા મતગણતરીની સુરક્ષા માટે રોકાશે.

# જામનગર : સાગર તેમજ પુનિતની શોધખોળ ચલાવાઈ રહી છે

## હાજર થયેલા ૯ પોલીસ ઈન્સ્પેક્ટરોની વિવિધ પોલીસ મથકમાં નિમણુંક

**અબતક, જામનગર**

જામનગરના જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈનિ દ્વારા તાજેતરમાં હાજર થયેલા ૯ જેટલા પોલીસ ઈન્સ્પેક્ટરો ને વિવિધ પોલીસ સ્ટેશનો અને શાખાઓમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. જામનગરમાં સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પી.આઈ. વી.એમ. ડોડીયા સીટી બી ડિવિઝન ખાતે એન.એમ. ગઢવી, ટ્રાફિક શાખામાં એસ.વી. ચૌધરી, જોડીયા પોલીસ સ્ટેશન ખાતે પી.એન. ખાચર, જામજોધપુર પોલીસ સ્ટેશન ખાતે એન.બી. ચૌહાણ ને મુકવામાં આવ્યા છે. એરપોર્ટ સિક્યુરિટી ખાતે જે.પી. સોઢા, એએચટીયુ ખાતે એ.વી. પીપરોતર, અને આઈયુસીએડબ્લ્યુ ખાતે આર.બી. સોલંકી ને નીમવામાં આવ્યા છે. આ નિમણૂકોને કારણે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા વધુ સશક્ત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જામનગર: પૂર્વ કોર્પોરેટરની હત્યાની કોશિષના ગુનામાં અલ્તાફ ખફીના જામીન ફગાવાયા

## ત્રણ માસ પૂર્વે અસલમ ખીલજી પર રાજકીય અદાવતમાં હુમલો કર્યો તો

**અબતક, જામનગર**

જામનગરના પૂર્વ કોર્પોરેટર ની હત્યા પ્રયાસ કેસમાં સેશન્સ કોર્ટ દ્વારા પૂર્વ વિરોધપક્ષના નેતા અલ્તાફ ગફારભાઈ ખફીની નિયમિત જામીન અરજી ફગાવી દેવામાં આવી છે. ગત તા. ૨૯.૧૨.૨૦૨૫ના રોજ કોર્પોરેટર અસલમ ખીલજી પર ભીડ ભંજન મંદિર પાસે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં અનેક આરોપીઓ દ્વારા હથિયારો વડે હુમલો થયો હતો. આ મામલે સિટી-બી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો, જેમાં મુખ્ય કાવતરાખોર તરીકે અલતાફ ખફીનું નામ જાહેર થયું હતું.

જે આરોપો અલ્તાફ ખફીએ જામીન માટે અરજી કરતાં રાજકીય દ્વેષનો આક્ષેપ કર્યો હતો, જ્યારે સરકાર પક્ષે તેમને મુખ્ય સૂત્રધાર ગણાવી જામીનનો વિરોધ કર્યો હતો.આખરે બન્ને પક્ષોની દલીલોને ધ્યાનમાં લઈ સેશન્સ કોર્ટે આરોપી અલતાફ ખફી ની જામીન અરજી ફગાવી દીધી છે.

# જામનગરમાં લાંચ કેસમાં ઝડપાયેલા મદદનીશ ઈજનેર રિમાન્ડ પર

## રૂ.૪.૫૨ લાખ સ્વીકારતા રંગે હાથે ઝડપાયેલા શખ્સના નિવાસસ્થાને ઝડતી



**અબતક, જામનગર**

જામનગર ખાતે રૂપિયા ૪.૫૨ લાખની લાંચ લેતા ઝડપાયેલા સેન્ટ્રલ પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ ના મદદનીશ ઈજનેર વિજયકુમાર બાબુલાલ મીનાને એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.) દ્વારા કાયદેસરની કાર્યવાહી હેઠળ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને એક દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યા છે. રિમાન્ડ દરમિયાન આરોપી પાસેથી વધુ માહિતી મેળવવા તેમજ લાંચ પ્રકરણ સંબંધિત પુરાવાઓ એકત્રિત કરવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અનુસંધાને એ.સી.બી.ની ટીમ દ્વારા આરોપીના નિવાસસ્થાને સઘન જડતી લેવામાં આવી હતી. જોકે જડતી દરમ્યાન અન્ય કોઈ વધુ સામગ્રી હાથ લાગી નથી, તેમજ તેના બેન્ક લોકરની પણ તપાસ કરવામાં આવી રહી છે.

આ સમગ્ર તપાસ મોરબી એ.સી.બી.ના જવાબદાર અધિકારી દ્વારા હાથ ધરવામાં આવી રહી છે, અને સમગ્ર પ્રકરણમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલુ છે. આ કેસમાં અન્ય કોઈની સંડવણી છે કે કેમ તે દિશામાં પણ એસીબી ની ટીમ તપાસ ચલાવી રહી છે.

એ.સી.બી. દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ કડક કાર્યવાહી ચાલુ રહેશે, અને સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને બક્ષવામાં નહીં આવે.

# ગાંધીધામ: ચાંદ્રાણી પાસે ગૌરક્ષકોએ પશુ ભરેલી ટ્રક ઝડપી ૪૧ જીવોને ઉગાર્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ચાંદ્રાણી બસ સ્ટેશન પાસે ગૌરક્ષક ટીમ કચ્છ અને શ્રીરામ ગૌસેવા સમિતિ દ્વારા ફિલ્મી ઢબે પીછો કરી પશુ ભરેલા વાહનને ઝડપી પાડવામાં આવ્યું છે. શંકાસ્પદ રીતે કતલખાને લઈ જવાતા ૪૧ જીવોને પશુપ્રેમીઓએ સમયસૂચકતા વાપરી મુક્ત કરાવ્યા હતા, જેમને બાદમાં લોધેશ્વર ગૌશાળા ખાતે આશ્રય આપવામાં આવ્યો છે. આ બનાવને પગલે ગત રાત્રે દુધઈ પોલીસ મથકે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને કાયદેસરની કાર્યવાહીની માંગ કરી હતી. પોલીસે હથિયારબંધીના જાહેરનામાના ભંગ અને પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ ગુનો નોંધી ત્રણ વાહનો સહિત રૂ.૨૫.૫૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. સચિન રાજગોરની ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે. હાલ પોલીસ આ સમગ્ર રેકેટ પાછળ અન્ય કેટલા શખ્સો સામેલ છે તે દિશામાં વધુ તપાસ ચલાવી રહી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** ઔદિચ્ય ઘેલારામજી જ્ઞાતિના સ્વ. ડાહ્યાલાલ અજરામભાઈ રાજ્યગુરૂ તથા ગં.સ્વ. વસંતબેન ડાહ્યાલાલના પુત્ર, સુરત નિવાસી જગદીશભાઈ ડી. રાજ્યગુરૂ (૯૫) વર્ષ તેઓ સ્વ. ઉર્મિલાબેન જે. રાજ્યગુરૂના પતિ, સ્વ. ગિરજાબેન તથા સ્વ. હરિભાઈ વ્યાસના જમાઈ તથા જયશ્રીબેન, મીનાક્ષીબેન, નીલાબેન, આરતીબેન, સ્વ. અમુલભાઈ જે રાજ્યગુરુના પિતા તથા સનતકુમાર જોષીના સસરા તથા વત્સલભાઈ અને જયભાઈના દાદા તથા ઉત્સવભાઈ અને વૈશાલીબેનના નાના, સુરત મુકામે તા. ૧ના રોજ અવસાન થયેલ છે. તેઓનું બન્ને પક્ષનું સંયુક્ત બેસણું રાજકોટ મુકામે તા. ૬ ના રોજ સોમવારે સાંજે ૪થી ૬ દરમિયાન ઘેલારામજી બ્રાહ્મણ બોર્ડિંગ, જયંત કે.જી. રોડ, સ્વાશ્રય સોસાયટી, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# બગસરા એસટી ડેપોના મેનેજર અને વર્કશોપ કર્મચારીઓને સસ્પેન્ડ કરાયા

## ફરજમાં બેદરકારી દાખવતા અકસ્માત થતાં પગલા લેવાયા

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા ડેપોમાં ફરજ બજાવતા ડેપો મેનેજર,હેડ મિકેનિક તથા આર્ટન્સી મિકેનિકને ફરજમાં બેદરકારી દાખવવા બદલ સસપેન્ડ કરી દેવામાં આવ્યા છે. વિભાગીય નિયામક ભાવેશ પટેલે ડેપો મેનેજર નિમિષાબેન ગઢવીને સસપેન્ડ કરતા કારણ જણાવ્યું હતું કે, તા.૨ એપ્રિલના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે ઉપડતી બગસરા-જૂનાગઢ-ખાંભા નાઈટ રૂટમાં આપેલ વાહન જી.જે.૧૮-ઝેડ-૬૬૯૨ જૂનાગઢ સક્કરબાગ પાસે પહોંચતા વાહનની ચકાસણી ન કરવાના કારણે વાહનના સ્ટીયરીંગ રોડની નટ ખુલી જતા આગળ જતા વાહન સાથે અથડાતા અકસ્માત થવા પામેલ જેથી એસ.ટી.નિગમની પ્રતિષ્ઠાને હાની પહોંચેલ છે. બગસરા ડેપો મેનેજર સસપેન્ડ થયા બાદ તેને અમરેલી ડેપો મેનેજર સમક્ષ હાજર રહી હાજરી પુરાવવાની રહેશે. અમરેલી ડેપો મેનેજરની મંજૂરી વગર હેડ ક્વાર્ટર છોડી શકાશે નહી તો આ જ કારણોસર ડીએમઈ દ્વારા હેડ મિકેનિક કિશોર મનહરલાલ વનરાને અને આર્ટન્સી મિકેનિક નાસીરખાન પઠાણને સસપેન્ડ કરવામાં આવ્યા છે. હેડ મિકેનિક કિશોર વનરાને ઉના ડેપો ખાતે હાજરી પુરાવવાની રહેશે જયારે આર્ટન્સી મિકેનિક નાસીરખાન પઠાણને રાજુલા ડેપો ખાતે હાજરી પુરાવવાની રહેશે. આમ, બગસરા એસ.ટી.ડેપોમાં એક સાથે ત્રણ અધિકારીઓને સસપેન્ડ કરવામાં આવતા એસ.ટી. વિભાગમાં ચકચાર મચી જવા પામી છે. જોકે બગસરા ડેપોની બસમાં યોગ્ય મેન્ટેન્સ થતુ ન હોવાની પણ રાવ ઉઠવા પામી છે.

બગસરા ડેપોની મોટાભાગની બસમાં હેડલાઈટ ચાલતી નથી. એસ.ટી.વિભાગના નિયમ મુજબ વધારાની લાઈટ લગાડી શકાતી નથી રાત્રિના સમયે હાઈવે પર દોડતી લકઝરી બસની હેડલાઈટથી એસ.ટી.ના ડ્રાઈવરોને ભારે મુશ્કેલી પડે છે ત્યારે જીવના જાખમે ડ્રાઈવર બસ ચલાવતા હોવાનુ સામે આવ્યુ છે. જેથી કોઈ ગંભીર ઘટના સર્જાય તે પહેલા હેડલાઈટનું યોગ્ય મેન્ટેનન્સ કરવામાં આવે તે જરૂરી છે.



# ઉપલેટા ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનોની નવનિયુક્ત પીઆઈ ધાંધલ સાથે શુભેચ્છા મુલાકાત



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં નવા આવેલા પીઆઈ ધાંધલને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આવકારી શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ઉપલેટામાં નવ નિયુકત પીઆઈ એસ.એમ.ધાંધલે ગઈકાલે ચાર્જ સંભાળતા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશભાઈ પાનેરા, ઉપપ્રમુખ હારૂનભાઈ માલવિયા, મંત્રી વિનુભાઈ ઘેરવડા, ખજાનચી અલ્પેશભાઈ વોરા, અનાજ કિરાણા એસો.ના પ્રમુખ જયેશભાઈ વસંત, પૂર્વ નગરપતી દાનભાઈ ચંદ્રવાડીયા, ચંદુભાઈ વ્યાસ સહિતનાઓએ પીઆઈને આવકારી શુભેચ્છા મુલાકાત કરી હતી.

# કોટડાસાંગાણીના રાજપરાની ૧૫૦ વર્ષ જૂની સરકારી શાળાનો 'સાર્ધ શતાબ્દી મહોત્સવ' ઉજવાયો

## ધીરજલાલ શામજીભાઈ ધોળકિયા સરકારી તાલુકા શાળાના વિકાસમાં યોગદાન આપનાર દાતાઓનું બહુમાન

**અબતક, સલીમ પતાણી, કોટડા સાંગાણી**

કોટડાસાંગાણી તાલુકાના રાજપરા ગામે આવેલી ઐતિહાસિક ધીરજલાલ શામજીભાઈ ધોળકીયા સરકારી તાલુકા પ્રાથમિક શાળાએ ગૌરવપૂર્ણ ૧૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે ગામ સમસ્ત દ્વારા 'સાર્ધ શતાબ્દી મહોત્સવ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ મહોત્સવમાં શાળાના વિકાસમાં આર્થિક અને સામાજિક યોગદાન આપનાર તમામ દાતાશ્રીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત મહાનુભાવો અને અગ્રણીઓએ જણાવ્યું હતું કે, આ સરકારી શાળામાં આવનારી પેઢીને વધુમાં વધુ સારું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે તે માટે તમામ પ્રયાસો કરવામાં આવશે.




શાળામાં અભ્યાસ કરી ચૂકેલા વર્ષો જૂના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું પણ સન્માન કરાયું હતું. શાળાના વિદ્યાર્થીઓએ પોતાની આગવી અદામાં રાસ-ગરબા અને ગીતો રજૂ કરી કાર્યક્રમમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ દરમિયાન નરેન્દ્રસિંહ જાડેજા: પ્રમુખ - ન્યુ ઈરા એજ્યુકેશન ટ્રસ્ટ અને પૂર્વ પ્રમુખ - તાલુકા પંચાયત. નરપતસિંહ જાડેજા: સરપંચ, સંગીતાબેન ભાલાળા: આચાર્ય સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. ૧૫૦ વર્ષની આ સ્મરણીય સફરની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજપરા ગ્રામજનો માટે ભવ્ય સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પોરબંદરમાં બાલા હનુમાન મંદિર આયોજિત રક્તદાન કેમ્પમાં ૧૧૦૦૦ બોટલ રક્ત એકત્રિત થયું

## પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ હાજરી આપી, હનુમાન જયંતિની ભવ્ય ઉજવણી, ૮૦ હજારથી વધુ પ્રસાદી બોક્સનું વિતરણ

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરના ઈતિહાસના સૌથી વિશાળ મહારક્તદાન કેમ્પ યોજાયો હતો. બાલા હનુમાન મંદિરે હનુમાન જન્મોત્સવ ઉજવાયો આ મહામહોત્સવ ની ત્રિદિવસીય ઉજવણી નો જીલ્લાભર માં ઉત્સાહ જોવા મળ્યો હતો પોરબંદર ના સુદામા ચોક વિસ્તાર માં આવેલ બાલા હનુમાન મંદિર ખાતે આ વર્ષે પણ હનુમાન જન્મોત્સવ મહોત્સવ ભવ્યતા અને વૈવિધ્ય સાથે ઉજવાયો હતો. આ મહોત્સવનું મુખ્ય આકર્ષણ ઈતિહાસનો સૌથી વિશાળ મહારક્તદાન કેમ્પ રહ્યો હતો જે માનવસેવાના ક્ષેત્રમાં એક નવા માપદંડ સ્થાપિત કરશે. ગત વર્ષે મહારકતદાન કેમ્પ માં ૫૫૦૦ બોટલ રક્ત એકત્રિત થયું હતું આ વર્ષે ૧૧૦૦૦ બોટલ રક્ત બોટલ એકત્રિત થઈ છે છે. તેમજ પ્રસાદ દર વર્ષ મુજબ આ વર્ષે પણ વિતરણ કરવામાં આવ્યો હતો. આ વર્ષે ૮૦,૦૦૦ પ્રસાદ બોક્સ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે સેવાકાર્ય માં પણ મહાનુભાવો થી લઈ ને સ્વયંસેવકો ઉત્સાહભેર જોડાયા હતા રકતદાતાઓ ને ૪ પ્રકાર ના બ્લડ ટેસ્ટ પણ વિનામૂલ્યે કરી અપાય હતા રકતદાતાઓ એ રક્તદાન માટે ક્તાર લગાવી હતી તા. ૨ ના રોજ સમગ્ર જિલ્લા માં સવારે ૭ વાગ્યા થી રક્તદાન શરૂ થઈ ગઈ હતી . જેમાં પોરબંદર ઉપરાંત રાણાવાવ, કુતિયાણા, બગવદર, કડછ ખાતે આ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં બપોરે ૪ કલાકે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા હાજરી આપી હતી , તેમજ સાંજે ૬ વાગ્યે બાળકો ની વેશભૂષાના કાર્યક્રમ યોજાયો હતો સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાઈ હતી. ત્યારબાદ પ્રસાદી બોક્સ વિતરણ પ્રારંભ પણ જગદીશ વિશ્વકર્માના હસ્તે કરવામાં આવ્યા હતા . તેની સાથે કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા તો . રાત્રે ૯:૩૦ કલાકે ગીતાબેન રબારી વંદના મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ રજૂ કરાયો હતો.



# ગાંધીધામ: સરહદ ડેરીનો ઐતિહાસિક કીર્તિમાન, દૈનિક દૂધ સંપાદન ૪.૪૭ લાખ લિટરે પહોંચ્યું

## કચ્છ જિલ્લાના હજારો પશુપાલકો આર્થિક સક્ષમ બન્યા, દૂધ તથા તેની પ્રોડક્ટના વેચાણમાં ૫.૭૬ ટકાનો વધારો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સરહદ ડેરીએ ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. ગત નાણાકીય વર્ષમાં ટર્નઓવરમાં સર્વોચ્ચ સિદ્ધિ હાંસલ કરી છે. દૈનિક દૂધ સંપાદન ૪.૪૭ લાખ લિટરે પહોંચ્યું છે. કચ્છ જિલ્લાના હજારો પશુપાલકો આર્થિક સક્ષમ બન્યા છે.

સરહદ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ ના નાણાકીય વર્ષમાં સંયુક્ત રીતે દૈનિક ૪.૪૭ લાખ લી. પ્રતિદિન દૂધ ઉત્પાદન નોંધાયું છે જે પશુપાલકોના વધતા વિશ્વાસ અને ડેરીની અસરકારક કામગીરીનું પ્રતિબિંબ છે. આ સાથે ડેરીએ પોતાના ઈતિહાસમાં સૌથી વધુ ટર્નઓવર નોંધાવીને એક નવો માઈલસ્ટોન સ્થાપ્યો છે. આ સિદ્ધિ માત્ર આંકડાઓમાં નહીં પરંતુ કચ્છ જિલ્લાના હજારો પશુપાલકોના જીવનમાં આર્થિક સશક્તિકરણના રૂપમાં પણ પ્રગટ થઈ છે.

ઊંટડીના દૂધમાં અનોખી સફળતા

સરહદ ડેરીએ ઊંટડીના દૂધ ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાવી છે. આથી ઊંટપાલકોના જીવનધોરણમાં સકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે.




દૂધ પ્રોસેસિંગ પ્લાન્ટ ના ઉત્પાદનોમાં વૃદ્ધિ

વર્ષ દરમિયાન નવી દૂધ પ્રોડક્ટ્સ લોન્ચ કરવામાં આવી અને દૂધ તથા દૂધજન્ય ઉત્પાદનોના વેચાણમાં ૫.૭૬% નો નોંધપાત્ર વધારો નોંધાયો છે.આ વૃદ્ધિ ડેરીના સુવ્યવસ્થિત મેનેજમેન્ટ ક્ષમતાનો પુરાવો છે.

આઈસ્ક્રીમ ક્ષેત્રે ઝડપી વિસ્તરણ

આઈસ્ક્રીમ ઉત્પાદન ક્ષેત્રે પણ સરહદ ડેરીએ અદભૂત પ્રગતિ નોંધાવી છે:માત્ર બે વર્ષમાં ૧૦૫ થી વધુ વેરાયટી ઉપલબ્ધ બનવી છે.

વર્ષ દરમિયાન મહત્તમ ૫૩૪૧૨ લિટર આઈસક્રીમ ડિસ્પેચ નોંધાયો છે. આગામી વર્ષે ૧૩૦ થી વધુ વેરાયટી ઉમેરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જે માર્કેટમાં વધુ મજબૂત હાજરી તરફ દોરી જશે.

આ બાબતે સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ એ જણાવ્યું હતું કે:આ સિદ્ધિ તમામ પશુપાલકોના અવિરત પરિશ્રમ અને સહકારનું પરિણામ છે. સરહદ ડેરી દ્વારા પશુપાલકોના આવકમાં વધારો થાય તે માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ, ગુણવત્તાયુક્ત પશુઆહાર, પશુ આરોગ્ય સેવાઓ અને પ્રજનન સુધારણા કાર્યક્રમો પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. ડેરી ક્ષેત્રે નવી પ્રોડક્ટ્સના વિકાસ, મૂલ્યવર્ધન દ્વારા પશુપાલકો ને વધુ લાભ મળે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આવનારા સમયમાં વધુ આધુનિક પ્લાન્ટ, નવી ઉત્પાદન લાઈન અને રોજગારીની તકો ઊભી કરીને સમગ્ર વિસ્તારના સર્વાંગી વિકાસ માટે અમે પ્રતિબદ્ધ છીએ. ડેરીના દરેક નિર્ણયમાં પશુપાલકોના હિતને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે. સંઘ સાથે જોડાયેલા દરેક સભ્યનો વિકાસ થાય અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત બને તે માટે અમે સતત પ્રયત્નશીલ રહીશું. આવનારા વર્ષે ૧૩૫૦ કરોડના ટર્નઓવર નું લક્ષ્ય રાખીને અમે વધુ ગતિથી આગળ વધીશું.

આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ચેરમેનએ તમામ પશુપાલકો, દૂધ મંડળીઓના પ્રતિનિધિઓ, ડાયરેક્ટરશ્રીઓ, પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવે, સાંસદ વિનોદભાઈ ચાવડા, ભાજપના જિલ્લા પ્રમુખ દેવજીભાઈ વરચંદ, તમામ ધારાસભ્યઓ, અમૂલ ફેડરેશન, અધિકારીઓ-કર્મચારીઓ તેમજ ગુજરાત અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે જ ભવિષ્યમાં પણ આવો જ સહકાર અને વિકાસ યથાવત્ રહેશે તેવી આશા વ્યક્ત કરી.

# અમરેલી જિલ્લામાં ૮.૬૪ લાખ મતદારો રાજકીય ઉમેદવારોનું ભાવી નક્કી કરશે

**અબતક, હર્ષ ઠક્કર, અમરેલી**

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય તેમજ પેટા ચૂંટણી માટે અમરેલી જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીને લઈ જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે આ ચૂંટણીમાં જિલ્લા પંચાયતની કુલ ૩૪ બેઠકો, તાલુકા પંચાયતની કુલ ૧૯૦ બેઠકો માટે મતદાન યોજાશે, તો જિલ્લાભરમાં કુલ ૧,૦૯૩ મતદાન મથકો પર મતદાન યોજાવાનું છે. આ ચૂંટણી માટે જિલ્લામાં કુલ ૮,૬૪,૮૭૭ મતદારો નોંધાયેલા છે. જેમાં ૪,૫૫,૪૪૯ પુરુષ મતદારો અને ૪,૦૯,૪૨૭ સ્ત્રી મતદારો ૧ અન્ય મતદાર નો સમાવેશ થાય છે.

નગરપાલિકા ચૂંટણી અંતર્ગત જિલ્લામાં કુલ ૬ નગરપાલિકાઓમાં મતદાન યોજાશે. તેમાં અમરેલી, બાબરા, સાવરકુંડલા, ધારી, બગસરા અને દામનગર નગરપાલિકાનો સમાવેશ થાય છે. આ તમામ નગરપાલિકાઓના કુલ ૪૬ વોર્ડ માટે ચૂંટણી યોજાશે. નગરપાલિકા વિસ્તારોમાં કુલ ૨૩૧ મતદાન મથકો નિર્ધારિત કરવામાં આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કુલ ૨,૧૦,૬૭૭ મતદારો નોંધાયેલા છે, જેમાં ૧,૧૦,૧૫૯ પુરુષ મતદારો અને ૧,૦૦,૪૯૮ સ્ત્રી મતદારો ૨૦ અન્ય મતદારો નો સમાવેશ થાય છે.

### બ્રહ્મ પ્રાથમિક શિક્ષક મંડળ દ્વારા

# જૂનાગઢમાં કાલે આરટીઈ અંતર્ગત એડમિશન માટેનો માર્ગદર્શન સેમિનાર

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ખાતે જુનાગઢ તાલુકા બ્રહ્મ પ્રાથમિક શિક્ષક મંડળ પરિવાર દ્વારા આરટીઈ અંતર્ગત ફ્રી એડમિશન માટેના માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

જુનાગઢ તાલુકા બ્રહ્મ પ્રાથમિક શિક્ષક મંડળ પરિવાર દ્વારા આરટીઈ અંતર્ગત ફ્રી એડમિશન માટેનો માર્ગદર્શન સેમિનાર યોજાશે, જેમાં સમસ્ત બ્રહ્મ સમાજના નબળા અને વંચિત જૂથના બાળકો માટે આરટીઈ અંતર્ગત ધોરણ ૧ માં મફત પ્રવેશ અંગેનું માર્ગદર્શન અપાશે. આગામી તા. ૫- ૪- ૨૦૨૬ ના સવારે ૯ થી ૧૨ દરમિયાન, પ્રેમાનંદ વિદ્યામંદિર, બિલનાથ મંદિરની પાસે, મોતીબાગ રોડ, જુનાગઢ ખાતે આ સેમીનાર રાખવામાં આવેલ છે. આ સેમિનારમાં એડમિશનને લગતી તમામ માહિતી અને પ્રશ્નોનું માર્ગદર્શન આપવામાં આવશે. તથા તે દિવસે જે બ્રહ્મ પરિવારના સભ્યો બાળકના બધા ઓરિજનલ ડોક્યુમેન્ટ્સ લાવશે તેમનું ફ્રી માં ફોર્મ સ્થળ પરથી જ ભરી આપવામાં આવશે.

# જૂનાગઢ: ગાયત્રી શક્તિપીઠ ખાતે કાલે જગન્નાથજી ગાથા અને સુંદરકાંડના પાઠ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢની શ્રી ગાયત્રી શક્તિપીઠ ખાતે રવિવારે ભગવાન શ્રી જગન્નાથજી પુરીના વિષ્ણુ મહારાજજી દ્વારા સુંદરકાંડ અને જગન્નાથજી ગાથાનું આયોજન કરવામાં આવેલ છે.

શ્રી ગાયત્રી શક્તિપીઠ ખાતે માં વૈષ્ણવી સભામંડપમાં આગામી તા. ૫ને રવિવારના રોજ સાંજના ૫ થી ૮ કલાકે ભગવાન શ્રી જગન્નાથજી પૂરીથી પધારેલા પ.પૂ. વિષ્ણુ મહારાજજીના મુખારવિંદ દ્વારા શ્રી જગન્નાથજીની ગાથા સાથે દિવ્ય સુંદરકાંડનું દિવ્યાતિ દિવ્ય આયોજન કરેલ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ધર્મપ્રેમી ભાવિક ભક્તજેનોને પધારી, લાભ લેવા નાગભાઈ વાળા (ગાયત્રી શક્તિપીઠ), મનસુખભાઈ વાજા (સત્યમ સેવા યુવક મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ), આશિષભાઈ રાવલ (શક્તિ ચેરિટેબલ ટ્રસ્ટ) તેમજ રતિદાદા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# જુનાગઢ: રાષ્ટ્રીય કક્ષાની ક્વિઝ સ્પર્ધામાં જોષીપુરાની કન્યા વિદ્યા મંદિરની છાત્રાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા ગુજરાત સાયન્સ સિટી-અમદાવાદ ખાતે યોજાએલ નેશનલ લેવલની સ્ટેમ ક્વિઝ-૪.૦ની ગ્રાન્ડ ફાઈનલમાં એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા જૂનાગઢના આચાર્યા જયશ્રીબેન રંગોલિયા અને શિક્ષિકા રંજનબેન રાણાના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થિની જાદવ પુજાએ ભાગ લીધેલ હતો અને તેણીને પ્રમાણપત્રથી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.

જાદવ પુજા ભાણજીભાઈ આ અગાઉ જિલ્લા અને ઝોન લેવલની સ્ટેમ ક્વિઝમાં પણ પસંદગી પામેલ હતાં. ત્યારે શાળાની આ તેજસ્વિની વિદ્યાર્થિનીને સંસ્થાનાં ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી સહિતનાં ટ્રસ્ટીઓ, વહીવટી અધિકારી કે.પી. ગજેરા, શિક્ષણ નિયામક જી.બી. છોડવડીયા સહિતના વિદ્યાગુરૂઓ તેમજ શાળા પરિવારે બિરદાવી હતી.

# ઉપલેટા: ભાગવત સપ્તાહમાં શાસ્ત્રીનું સન્માન કરતો સમસ્ત બ્રહ્મસમાજ



તસવીર: શહેઝાદ બાદશાહ

## મહિલા મંડળના પ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ સહિત મહિલાઓ હાજર રહ્યા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં વ્યાસ પરિવાર દ્વારા ચાલતી શ્રીમદ ભાગવત સપ્તાહમાં ઉપલેટા સમસ્ત બ્રહ્મ સમાજનાભાઈ બહેનો ઉપસ્થિત રહી શાસ્ત્રીનું સન્માન કરેલ હતુ.

શહેરમાં શારદાબેન જીતેન્દ્રભાઈ વ્યાસ પરિવાર દ્વારા પોતાના સ્વ. પુત્ર ગોપાલભાઈ ભટ્ટના સ્મરણાર્થે યોજાયેલ ભાગવત સપ્તાહમાં રસપાન કરાવી રહેલા શાસ્ત્રી હિરેનભાઈ વ્યાસ, હેમતભાઈ દેકીવાડીયા, ચંદ્રેશભાઈ વ્યાસ, નિલેશભાઈ પંડ્યા, વિજયભાઈ મહેતા, પ્રકાશભાઈ વ્યાસ, રવિભાઈ પંડ્યા, જલ્પેશભાઈ પંડ્યા, હર્ષલભાઈ પંડ્યા, જગદીશભાઈ પંડીત, દિલીપભાઈ પંડ્યા, સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળના પ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, ધારાબેન પંડ્યા, નમ્રતાબેન ભટ્ટ, જયશ્રીબેન મહેતા, નીરૂબેન વ્યાસ, ડોલીબેન વ્યાસ, આરતીબેન જોષી, દક્ષાબેન પંડ્યા, નિમિતાબેન જોષી, ક્રિષ્નાબેન પંડ્યા અને રાધીકાબેન જોષી સહિત ભૂદેવો સન્માનમાં જોડાયા હતા.

### ધાણા, ડુંગળી, ચણા લસણની અવીરત આવક

# ગોંડલ યાર્ડમાં જણસીઓની પુષ્કળ આવક ખેડુતો લાભદાયી ભાવથી રાજીના રેડ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં માર્ચ એન્ડિંગ બાદ જણસીઓની વિપુલ આવક થઈ છે.બીજી બાજુ ખેડૂતોને સારા ભાવ મળ્યા છે.

માર્કેટિંગ યાર્ડમાં માર્ચ એન્ડિંગની રજાઓ પૂર્ણ થતાં જ કૃષિ જણસીઓની આવક વિપુલ પ્રમાણમાં નોંધાઈ છે. યાર્ડમાં વિવિધ પાકોની મોટી સંખ્યામાં આવક થતાં વ્યાપારિક પ્રવૃત્તિઓમાં પણ તેજી જોવા મળી રહી છે.યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યું હતું કે ધાણા અંદાજે સવા લાખ ગુણી, ઘઉં ૧ લાખ ગુણી તેમજ ચણા, લસણ અને ડુંગળી જેવી જણસીઓની પણ નોંધપાત્ર આવક થઈ છે. રજાઓ બાદ માર્કેટમાં તેજી આવતાં ખેડૂતોને તેમની જણસીઓના સારા ભાવ મળ્યા છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે રજા પૂર્ણ થયા બાદ જણસીઓના ભાવમાં રૂ. ૨૦૦ થી ૫૦૦ સુધીનો વધારો નોંધાયો છે, જે ખેડૂતો માટે લાભદાયી સાબિત થયો છે. માર્કેટિંગ યાર્ડમાં આવક વધતા વેપારીઓ અને ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. યાર્ડ દ્વારા સુવ્યવસ્થિત વ્યવહાર અને સુવિધાઓને કારણે વેપાર સરળતાથી ચાલી રહ્યો છે. યાર્ડમાં જૂનાગઢ, ગીર સોમનાથ સહિત સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાંથી ખેડૂતો મોટી સંખ્યામાં પોતાનો માલ વેચાણ માટે લઈને આવી રહ્યા છે, જેના કારણે યાર્ડની વ્યાપકતા અને વિશ્વસનીયતા વધુ મજબૂત બની રહી છે.





# ચેન્નઈ સુપર કિંગ્સને સ્પિનરોએ ડૂબાડયાં: ૨૧૦નો ટાર્ગેટ પંજાબે આસાનીથી વટાવ્યો

## ચેન્નાઈના ૨૦૯ રન છતાં પંજાબે પાંચ વિકેટ વિજય હાંસલ કર્યો, કેપ્ટન શ્રેયસ ઐયરની શાનદાર ફિફટી: માત્રેની ફિફટી એળે ગઈ

**અબતક, રાજકોટ**

કેપ્ટન શ્રેયસ ઐયરે શાનદાર બેટિંગ કરીને અડધી સદી ફટકારતાં પંજાબ કિંગ્સે ઈન્ડિયન પ્રીમિયર લીગની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સનો ૨૦૦+નો ટારગેટ વટાવીને પાંચ વિકેટથી મેચ જીતી લીધી હતી. આમ વર્તમાન સિઝનમાં ચેન્નાઈને સતત બીજી મેચમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો.ચેપોક ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ચેન્નાઈ સુપર કિંગ્સે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૯ રનનો માતબર સ્કોર રજૂ કર્યો હતો પરંતુ પંજાબ કિંગ્સે તેને આસાન બનાવીને ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને વટાવી દીધો હતો. પંજાબ માટે શ્રેયસ ઐયરે ૨૯ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિકસર અને ચાર ચોગ્ગા સામેલ હતા. આ ઉપરાંત ઓપનર પ્રિયાંશ આર્યાએ માત્ર ૧૧ બોલમાં ૩૯, પ્રભસિમરનસિંઘે ૪૩ અને કૂપર કોનોલીએ આક્રમક ૩૬ રનનું યોગદાન આપ્યું હતું. પંજાબે ટોસ જીત્યા બાદ ચેન્નાઈ સુપર કિંગ્સને પ્રથમ બેટિંગ આપી હતી. જોકે ચેન્નાઈએ આવેલી તકનો લાભ ઉઠાવીને મોટો સ્કોર ખડકી દીધો હતો. યુવાન ખેલાડી આયુષ મ્હાત્રેએ પોતાની અદભૂત પ્રતિભાનું પ્રદર્શન કરતા માત્ર ૪૩ બોલમાં ૭૩ રન ફટકાર્યા હતા. તેની આ આક્રમક ઈનિંગ્સની મદદથી ચેન્નાઈ સુપર કિંગ્સે ૨૧૦ રનનો પડકારજનક સ્કોર નોંધાવ્યો હતો.સ્ટાર બેટર સંજુ સેમસન વહેલો આઉટ થયા બાદ મ્હાત્રે અને કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે (૨૮) બીજી વિકેટ માટે ૯૬ રન ઉમેર્યા હતા, જે ચેન્નાઈની ઈનિંગ્સનો મુખ્ય આધાર રહ્યો હતો. સેમસન ઝેવિયર બાર્ટલેટના આઉટ-સ્વિંગર બોલને લેગ-સાઈડમાં ખસીને કવર ઉપરથી ફટકારવાના પ્રયાસમાં વિકેટ પાછળ પ્રભસિમરન સિંઘના હાથમાં ઝડપાઈ ગયો હતો.જોકે, સેમસનની વિદાય માત્ર એક સામાન્ય આંચકો સાબિત થઈ હતી કેમ કે મ્હાત્રેએ પંજાબના બોલિંગ આક્રમણને વેરવિખેર કરી નાખ્યું હતું. તેણે બાર્ટલેટની ઓવરમાં સતત ત્રણ ચોગ્ગા ફટકારીને આક્રમણની શરૂઆત કરી હતી. મ્હાત્રેની આ નીડર બેટિંગને કારણે ચેન્નાઈએ પાવર-પ્લેમાં એક વિકેટે ૫૭ રન ફટકારી દીધા હતા.અંડર-૧૯ વર્લ્ડ ચેમ્પિયન ટીમના સદસ્ય અને મુંબઈના આ યુવાન બેટરે શોર્ટ-પિચ બોલ સામેની પોતાની નબળાઈને પાછળ છોડી માર્કો યાનસેનને સિક્સર ફટકારી હતી. ત્યારબાદ માર્કસ સ્ટોઈનિસને સળંગ બે સિક્સર ફટકારી માત્ર ૨૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. જોકે તેને લેગ સ્પિનર ચહલ સામે સંઘર્ષ કરવો પડ્યો હતો. તેને ૫૯ રન પર વિજયકુમાર વ્યાશાકે અને ૬૭ રન પર શશાંક સિંઘે જીવનદાન આપ્યું હતું. સરફરાઝ ખાને ૧૨ બોલમાં ૩૨રન ફટકાર્યા હતા. અંતમાં શિવમ દુબેના ૨૭ બોલમાં ૪૫ રને ટીમને ૨૦૦નો આંક પાર કરાવ્યો હતો.



# જસપ્રીત બુમરાહ નહીં તો કોણ છે મુંબઈ ઈન્ડિયન્સનો એક્સ ફેક્ટર?

## અફઘાનિસ્તાનના મિસ્ટ્રી સ્પિનર ગઝનફર મુંબઈ ઈન્ડિયન્સ માટે અલગ જ બોલર સાબિત થાય તેવો મહિલા જયવર્ધનેએ વિશ્વાસ વ્યકત કર્યો

**અબતક, રાજકોટ**

ઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં આજે દિલ્હી કેપિટલ્સ પોતાના હોમ ગ્રાઉન્ડ અરૂણ જેટલી સ્ટેડિયમ (ફિરોઝશાહ કોટલા) ખાતે આત્મવિશ્વાસથી ભરપુર મુંબઈ ઈન્ડિયન્સ સામે ટકરાશે. ત્યારે મુંબઈ ઈન્ડિયન્સના હેડ કોચ મહેલા જયવર્ધને જસપ્રીત બુમરાહને નહિ ગઝનફરને ટીમનો 'એક્સ ફેક્ટર' કહીને વખાણ્યો છે.જયવર્ધને તાજેતરના નિવેદનમાં કહ્યું કે, ટીમમાં ઘઝાનફર જેવા 'એક્સ-ફેક્ટર' બોલરની હાજરી ટીમને વિવિધ પરિસ્થિતિઓમાં અલગ વિકલ્પ આપે છે. તેમણે જણાવ્યું, ટીમમાં આવા એક્સ-ફેક્ટર બોલરની હાજરી ટીમને વધારાનો ફાયદો આપે છે. મિચ સેન્ટનર, જેક્સ અનેમયંક માર્કંડે જેવા ખેલાડીઓ સાથે તે અલગ પ્રકારનો વિકલ્પ પૂરો પાડે છે.

ઘઝાનફર ૨૦ વર્ષના યુવા સ્પિનર છે, જેમણ. આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સ માટે ડેબ્યુ કર્યું છે. કોલકાતા નાઈટ રાઈડર્સ સામેની ઓપનિંગ મેચમાં તેમણે ૫૧ રન આપ્યા હતા, પરંતુ કોચ જયવર્ધને તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે તે ટીમના ભવિષ્ય માટે એક મહત્વનો ખેલાડી છે. તેમણે ઉમેર્યું, તે ભવિષ્ય માટેનો એક ખેલાડી છે. અમને લાગે છે કે તેની ઊંચાઈ અને તે જે કરી શકે છે તેને જોતાં તે સુધરશે.

અલ્લાહ ઘઝાનફર અફઘાનિસ્તાનના મિસ્ટ્રી સ્પિનર છે, જેમની બોલિંગમાં વિવિધતા અને અણધારી સ્પિન છે.આઈપીએલ ૨૦૨૬માં મુંબઈ ઈન્ડિયન્સે તેમને તેમના સ્કવોડમાં સામેલ કર્યા છે. ટીમના અન્ય સ્પિનર્સ જેમ કે મિચેલ સેન્ટનર, વિલ જેક્સ અને મયંક માર્કંડે સાથે મળીને તે ટીમને વિવિધ કન્ડિશન્સમાં લવચીકતા આપે છે. જયવર્ધને ભારપૂર્વક કહ્યું કે આવા ખેલાડી ટીમને અલગ ધાર આપે છે.જસપ્રીત બુમરાહ એમઆઈના મુખ્ય સ્ટાર બોલર છે અને વિશ્વના શ્રેષ્ઠ બોલર્સમાંના એક છે, પરંતુ કોચે ઘઝાનફરને અલગ 'એક્સ-ફેક્ટર' તરીકે હાઈલાઈટ કર્યા છે, જે ટીમની બોલિંગ વિવિધતાને મજબૂત કરે છે.

# શા માટે પાકિસ્તાને ઈંધણના ભાવના ૫૦ ટકાનો વધારો કરવો પડ્યો ?

## હાલ ત્યાં પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૪૫૮.૪૧ રૂપીયા પહોંચ્યો : ૩ અઠવાડિયામાં જ સરકારે ૧૨૯ બિલિયન પાકિસ્તાની રૂપિયાની સબસિડી આપી દીધી હતી, સબસિડીની મર્યાદા પૂર્ણ થતાં જેવી પરત ખેંચી ભાવમાં અસહ્ય વધારો લાગુ થયો

**અબતક,નવી દિલ્હી**

પાકિસ્તાનમાં રાતોરાત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૪૦ થી ૫૦% નો અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. ૩ એપ્રિલ ૨૦૨૬ ના રોજ, પેટ્રોલના ભાવમાં ૪૩% અને ડીઝલના ભાવમાં ૫૫% નો ઉછાળો આવ્યો છે, જેનાથી પેટ્રોલનો ભાવ પ્રતિ લિટર ૪૫૮.૪૧ પાકિસ્તાની રૂપીયા થઈ ગયો છે. સ્થાનિક અખબારોએ આ વધારાને ઐતિહાસિક ગણાવ્યો છે.આ એક જ દિવસમાં થયેલો વધારો એટલો મોટો છે કે તે છેલ્લા ૩ વર્ષ અને ૧૦ મહિનામાં થયેલા કુલ વધારા જેટલો છે. ઈસ્લામાબાદ સ્થિત સંસ્થા પીઆઈડીઈના અંદાજ મુજબ આ વધારો વધુમાં વધુ ૨૦ થી ૨૫% હોવો જોઈતો હતો, પરંતુ વાસ્તવિક વધારો આ અંદાજો કરતા કયાંય વધુ છે. પાકિસ્તાનના લોકો માટે આ એક અસહ્ય ઝટકો છે.

પાકિસ્તાન તેની ઈંધણ જરૂરિયાતોના ૮૦% થી વધુ આયાત પર નિર્ભર છે. ત્યાં ફ્યુઅલ પ્રાઈસિંગ સિસ્ટમ ઈન્ટરનેશનલ ભાવ પર આધારિત છે, જેમાં ડોલર સામે રૂપિયાનું મૂલ્ય, ટ્રાન્સપોર્ટ અને ડીલર માર્જિન જેવા અન્ય ખર્ચાઓ ઉમેરવામાં આવે છે. આ તમામ પરિબળોના કારણે ગ્રાહકો સુધી પહોંચતા સુધીમાં ઈંધણના ભાવ ખૂબ વધી જાય છે.હાલમાં ચાલી રહેલા ઈરાન યુદ્ધના કારણે ઓમાન અને દુબઈના બેન્ચમાર્કમાં ઓઈલના ભાવ ૮૦ થી ૯૦% સુધી વધી ગયા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા આ જંગી ભાવવધારાની સીધી અસર પાકિસ્તાનના આયાત બિલ પર પડી છે. સરકાર માટે આ વધારાનો બોજ સહન કરવો મુશ્કેલ બની ગયો હતો.પાકિસ્તાન સરકાર સામાન્ય રીતે ભાવવધારાનો બોજ જાતે ઉઠાવે છે, પરંતુ આ વખતે ૩ અઠવાડિયામાં જ સરકારે ૧૨૯ બિલિયન પાકિસ્તાની રૂપિયાની સબસિડી આપી દીધી હતી. સરકારની સબસિડી આપવાની મહત્તમ મર્યાદા ૧૫૮ બિલિયન હતી. આ મર્યાદા પૂરી થવા આવતા સરકારે બ્લેન્કેટ સબસિડી પાછી ખેંચી લીધી છે અને માત્ર ખેડૂતો કે ટ્રાન્સપોર્ટર્સ માટે ટાર્ગેટેડ સબસિડી રાખી છે.પાકિસ્તાન પાસે હાલમાં પૂરતા ડોલર પણ નથી. ઓઈલના ભાવમાં દર ૧૦ ડોલરના વધારાથી પાકિસ્તાનની કરંટ એકાઉન્ટ ડેફિસિટ ૧.૫ થી ૨ બિલિયન ડોલર વધી જાય છે. ૧ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં પાકિસ્તાન પાસે ૧૬.૪ બિલિયન ડોલરનું વિદેશી હૂંડિયામણ હતું, જે હાલ પૂરતું તો છે, પરંતુ સરકાર ડોલરનો આવો મોટો ખર્ચ લાંબા સમય સુધી સબસિડી પાછળ કરી શકે તેમ નથી.આ ઉપરાંત, આઈએમએફ તરફથી મળતા ફંડિંગની કડક શરતોએ પણ પાકિસ્તાનને ભાવ વધારવા મજબૂર કર્યું છે. આઈએમએફ એ સ્પષ્ટ સૂચના આપી હતી કે સરકારે એનર્જી સબસિડી આપવાનું ટાળવું જોઈએ અને સાચા ભાવ વસૂલવા જોઈએ. વડાપ્રધાન શાહબાઝ શરીફ અને પ્રાંતીય સરકારો વચ્ચે લાંબી વાટાઘાટો બાદ આખરે ભાવવધારાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




### ભીખુ પાકિસ્તાનને પડયા પર પાટુ : યુએઈએ તા.૩૦ પહેલા ૨ મિલિયન ડોલર ચૂકવી દેવા અલ્ટીમેટમ આપ્યું

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુએસ-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધના કારણે યુએઈએ પાકિસ્તાન પાસે પોતાની લોન તાત્કાલિક પરત માંગી છે, જેના પગલે પાકિસ્તાન આ મહિનાના અંત સુધીમાં યુએઈ ને ૨ બિલિયન ડોલર ચૂકવશે. આ રકમ પાકિસ્તાનની બેલેન્સ ઓફ પેમેન્ટ સ્થિતિને સુધારવા માટે આપવામાં આવી હતી અને તે ૬% ના વ્યાજ દરે સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાનમાં સેફ ડિપોઝિટ તરીકે રાખવામાં આવી હતી. પાકિસ્તાન પાસે હાલમાં ૨૧ બિલિયન ડોલરથી વધુનું રિઝર્વ છે, તેથી તે આ લોન ચૂકવી શકશે. જોકે, ચાલુ નાણાકીય વર્ષ માટે પાકિસ્તાનને ૧૨ બિલિયન ડોલરના રોલઓવરની જરૂર છે, જેમાં સાઉદી અરેબિયાના ૫ બિલિયન, ચીનના ૪ બિલિયન અને યુએઈ ના ૩ બિલિયન ડોલરનો સમાવેશ થાય છે. અગાઉ આ લોનની મુદત ૧ વર્ષ માટે વધારવામાં આવતી હતી, પરંતુ તાજેતરમાં ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી જ મુદત વધારવામાં આવી હતી.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કાશ્મીરમાં જબરદસ્ત બરફવર્ષા થશે

## જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષા સાથે તેજ પવનની શક્યતા

**અબતક, રાજકોટ**

ભારતીય હવામાન વિભાગએ કાશ્મીર વિસ્તાર માટે વેધર અલર્ટ જારી કર્યું છે. આ અનુસાર, આગામી દિવસોમાં કાશ્મીરના મેદાની વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે ઊંચા પહાડી વિસ્તારોમાં હિમવર્ષા (સ્નો-ફોલ) થવાની આગાહી છે.

વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના પ્રભાવને કારણે આ વેધર સિસ્ટમ સક્રિય થઈ છે. આઈએમડીના આગામી ૩૬ કલાક કાશ્મીર વેલીમાં આઈસોલેટેડ હેવી રેઈનફોલ (ભારે વરસાદ) થવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં વીજળીના કડાકા, તોફાની પવન (૪૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે) અને કરા પણ પડી શકે છે.આ સિવાય હવામાન વિભાગ અનુસાર આ સમયગાળા દરમિયાન તાપમાનમાં ઘટાડો થશે અને અનેક રાજ્યોમાં વરસાદ તેમજ ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાની શક્યતા રહેશે. તેનો પ્રભાવ ઉત્તરથી લઈને દક્ષિણ ભારત સુધી જોવા મળશે.ઉત્તર ભારતના પર્વતીય વિસ્તારોમાં આવેલ કાશ્મીર અને આસપાસના વિસ્તારોમાં ફરી એકવાર હિમવર્ષાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. પશ્ચિમી વિક્ષોભ સક્રિય થવાને કારણે અહીં ઠંડીમાં વધારો થશે અને તાપમાન સામાન્ય કરતા નીચે જઈ શકે છે. મેદાની વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે, જેના કારણે સવાર અને સાંજ ઠંડક વધશે.પંજાબ, હરિયાણા, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજ અને ૩૦ થી ૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. તાપમાનમાં પણ ઘટાડાના સંકેત છે, જે ૪ થી ૬ એપ્રિલ દરમિયાન ૨ થી ૪ ડિગ્રી સેલ્સિયસ સુધી થઈ શકે છે.



# અફઘાનમાં ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ: નવ વ્યકિતના મોત

## દિલ્હી-એનસીઆર, જમ્મુ અને પંજાબમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા

**અબતક, રાજકોટ**

દિલ્હી-એનસીઆર, પંજાબ, હરિયાણા અને જમ્મુ-કાશ્મીરમાં શુક્રવારે રાત્રે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનનું હિંદુકુશ હતું. અફઘાન-તાજિકિસ્તાન સરહદ પર આવેલા ભૂકંપથી ઓછામાં ઓછા ૮ લોકોનાં મોત થયા છે.

અફઘાનિસ્તાનના કાબુલમાં શુક્રવારે મોડી સાંજે ભૂકંપથી ૮ લોકોના મોત થયા છે, જ્યારે એક બાળકને ઈજા થઈ છે. ૫.૯ની તીવ્રતાના આ ભૂકંપના આંચકા પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં પણ અનુભવાયા હતા, જોકે પાકિસ્તાનમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.પાકિસ્તાન હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ભૂકંપ રાત્રે ૯:૧૩ વાગ્યે નોંધાયો હતો. તેનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં હતું અને ઊંડાઈ જમીનથી ૧૯૦ કિલોમીટર અંદર હતી. ભૂકંપના આંચકા ખૈબર પખ્તુનખ્વા, ઈસ્લામાબાદ, પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને પંજાબના કેટલાક ભાગોમાં અનુભવાયા હતા.

# અદાણીએ સીએનજીના ભાવમાં કિલોએ રૂ.૧.૫૦નો વધારો ઝીંકયો

## ભાવમાં ૧.૨૧ના ઘટાડા બાદ ૩ વખતના વધારાથી સીએનજી ૨.૬૦ જેટલો મોંઘો

**અબતક, રાજકોટ**





અદાણી ગ્રૂપ દ્વારા સીએનજીના ભાવમાં ૨૦૨૬ની શરૂઆતમાં જ ૧.૨૧નો ઘટાડો કર્યા બાદ ચાર માસમાં સતત ત્રીજી વખત વધારો ઝીંક્યો છે. અગાઉ ૭ ફેબ્રુઆરીના રોજ સીએનજીના ભાવમાં ૫૦ પૈસાનો વધારો કરવામાં આવ્યા બાદ હવે ગુરુવારે ફરી રૂ. ૧.૫૦નો તોતિંગ વધારો ઝીંક્યો છે. આમ, ત્રણ વખતના ભાવ વધારા બાદ અમદાવાદમાં સીએનજી રૂ. ૨.૬૦ જેટલું મોંઘું થયું છે. ૨૦૨૫માં સીએનજીના ભાવમાં ચાર વખત થયેલા વધારાથી સીએનજી રૂ. ૩.૪૦ જેટલું મોંઘું થયું હતું. પરંતુ ત્યારબાદ ૨૦૨૬ની શરૂઆતમાં રૂ. ૧.૨૧ના ઘટાડા સાથે સીએનજીનો નવો ભાવ રૂ. ૮૧.૧૭ પર પહોંચ્યો હતો. પરંતુ ૭ ફેબ્રુઆરી અને હવે ૨ એપ્રિલના રોજ થયેલા ભાવ વધારા બાદ અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૮૩.૭૭ થયો છે. અદાણી સીએનજી દ્વારા ૨૦૨૩માં સીએનજીમાં ભાવમાં અનેક વધારો કરવામાં આવ્યો હતો અને તેના પગલે રિક્ષાચાલકોમાં પણ રોષ ફેલાયો હતો. સરકારમાં પણ તે અંગે અનેક રજૂઆતો થઈ હતી. જોકે, ત્યારબાદ ૨૦૨૪ના વર્ષમાં અદાણી ગ્રૂપ દ્વારા ૨૦૨૩ની સરખામણીમાં ઓછી વખત સીએનજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ૨૦૨૪ના વર્ષમાં છેલ્લી વખત અદાણી દ્વારા ૩ ડિસેમ્બરે સીએનજીના ભાવમાં વધારો કરાયો હતો. ત્યારબાદ ૨૦૨૫ના વર્ષની શરૂઆત સાથે જ અદાણી સીએનજી દ્વારા ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. જાન્યુઆરીમાં સીએનજી ભાવમાં રૂ. ૧.૫૦નો વધારો કરી દેવામાં આવ્યો હતો. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૮૦.૪૮ જેટલો થઈ ગયો છે. ત્યારબાદ ૩ માર્ચના રોજ ભાવમાં ૫૦ પૈસાનો વધારો થતાં ભાવ રૂ. ૮૦.૯૮ થઈ ગયા હતા. ત્યારબાદ ૧૧ એપ્રિલના રોજ ફરી ભાવમાં ૪૦ પૈસાનો વધારો કરવામાં આવતા અમદાવાદમાં સીએનજીનો ભાવ રૂ. ૮૧.૩૮ થયો હતો અને ૨૦૨૫માં છેલ્લે ૨ ઓગસ્ટના રોજ ફરી અદાણી સીએનજી દ્વારા ભાવમાં રૂ. ૧નો તોતિંગ વધારો કરવામાં આવ્યો હતો. આ ભાવ વધારા સાથે અમદાવાદમાં સીએનજીનો ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂ. ૮૨.૩૮ જેટલો થયો હતો.

# માઁ-બાપ ને "સાચવશો" નહીં તો આકરી સજા માટે તૈયાર રહેજો

## માતા-પિતાને આર્થિક રીતે સપોર્ટ નહીં કરે, તો તેના પગારમાંથી ૧૫% સુધીની રકમ અથવા મહત્તમ ૧૦ હજાર રૂપિયા કાપી લેવામાં આવશે

**અબતક ,રાજકોટ**



સંસ્કાર અને સંસ્કૃતિના દેશ ગણાતા ભારતમાં માતા-પિતાને 'દેવો ભવ:' કહીને પૂજવામાં આવે છે, પરંતુ આધુનિકતાની દોડમાં આ જ દેવ સમાન માતા-પિતા આજે તેમના પોતાના જ ઘરમાં ઉપેક્ષિત બની રહ્યા છે. વધતી જતી મોંઘવારી અને બદલાતી જીવનશૈલી વચ્ચે અનેક સંતાનો પોતાના વયોવૃદ્ધ માતા-પિતાને આર્થિક સહારો આપવાનું ટાળતા હોય છે. તેલંગાણા સરકારે વૃદ્ધ માતા-પિતાના રક્ષણ માટે એક અત્યંત કડક અને ઐતિહાસિક પગલું ભર્યું છે. જો કોઈ સંતાન તેના માતા-પિતાની જવાબદારી નહીં ઉઠાવે, તો સરકાર સીધો તેના પગાર પર કાપ મૂકશે.તેલંગાણા વિધાનસભામાં 'તેલંગાણા એમ્પ્લોઈઝ એકાઉન્ટેબિલિટી એન્ડ મોનિટરિંગ ઓફ પેરેન્ટલ સપોર્ટ બિલ, ૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે. જો કોઈ કર્મચારી (સરકારી કે પ્રાઈવેટ) તેના માતા-પિતાને આર્થિક રીતે સપોર્ટ નહીં કરે, તો તેના પગારમાંથી ૧૫% સુધીની રકમ અથવા મહત્તમ ૧૦,૦૦૦ રૂપિયા કાપી લેવામાં આવશે.

કાપેલી આ રકમ સીધી માતા-પિતાના બેંક ખાતામાં જમા કરી દેવામાં આવશે. આ કાયદો સરકારી કર્મચારીઓ, ખાનગી કંપનીના કર્મચારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ (નેતાઓ) ને પણ લાગુ પડશે. જો માતા-પિતાને લાગતું હોય કે તેમના સંતાનો તેમને સાચવતા નથી, તો તેઓ જિલ્લા કલેકટર પાસે અરજી કરી શકે છે. કલેકટરે ૬૦ દિવસમાં આ કેસનો નિકાલ કરવાનો રહેશે.

નોકરી કરતા લોકોએ જાણવું જરૂરી છે કે તેમની બેદરકારી તેમની આર્થિક સ્થિતિ અને પ્રોફેશનલ લાઈફ પર કેવી અસર કરી શકે છે. હવે માતા-પિતાની સેવા માત્ર લાગણીનો વિષય નથી રહ્યો, જો તમે ચૂક્યા તો કાયદો તમારા ખિસ્સા પર કાતર ફેરવશે!

# કોર્પોરેશનની ૬૪ બેઠકો માટે ભાજપમાં ૫૮૩ દાવેદારો

## મહાનગરપાલિકાની ચૂંટણી માટે બે દિવસીય સેન્સ પ્રક્રિયા પૂર્ણ; વોર્ડ નંબર ૭ માં સૌથી વધુ ૪૮ જ્યારે વોર્ડ ૧૨ માં સૌથી ઓછા ૫ દાવેદારો

જામનગર મહાનગર પાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી દ્વારા યોજાયેલી સેન્સ પ્રક્રિયા બે દિવસના સઘન મંથન બાદ ગતરાત્રે પૂર્ણ થઈ છે. શહેરના ૧૬ વોર્ડની કુલ ૬૪ બેઠકો માટે ટિકિટ મેળવવા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જેમાં કુલ ૫૮૩ મુરતિયાઓએ નિરીક્ષકો સમક્ષ પોતાની દાવેદારી નોંધાવી છે. આ સાથે જ શહેરના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને હવે દાવેદારોની યાદી આખરી નિર્ણય માટે પ્રદેશ હાઈકમાન્ડને મોકલી આપવામાં આવી છે.




સમગ્ર પ્રક્રિયાને સુચારુ રીતે પૂર્ણ કરવા માટે શહેર ભાજપ દ્વારા બે ઝોન પાડવામાં આવ્યા હતા. ઝોન-૧ (વોર્ડ નં. ૧ થી ૮) માટે ફ્રેન્ડ્સ હોલ ખાતે નિરીક્ષકો કેશવલાલ પટેલ, ભૂષણભાઈ ભટ્ટ અને તેજલબેન નાયીની ઉપસ્થિતિમાં સેન્સ લેવામાં આવી હતી, જ્યાં કુલ ૨૭૭ દાવેદારોએ રજૂઆત કરી હતી. બીજી તરફ, ઝોન-૨ (વોર્ડ નં. ૯ થી ૧૬) માટે શહેર ભાજપ કાર્યાલય ખાતે અમિતભાઈ ઠાકર, નૌકાબેન પ્રજાપતિ અને ગૌતમભાઈ શાહની પેનલ દ્વારા ૩૦૬ દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા.


વોર્ડવાર આંકડાઓ પર નજર કરીએ તો, વોર્ડ નં-૭ માં સૌથી વધુ ૪૮ દાવેદારોએ ટિકિટ માટે દાવો રજૂ કર્યો છે, જ્યારે વોર્ડ નં-૩ માં ૪૭ અને વોર્ડ નં-૯ માં ૪૬ દાવેદારો નોંધાયા છે. જોકે, સૌથી આશ્ચર્યજનક બાબત વોર્ડ નં-૧૨ માં જોવા મળી છે, જ્યાં સૌથી ઓછા માત્ર ૦૫ દાવેદારોએ જ સેન્સ આપી છે. અન્ય વોર્ડની વાત કરીએ તો વોર્ડ ૧ માં ૨૫, વોર્ડ ૨ માં ૨૮, વોર્ડ ૪ માં ૨૭, વોર્ડ ૫ માં ૩૪, વોર્ડ ૬ માં ૨૫, વોર્ડ ૮ માં ૪૩, વોર્ડ ૧૦ માં ૪૩, વોર્ડ ૧૧ માં ૪૩, વોર્ડ ૧૩ માં ૪૫, વોર્ડ ૧૪ માં ૪૪, વોર્ડ ૧૫ માં ૪૦ અને વોર્ડ ૧૬ માં ૪૦ દાવેદારોએ પોતાની લાયકાત રજૂ કરી હતી.

બે દિવસ સુધી ચાલેલી આ લાંબી પ્રક્રિયા દરમિયાન નિરીક્ષકોએ એક-એક દાવેદારને વ્યક્તિગત રીતે સાંભળ્યા હતા અને પક્ષ પ્રત્યેની તેમની સક્રિયતા તેમજ જીતવાની ક્ષમતાની વિગતો મેળવી હતી. ૫૮૩ દાવેદારો વચ્ચેની આ સ્પર્ધાએ ભાજપમાં ટિકિટ મેળવવી કેટલી કપરી છે તે સાબિત કરી દીધું છે. હવે જામનગર મહાનગરપાલિકાના જંગમાં કયા ચહેરાઓ મેદાનમાં ઉતરશે તેનો અંતિમ નિર્ણય પ્રદેશ ભાજપ દ્વારા લેવામાં આવશે, જેને લઈને હાલ શહેરભરના કાર્યકરોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

# ચૂંટણી આચારસંહિતાના અમલીકરણ માટે મનપાની એસ્ટેટ શાખાની ચાર ટુકડીઓ મેદાને

## શહેરમાંથી ૩૦૦થી વધુ ભીંતચિત્રો, હોર્ડિંગ્સ અને પક્ષના ઝંડા જપ્ત: પ્રચાર સાહિત્ય હટાવવા એસ્ટેટ શાખાનું મેગા ઓપરેશન

જામનગર મહાનગર પાલિકાની આગામી ચૂંટણીને પગલે શહેરમાં આદર્શ આચારસંહિતા અમલી બનતા જ તંત્ર હરકતમાં આવ્યું છે. આચારસંહિતાનું કડક પાલન કરાવવા માટે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ગઈકાલે સમગ્ર દિવસ દરમિયાન ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ કામગીરી માટે અલગ-અલગ ચાર ટુકડીઓની રચના કરી શહેરના તમામ વિસ્તારોમાં દોડતી કરવામાં આવી હતી.

એસ્ટેટ શાખાની આ ટીમોએ શહેરના વિવિધ માર્ગો અને જાહેર સ્થળો પર લગાડવામાં આવેલા ચૂંટણી પ્રચારને લગતા બેનરો, હોર્ડિંગ્સ અને પોસ્ટરો હટાવવાની કામગીરી હાથ ધરી હતી. આ મેગા ડ્રાઈવ દરમિયાન તંત્રએ ૩૦૬ નંગ જેટલા ભીંતચિત્રો દૂર કર્યા હતા. આ ઉપરાંત, ૨૦ નંગ કિઓસ્ક, ૧૨ નંગ નાની સાઈઝના જાહેરાત બોર્ડ અને વિવિધ રાજકીય પક્ષોના ૨૦૦ નંગ જેટલા ઝંડાઓ જપ્ત કરી મહાનગરપાલિકાની કચેરી ખાતે જમા કરાવી દીધા છે.

મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અભિયાનનો મુખ્ય હેતુ ચૂંટણી દરમિયાન જાહેર સ્થળો પર અનધિકૃત પ્રચાર સામગ્રીને રોકવાનો અને આચારસંહિતાના નિયમોનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરવાનો છે. શહેરના જાહેર માર્ગો પરથી પ્રચાર સાહિત્ય હટાવવાની આ કામગીરી આગામી દિવસોમાં પણ અવિરત ચાલુ રાખવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. તંત્રની આ ત્વરિત કામગીરીને પગલે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

# દ્વારકા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો શંખનાદ: ૪.૫૧ લાખ મતદારો નક્કી કરશે ભાવિ

## જિલ્લા પંચાયતની ૨૨, ૪ તાલુકા પંચાયતની ૮૦ અને નગરપાલિકાઓની ૬૧ બેઠકો માટે જંગ; વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી અધિકારીઓની નિમણૂક સાથે તૈયારીઓ તેજ

**અબતક ,મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા એકશન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. જિલ્લા પંચાયતની ૨૨ બેઠકો તેમજ ૪ તાલુકા પંચાયતોની કુલ ૮૦ બેઠકો પર ચૂંટણી યોજાશે, જેમાં ખંભાળીયા અને કલ્યાણપુર તાલુકા પંચાયતની ૨૪-૨૪ બેઠકો તથા ભાણવડ અને દ્વારકા તાલુકા પંચાયતની ૧૬-૧૬ બેઠકોનો સમાવેશ થાય છે. આ પંચાયતોની ચૂંટણીમાં કુલ ૩,૮૯,૬૧૯ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે, જેમાં ૨,૦૩,૧૦૫ પુરુષો અને ૧,૮૬,૫૧૧ મહિલા મતદારો નોંધાયા છે.

નગરપાલિકા સ્તરે જોતા, ખંભાળીયા નગરપાલિકાના ૯ વોર્ડની ૩૬ બેઠકો, રાવલ નગરપાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠકો અને સલાયા નગરપાલિકાની ખાલી પડેલી ૧ બેઠક મળી કુલ ૬૧ બેઠકો પર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. શહેરી વિસ્તારના કુલ ૬૧,૭૨૩ મતદારો આ પ્રક્રિયામાં સહભાગી થશે. તંત્ર દ્વારા મતદાન મથકોની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ કરવા સાથે ચૂંટણી અધિકારીઓ અને નોડલ ઓફિસરોની નિમણૂક પણ કરી દેવામાં આવી છે. લોકશાહીના આ પર્વમાં જિલ્લાવાસીઓ વધુમાં વધુ મતદાન કરે તેવી અપીલ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી છે.

# ગાંધીધામ પોર્ટ ઓથોરિટી દ્વારા દ્વારકાના રાધે ફાઉન્ડેશનને મારૂતિ અર્ટિગાની ભેટ

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**



ગાંધીધામની દિન દયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા તેમના સી.એસ.આર. પ્રોજેકટ અંતર્ગત યાત્રાધામ દ્વારકામાં મનોદિવ્યાંગ બાળકોની સંસ્થા રાધે ફાઉન્ડેશનને બાળકોના આવાગમન તેમજ શૈક્ષણિક પ્રવાસો સહિતના સંસ્થાના કામકાજ હેતુ મારૂતિ અર્ટિગા કાર ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી છે. ગઈકાલે ખૂબ જ સાદગીભર્યા સમારંભમાં દિન દયાલ પોર્ટ ઓથોરિટી વાડીનાર ઓફીસના એચ.ઓ.ડી. એ.રામાસ્વામી, મરીન એન્જીનીયર નરેન્દ્ર નાયક, આસી. એકઝીક્યુટિવ એન્જિનીયર કુમાર રંજન સહિતના અન્ય સ્ટાફની ઉપસ્થિતિમાં તેમજ સંસ્થાના ટ્રસ્ટીગણ અને બાળકોની હાજરીમાં આ અણમોલ ભેટ અર્પણ કરવામાં આવી હતી. અત્રે ઉલેખનીય છે કે દિન દયાલ પોર્ટ ટ્રસ્ટ દ્વારા આ અગાઉ પણ સંસ્થાની કામગીરી બિરદાવતા વિજળી ઉત્પાદન હેતુ ૧૯ કિલોવોટની સોલાર સીસ્ટમ પણ ભેટ આપવામાં આવી હતી.

# ધ્રોલ: લોહાણા સમાજની ભક્તિની સરવાણી વચ્ચે વિકાસની ભેટ

**અબતક ,સંજય ડાંગર**
**ધ્રોલ**

## પિતૃઓના મોક્ષાર્થે યોજાયેલી ભાગવત સપ્તાહમાં સાંસદ પૂનમબેન માડમની વિશેષ ઉપસ્થિતિ: સમાજમાં ૫ લાખની ગ્રાન્ટ આપી પેવર બ્લોક માટે નાણાં ફાળવ્યા



ધ્રોલ લોહાણા મહાજન દ્વારા જ્ઞાતિના પિતૃઓના મોક્ષાર્થે તાજેતરમાં ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૬ માર્ચથી ૧ એપ્રિલ સુધી ચાલેલા આ આધ્યાત્મિક મહોત્સવમાં જ્ઞાતિજનો ઉમળકાભેર જોડાયા હતા. કથા દરમિયાન રામ જન્મ, કૃષ્ણ જન્મોત્સવ અને રૂક્ષ્મણી વિવાહ જેવા પ્રસંગોની શાસ્ત્રોક્ત વિધિ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.આ ધાર્મિક અવસરે જામનગરના સાંસદ પૂનમબેન માડમે ખાસ ઉપસ્થિતિ આપી વ્યાસપીઠના આશીર્વાદ લીધા હતા. આ તકે તેઓએ સમાજની સુવિધામાં વધારો કરવાના હેતુથી પોતાની ગ્રાન્ટમાંથી પેવર બ્લોકના કામ અર્થે રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) ફાળવવાની જાહેરાત કરી હતી. સાંસદે આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે પણ સૂચના આપી હતી.કથા દરમિયાન દરરોજ શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા લોહાણા મહાજનના પ્રમુખ જતિનભાઈ અનડકટ, ઉપ-પ્રમુખ સંજયભાઈ ગણાત્રા, મંત્રી ભરતભાઈ કોટેચા તથા ખજાનચી વિપુલભાઈ કોટેચા સહિતના હોદ્દેદારો અને કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ટેક્સીમાં ભુલાયેલી રૂ.૪.૯૦ લાખની રોકડ ગણતરીના કલાકોમાં શોધી આપતી પોલીસ

## સીસીટીવી કેમેરાની મદદથી રાજકોટની કાર ટ્રેસ કરી રકમ પરત આપી

જામનગર જિલ્લા પોલીસની 'ત્રીજી આંખ' સમાન નેત્રમ (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ટીમે ટેકનોલોજી અને સતર્કતાના સમન્વયથી નિવૃત્ત પોલીસ કર્મચારીની અંદાજે પાંચ લાખ રૂપિયાની રોકડ રકમ પરત અપાવી માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.



ઘટનાની વિગત મુજબ, લાલપુરના રહેવાસી અને નિવૃત્ત પોલીસ કર્મચારી મનસુખભાઈ જેરાજભાઈ નેસડીયા ગત તા. ૧ એપ્રિલના રોજ રાજકોટથી સ્વિફ્ટ કારમાં પેસેન્જર તરીકે જામનગર આવ્યા હતા. સાંજે અંબર ચોકડી પાસે ઉતરતી વખતે તેઓ ઉતાવળમાં પોતાની બેગ કારમાં જ ભૂલી ગયા હતા, જેમાં રૂ૪,૯૦,૦૦૦ની માતબર રોકડ રકમ હતી.

# હનુમાન જયંતિના પાવન પર્વે બેટ દ્વારકાના હનુમાન દાંડી મંદિરમાં સોના-ચાંદીની સોપારીઓ અર્પણ




**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

યાત્રાધામ બેટ દ્વારકામાં આવેલ પ્રસિદ્ધ દાંડીવાલા હનુમાનજી મંદિરે ગઈકાલે હનુમાન જયંતિ પર્વના પાવન અવસરે એક ભાવિક ભક્ત પરિવાર દ્વારા અંદાજે ૯૦ હજારની કિંમતની સોના તથા ચાંદીની સોપારી અર્પણ કરવામાં આવી હતી.

# સિટી-એ ડિવિઝનના પીઆઈ વી.એમ. ડોડીયા ચાર્જ સંભાળતા જ એક્શન મોડમાં

## પાંચ હાટડી, પટણીવાડ અને વાઘેરવાડામાં પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



જામનગર શહેરના સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. તરીકે પદભાર સંભાળતાની સાથે જ પોલીસ ઈન્સ્પેકટર વી.એમ. ડોડીયાએ આક્રમક કાર્યશૈલી અપનાવી છે. ગઈકાલે સાંજથી જ તેઓએ પોલીસ કાફલા સાથે મેદાનમાં ઉતરી શહેરના વિવિધ વિસ્તારોમાં માર્ચ પાસ્ટ અને ફૂટ પેટ્રોલિંગ હાથ ધરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી.

ચાર્જ સંભાળ્યા બાદ પી.આઈ. ડોડીયાએ શહેરના સંવેદનશીલ ગણાતા વિસ્તારો જેવા કે પાંચ હાટડી, પટણીવાડ અને વાઘેરવાડા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પોલીસ સ્ટાફ સાથે આ વિસ્તારોની ગલીઓમાં ફૂટ પેટ્રોલિંગ કરી તેમણે સુરક્ષા વ્યવસ્થાનો તાગ મેળવ્યો હતો. આ દરમિયાન તેમણે સ્થાનિક લોકો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ જાણી હતી અને નાગરિકોમાં સુરક્ષા તેમજ વિશ્વાસની ભાવના વધુ મજબૂત બને તેવા પ્રયાસો કર્યા હતા.

# જામનગર : અંબર ચોકડી પાસે ચોર સમજીને પ્રૌઢની હત્યા કરનાર બેની ધરપકડ

## ચાર શખ્સોએ ગોડાઉનમાં બાંધી ઢોર માર મારતા આધેડનું મૃત્યુ નિપજ્યું તુ

**અબતક, જામનગર**

જામનગર શહેરના અંબર ચોકડી નજીક બે દિવસ પહેલાં બનેલા એક પ્રૌઢની હત્યાના બનાવમાં સિટી બી. ડિવિઝન પોલીસે ચાર આરોપીઓની ઓળખ કરી લીધી છે, જે પૈકી બે આરોપીઓ પોલીસના હાથમાં આવી ગયા હતા, બંન્નેની જેલ હવાલે કરાયા છે, જ્યારે અન્ય બે આરોપીઓની શોધખોળ ચલાવાઈ રહી છે.જામનગરના લીમડાલાઈન વિસ્તારમાં પ્રૌઢ ને ચોરીના આરોપસર ગોડાઉનમાં બાંધી રાખીને રાતભર મારકૂટ કરાઈ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો, અને મારકુટ બાદ તેનું મૃત્યુ નીપજ્યું હતું.અંબર ચોકડી નજીક ઝુંપડપટ્ટીમાં રહેતા રાજુભાઈ રામદેવભાઈ કોષ્ટી (ઉંમર ૫૫) તથા તેમના સાથે રહેલા સંજયભાઈ માર મારવામાં આવ્યો હતો જે પૈકી રાજુભાઈ રામદેવભાઈ નું મૃત્યુ નિપજતાં આ બનાવ હત્યામાં પલટાયો હતો. જે મામલે પોલીસે ૪અજાણ્ય શખ્સો સામે હત્યા અપહરણ સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. જેમાં સાગર ડાયાલાલ નકુમ, ઋષિ ચૌહાણ, પુનિત રાઠોડ અને હેમતસિંહ ગોહિલ સામે ગુનો નોંધ્યો હતો જે પૈકી પોલીસે ઋષિ ચૌહાણ અને હેમતસિંહ ગોહિલ ને ઝડપી લીધા હતા. અને અદાલત સમક્ષ રજૂ કરતા અદાલતે બંનેને જેલમાં મોકલી દેવા હુકમ કર્યો છે.

# ટેકાના ભાવે ચણાની ખરીદીમાં ખેડૂતોની હાલાકી દૂર કરવા જગદીશ સાંગાણીની કૃષિ મંત્રીને રજૂઆત


**અબતક ,રાજુ રામોલિયા**
**કાલાવડ**



જામનગર જિલ્લા પંચાયતના પૂર્વ નેતા જગદીશભાઈ સાંગાણીએ કૃષિ મંત્રીને પત્ર પાઠવી ટેકાના ભાવે ચણાની ખરીદીમાં ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અંગે રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે, એક જ પરિવારના સભ્યોના અલગ-અલગ ખાતા હોવા છતાં તેમને તાલુકાના જુદા-જુદા કેન્દ્રો ફાળવવામાં આવે છે. ખેડૂત પાસે એક જ વાહન હોવાથી અલગ-અલગ કેન્દ્રો પર લાંબી લાઈનોમાં ઊભા રહેવું મુશ્કેલ બને છે, જેના કારણે સમય અને નાણાંનો વ્યય થાય છે.આ સમસ્યાના ઉકેલ માટે ખેડૂતને તેના જ તાલુકાના કોઈપણ એક કેન્દ્ર પર માલ ઉતારવાની છૂટ આપવા માંગ કરવામાં આવી છે. આ સુધારાથી ખેડૂતોને વધારાના વાહન ખર્ચમાંથી મુક્તિ મળશે. કાલાવડ પંથકના ખેડૂતોએ પણ આ રજૂઆતને ટેકો આપી વહેલી તકે નિરાકરણ લાવવા વિનંતી કરી છે.

# નિરિક્ષકો, પ્રભારી અને પ્રમુખોને ભાજપ હાઈકમાન્ડના તેડાઃ પેનલો બનાવવાનું શરૂ

## આજથી ત્રણ દિવસ ચૂંટણી સમિતિ જિલ્લાને સાંભળશેઃ ૭ થી ૯ એપ્રિલ દરમિયાન મહાનગરોનો વારો



**અબતક,રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીની તારીખ જાહેર થયા બાદ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ પ્રક્રિયા ગઈકાલે પૂર્ણ થયા બાદ આજથી ભાજપ હાઈકમાન્ડ દ્વારા નિરિક્ષકો, જિલ્લા પ્રભારી, જિલ્લા પ્રમુખ, પ્રભારી મંત્રીને બોલાવવાનું શરૂ કરવામાં આવ્યુ છે. આજથી ત્રણ દિવસ સુધી એક પછી એક જિલ્લાનો વારો લેવામાં આવશે.દરમિયાન આગામી ૭ થી ૯ એપ્રીલ દરમિયાન મહાનગરોનો વારો લેવામાં આવશે.

સેન્સ દરમિયાન મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપના પ્રતિક પરથી ચૂંટણી લડવા માટે કાર્યકરોમાં જબરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દાવેદારોના રાફડા ફાટયા છે. એક બેઠક પર સરેરાશ ૩૦ થી લઈ ૫૦ દાવેદારોએ ટિકિટની માંગણી કરી છે.

આવતીકાલ સુધી સેન્સ પ્રક્રિયા ચાલવાની છે દરમિયાન જે જિલ્લામાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ જવા પામી છે. તેવા જિલ્લાનાં પ્રમુખો, સંગઠન પ્રભારીઓ, પ્રભારી મંત્રીઓ, સેન્સ લેવા માટે નિયુકત કરાયેલા નિરિક્ષકોને આજથી બોલાવવાનું શરૂ કરી દેવામાં આવ્યુ છે. દરેક બેઠક માટે દાવેદારોના ત્રણ ત્રણ નામની પેનલ બનાવી છે.સાથે લાવવા જણાવવામાં આવ્યું છે. જે જિલ્લામાં સેન્સ પૂર્ણ થયાબાદ સંકલન સમિતિ ને પેનલ બનાવવાનો સમય મળ્યોન થી તે આજે પ્રભારી મંત્રીના નિવાસ સ્થાને બેસી પેનલો તૈયાર કરી લેશે આજે બપોરથી આગામી સોમવાર સુધીમાં તમામ જિલ્લાઓનો વારો લઈ લેવામાં આવશે. જયારે ૭ થી ૯ એપ્રીલ દરમિયાન ૧૫ મહાનગરોનો વારો લેવામાં આવશે. સોમવારથી ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે ત્યારે ભાજપ દ્વારા મંગળવારથી તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવે તેવી શકયતા હાલ જણાય રહી છે. ૧૧મી એપ્રીલ ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ છે. આવામાં ભાજપ દ્વારા ગુરૂવાર સુધીમાં તમામ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી દેવામાં આવશે.

પાર્લામેન્ટરી બોર્ડનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. ભાજપે હવે ઉમેદવારીની પસંદગી માટેની આખરી તૈયારીઓ આરંભી દીધી છે.

### રાત ઓછીને વેશ ઝાઝા જેવો ઘાટ

# ઉમેદવારો પહોંચતા પહોંચશે, પક્ષના નામે જ મતદાન થવાના એંધાણ

- લોક સંપર્ક, ચૂંટણી સભા, સમાજ સંમેલનો રોડ-શો જેવા કાર્યક્રમોને વેગવાન બનાવવા પડશે
- ચૂંટણી પ્રચાર માટે ઉમેદવારો-રાજકીય પક્ષો પાસે માત્ર ૧૪ દિવસ !!

**અબતક, રાજકોટ**

મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનું જાહેરનામું આગામી સોમવારે પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થઈ જશે ૧૧મી એપ્રિલ સુધી ચૂંટણી ફોર્મ ભરી શકાશે ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોને પ્રચાર માટે માત્રને માત્ર રોકડા ૧૪ દિવસ જ મળશે ઉમેદવારો માટે રાત ઓછી અને વેશ ઝાઝા જેવો ઘાટ સર્જશે. રાજકીય પક્ષે નબળા વોર્ડ કે વિસ્તારમાં વધુ પ્રાધાન્ય આપશે મજબૂત વિસ્તારોમાં બહુ જોરશોરથી પ્રચાર કરવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા સ્થાનીક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીના કાર્યક્રમમા માત્ર ૨૯ દિવસમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા આટોપી લેવાનો નિર્ણય કરાયો છે. ગત ૧ એપ્રિલે ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવી હતી. અને આગામી ૩૦મી એપ્રીલના રોજ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. આગામી સોમવારે જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. ચૂંટણી લડવા ઈચ્છુકો ૧૧મી એપ્રીલ સુધી ફોર્મ ભરી શકશે. ૨૪મી એપ્રીલે સાંજે ૬ કલાકે પ્રસારના ભુંગળા શાંત થઈ જશે એટલે ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષોને પ્રચાર માટે

(અનુ. આઠમા પાને)

## ગુજરાતમાં આચાર સંહિતાનો ખુલ્લેઆમ ભંગઃ ચૂંટણીપંચ સામે સવાલ ઉઠાવતી કોંગ્રેસ

### રાજકીય નેતાના ફોટાઓ અને સરકારી યોજનાની જાહેરાતોના બોર્ડ હજી સુધી હટાવાયા જ નથીઃ હેમાંગ રાવલ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઇ ગઇ છે. પરંતુ આદર્શ આચાર સંહિતાનો ખૂલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે. ચૂંટણી પંચની કામગીરી સામે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે પત્રકાર પરિષદમાં રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી જાહેર થયા બાદ લાગુ થયેલી આદર્શ આચારસંહિતાના શાસક પક્ષ દ્વારા થઈ રહેલા ગંભીર અને વ્યાપક ઉલ્લંઘનો અંગે ચિંતાજનક મુદ્દાઓ ઉઠાવ્યા હતા.

હેમાંગ રાવલે જણાવ્યું હતું કે ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩(ડ) અને ૨૪૩(વક) મુજબ રાજ્ય ચૂંટણી આયોગને મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી યોજવાની સંવિધાનિક જવાબદારી સોંપવામાં આવી છે. ચૂંટણી જાહેર થતા જ આદર્શ આચારસંહિતા લાગુ પડે છે અને તે દરમિયાન સરકાર, શાસક પક્ષ અથવા જાહેર સંસ્થાઓ દ્વારા કોઈપણ પ્રકારનો રાજકીય પ્રચાર કે લાભ મેળવવાનો પ્રયાસ કાયદેસર રીતે પ્રતિબંધિત છે. છતાંય રાજયના વિવિધ વિસ્તારોમાંથી મળતી માહિતી દર્શાવે છે કે આ નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે.

ચૂંટણી પંચની મુખ્ય જવાબદારી માત્ર આચારસંહિતા જાહેર કરવાની નથી, પરંતુ તેના કડક અને તાત્કાલિક અમલને સુનિશ્ચિત કરવાની છે. રાજ્ય ચૂંટણી આયોગે તમામ સરકારી વિભાગો, જાહેર ક્ષેત્રની સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ અને સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ માર્ગદર્શન આપવું અને તેની અસરકારક દેખરેખ રાખવી આવશ્યક છે. જો આચારસંહિતાના ભંગની ઘટનાઓ સામે સમયસર કાર્યવાહી ન થાય, તો ચૂંટણીની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા થાય છે.

હેમાંગ રાવલે આક્ષેપ કર્યો કે શાસક પક્ષના પ્રભાવ હેઠળ વિવિધ સરકારી અને અર્ધસરકારી વિભાગો પણ આદર્શ આચારસંહિતાનું પાલન કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે વિગતવાર ઉદાહરણો આપતા જણાવ્યું કે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસોમાં સરકારની યોજનાઓ સાથે વડાપ્રધાન અને મુખ્યમંત્રીના ફોટાઓ પ્રદર્શિત થઈ રહ્યા છે, જે જાહેર નાણાંના ઉપયોગથી પરોક્ષ પ્રચાર સમાન છે, રાષ્ટ્રીય અને સહકારી બેંકોમાં રાજકીય નેતાઓના ફોટા સાથેના બેનરો અને એટીએમમાં જાહેરાતો હજી દૂર કરવામાં આવ્યા નથી. પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્રોના બોર્ડ પર, શ્રમિક ભોજનના કેન્દ્રો પર વડાપ્રધાનના અને મુખ્યમંત્રીના ફોટા યથાવત છે. ધારાસભ્યો અને કોર્પોરેટરોના ફંડથી

(અનુ. આઠમા પાને)

### ભાજપે લઘુમતી મોરચાના હોદેદારોના નામ કર્યા જાહેર

ભાજપ દ્વારા પ્રદેશ લઘુમતી મોરચાના હોદેદારોના નામોની જાહેરાત કરી છે.

જેમાં ઉપપ્રમુખ તરીકે વસીમભાઈ શેખ, હુસેનભાઈ દલ, મોહમ્મદ મલેક, અબ્દુલ પઠાણ, સાજીદહુસેન સૈયદ, બોમી જાગીરદાર, હનીફભાઈ પટેલ અને રિજવાનભાઈ મુલ્તાની, પ્રદેશ મહામંત્રી પદે તારીકભાઈ સોલંકી, અબ્બાસી સાદાબ અબ્દુલકાદર, આફિયાબેન મલેક, પ્રદેશ મંત્રી પદે મોહસીન વોહરા, રાજુભાઈ દલવાણી, જોયબભાઈ કપાસી, વાજીદ હુસૈન મિર્જા, ડો.નફીસાબેન સરેસીયા, ગુલામ હુસેનભાઈ બારાય, રહીમભાઈ મીર અને હરજીન્દ્રસિંહ લાંબા, પ્રદેશ કોષાધ્યક્ષ તરીકે રફીકભાઈ હુનાણી અને પ્રદેશ કાર્યાલય મંત્રી પદે અલ્તાફભાઈ બુખારીની વરણી કરાય છે.

### ઉમદેવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા ૧૧મીએ પૂર્ણ થશે જયારે ચૂંટણી પ્રચારના ભૂંગળા ૨૪મીએ સાંજે શાંત કરી દેવા પડશે

# જ્ઞાન સાધના સ્કોલરશિપ પરીક્ષામાં ૬.૨૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા

## ધો. ૮ પછી ઘણા બાળકો આર્થિક સંકડામણને લીધે ભણવાનું છોડી દે છેઃ આ સ્કોલરશિપ તેમને ધો. ૧૨ સુધી ભણવા માટે મદદરૂપ થશે

**અબતક અમદાવાદ**

ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ભણતરમાં મદદ કરવા માટે લેવાતી 'મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ' પરીક્ષા આજે યોજાશે. આ વર્ષે રેકોર્ડબ્રેક ૬.૨૮ લાખ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે, જે છેલ્લા ત્રણ વર્ષમાં સૌથી વધુ છે. આખા ગુજરાતમાં ૨,૭૦૨ કેન્દ્રો પર પરીક્ષા લેવાશે. વિદ્યાર્થીઓ ગુજરાતી અથવા અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપી શકશે. તમામ પરીક્ષા કેન્દ્રો કેમેરાની નજર હેઠળ રહેશે. વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન દર્શાવે છે કે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં શિક્ષણ અને સરકારી યોજનાઓ પ્રત્યે ઉત્સાહ વધ્યો છે.

તેમાં પસંદગી પામનાર ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળશે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ચાલતી શ્રેષ્ઠ નિવાસી શાળાઓમાં પ્રવેશ મળી શકે છે. પસંદ થયેલા વિદ્યાર્થીઓ રક્ષા શક્તિ શાળાઓમાં નિર્ધારિત ૨૫% ક્વોટા હેઠળ પ્રવેશ મેળવી શકે છે. આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં ભણવામાં હોંશિયાર બાળકો પોતાનો અભ્યાસ ખાનગી કે સારી શાળાઓમાં ચાલુ રાખી શકે. ધોરણ ૮ પછી ઘણા બાળકો આર્થિક સંકડામણને લીધે ભણવાનું છોડી દે છે, આ સ્કોલરશિપ તેમને ધોરણ ૧૨ સુધી ભણવા માટે મદદરૂપ થાય છે. જે બાળકના પિતા મજૂરી કામ કરે છે કે સામાન્ય નોકરી કરે છે, તે બાળક આ સ્કોલરશિપના જોરે પોતાની ફી, પુસ્તકો અને ગણવેશનો ખર્ચ જાતે ઉઠાવી શકે છે. તેને કોઈની પાસે હાથ ફેલાવવો પડતો નથી. ઘણીવાર ગરીબ બાળકોનું સપનું હોય છે કે તેઓ શહેરની મોટી ખાનગી શાળાઓમાં ભણે. આ સ્કોલરશિપ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરકાર ખાનગી શાળાઓમાં પણ પ્રવેશના દ્વાર ખોલે છે અને તેની ફીની વ્યવસ્થામાં મદદ કરે છે.જે વિદ્યાર્થીઓ હેઠળ ખાનગી શાળામાં ભણ્યા છે, તેઓ પણ આગળનો અભ્યાસ ચાલુ રાખવા માટે આ સ્કોલરશિપનો ઉપયોગ કરી શકે છે.આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં ભણવામાં હોંશિયાર બાળકો પોતાનો અભ્યાસ ખાનગી કે સારી શાળાઓમાં ચાલુ રાખી શકે. રાજ્યના તેજસ્વી બાળકોને શ્રેષ્ઠ શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવું.

# આરટીઈ હેઠળ ધોરણ-૧માં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ

## ૮૪ હજાર જેટલી બેઠકો પર પ્રવેશ માટે ૧૭મી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકાશે

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭માં ૮૪ હજાર કરતા વધુ બેઠકો પર ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ધો.૧માં પ્રવેશ માટે શનિવારથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહીનો પ્રારંભ થશે. આ કાર્યવાહી ૧૭ એપ્રિલ સુધી ચાલશે. આ વખતે પ્રવેશ માટે વાલીઓ પાસે પાળી (શિફટ) પસંદ કરવાની પણ તક ઉપલબ્ધ રહેશે. ગતવર્ષ કરતા આ વખતે આરટીઈની બેઠકોની સંખ્યામાં ઘટાડો થયો છે.

ઉપરાંત આ વખતે અગ્રતાક્રમમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.આરટીઈમા પ્રવેશ માટે આ વખતે ગુજરાતી માધ્યમની ૪૧ હજાર કરતા વધુ છે. રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા આરટીઈ અંતર્ગત ખાનગી શાળાઓમાં ગરીબ અને



મધ્યમ વર્ગના બાળકોને પ્રવેશ આપવા માટેની જાહેરાત કરાઈ હતી. ખાનગી શાળાઓમાં ગત વર્ષે પ્રવેશ મેળવેલા કુલ વિદ્યાર્થીઓના ૨૫ ટકા જેટલી બેઠકો પર ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે, જેના પગલે ચાલુ વર્ષે ૮૪ હજાર કરતા વધુ બેઠકોમાં પ્રવેશ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગત વર્ષે ૯૪ હજાર જેટલી બેઠકોમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા આરટીઈના પ્રવેશની જાહેરાત બાદ વાલીઓને જરૂરી ડોક્યુમેન્ટ એકત્ર કરવા માટે પુરતો સમય આપ્યો હતો.

જેથી હવે શનિવારના રોજથી આરટીઈમાં પ્રવેશ માટે વાલીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. જેમાં ૧૭ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ચાલુ વર્ષની પ્રવેશ કાર્યવાહીમાં ગુજરાતી માધ્યમની ૪૧૪૧૧ બેઠકો, અંગ્રેજી માધ્યમની ૪૦૨૬૨ બેઠકો, હિન્દી માધ્યમની ૨૨૩૫ બેઠકો અને અન્ય માધ્યમની ૩૨૦ બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# 'આપ'ની બીજી યાદીમાં ૮૫૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા

## જિલ્લા પંચાયતની ૪૦૩, મહાનગરપાલિકાની ૨૩૨ અને નગરપાલિકાની ૨૧૮ બેઠકો માટે જાહેર થયા ઉમેદવાર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી દ્વારા ગઈકાલે સાંજે ઉમેદવારોના નામની બીજી યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ૮૫૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આગામી એકાદ બે દિવસમાં ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરવામાં આવશે. 'આપ'ની પ્રથમ યાદીમાં ૪૬૦ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે.

આમ આદમી પાર્ટી દ્વારા રાજયની અલગ અલગ નગરપાલીકાઓની ૨૧૮ બેઠકો માટે બીજી યાદીમાં ઉમેદવારો જાહેર કરી દેવામાં આવ્યા છે.આ ઉપરાંત જિલ્લા પંચાયતની ૪૦૩ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મહાનગરપાલીકાની ૨૩૨ બેઠકો માટે ઉમેદવારો ડિકલેર જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં અમદાવાદ મહાપાલિકાની ૬૧ બેઠકો માટે, કરમસદ-આણંદ મહાનગરપાલિકાની ૨૧ બેઠકો માટે ભાવનગર મહાપાલિકાની ૨૦ બેઠકો માટે ગાંધીધામ મહાપાલીકાની ૧૬ બેઠકો માટે, જામનગર મહાપાલિકાની ૧૩ બેઠકો માટે જયારે મહેસાણા મહાપાલીકાની ૧૨ બેઠકો માટે, મોરબી મહાનગરપાલીકાની ૬ બેઠકો માટે, નડીયાદ મહાનગરપાલીકાની ૨૨ બેઠકો માટે પોરબંદર મહાપાલિકાની ૧૦ બેઠકો માટે ઉમેદવારો જાહેર કરાયા છે.

રાજકોટ મહાનગરપાલીકાનાં વોર્ડ નં.૧૩માં ગીતાબા જાડેજા અને પરેશભાઈ દુલાણી, વોર્ડ નં.૫માં કિંજલબેન ભરવાડ, વોર્ડ નં.૭માં પરેશ શિંગાળા, વોર્ડ નં.૯માં અંજનાબેન વાઘાણી અને નીતાબેન મહેતા, વોર્ડનં.૧૦માં જયદીપ નિમ્બાર્ક, વોર્ડ નં.૧૧માં કિરણ ગોહેલ અને પિયુષ ભંડેરી, વોર્ડ નં.૧૩માં દિલીપસિંહ વાઘેલા, વોર્ડ નં.૧૪માં જયદીપભાઈ નકુમ, વોર્ડનં.૧૬માં ખેરૂનબેન ભુવાડ, વોર્ડ નં.૧૬માં વિવેક લીંબાસીયા અને વોર્ડ નં.૧૮માં સોનલબેન સાવલીયાને 'આપ' દ્વારા ટિકિટ આપવામાં આવી છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર મહાપાલિકાની ૧૨ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. વડોદરા મહાપાલિકાની ૨૧ બેઠકો માટે આપ દ્વારા ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે.આગામી એકાદ-બે દિવસોમાં આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોના નામની ત્રીજી યાદી જાહેર કરવામાં આવશે. 'આપ' દ્વારા રાજયમાં સ્થાનીક સ્વરાજયની સંસ્થાની ચૂંટણીમાં તમામ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખવાની જાહેરાત અગાઉ જ કરી દેવામાં આવી છે. આવામાં આ વખતે તમામ બેઠકો પર ત્રિપાંખીયો જંગ જામે તેવી પ્રબળ સંભાવના જણાય રહી છે.

# ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં કોંગ્રેસે ભૃગુરાજસિંહ ચૌહાણને ટિકિટ આપી

## ભાજપના હર્ષદ પરમાર સાથે તેઓની સિધ્ધી ટકકર થશે

**અબતક, રાજકોટ**

ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલનું અકાળે અવસાન થવાના કારણે ગુજરાત વિધાનસભાની ઉમરેઠ વિધાનસભા બેઠક ખાલી પડી છે. જેના માટે આગામી ૨૩મી એપ્રીલના રોજ પેટા ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. ભાજપ દ્વારા દિવગંત ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પુત્ર હર્ષદભાઈ પરમારને ઉમેદવાર જાહેર કર્યા છે. આજે તેઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ઉમેદવારી ફોર્મ ભર્યું હતુ. દરમિયાન ગઈકાલે સાંજે કોંગ્રેસ દ્વારા પણ ઉમેદવારના નામની ઘોષણા કરી




દેવામાં આવી છે. વર્ષોથી પક્ષની વિચારધારા સાથે સંકળાયેલા ૬૨ વર્ષિય ભૃગુરાજસિંહ પ્રતાપસિંહ ચૌહાણને ટિકિટ આપી છે.તેઓ પણ આજે ઉમેદવારી ફોર્મ ભારે તેવી સંભાવના દેખાય રહી છે. આમ આદમી પાર્ટી પણ છેલ્લી ઘડીએ ઉમેદવાર મેદાનમાં ઉતારે તેવી શકયતા પણ દેખાય રહી છે.

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના પરિણામથી ગુજરાતમાં સતાના સમીકરણો પર રતીભાર પણ ફેર પડવાનો નથી કારણ કે સતાધારી પક્ષ ભાજપ પાસે વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ૧૬૧ બેઠકો છે. જયારે કોંગ્રેસ પાસે માત્ર ૧૨ બેઠકો જ છે. પરંતુ આ પેટા ચૂંટણી બંને માત્ર પ્રતિષ્ઠાનો જંગ મનાય રહી છે. રાજયમાં છેલ્લા ૩૦ વર્ષથી કોંગ્રેસ સતાથી વિમુખ છે. આવામાં ૨૦૨૭માં


(અનુ. આઠમા પાને)


શ્રી દિવાળી બાગ પાર્ટી લોન્સ & બેન્કવેટ હોલ





- લકઝરીયસ સેન્ટ્રલ A.C. ૬૦૦ ગેસ્ટનું સીટિંગ સાથે બેન્કવેટ હોલ (ડાઈનીંગ સ્પેસ અલગ છે)
- એમ્બિયન્સ મ્યુઝિક સિસ્ટમ જે.બી.એલ.
- હોલનું સેપરેટ કિચન
- ૨૦ પ્રીમિયમ રૂમ સેન્ટ્રલ A.C. વિથ ફર્નીચર
- રૂમમાં લોકરની સુવિધા ઉપલબ્ધ
- લિફ્ટ સુવિધા / ફુલ પાર્કિંગ
- મલ્ટી પ્રપોઝ પ્રીમિયમ પાર્ટી પ્લોટ - ૨ જેમાં ૫૦૦ થી ૨૦૦૦ ગેસ્ટનું સીટિંગ થાય તેવા
- ફુલ લોડેડ પાર્કિંગ
- પ્રીમિયમ રૂમ સાથે ફીક્સ ફર્નીચર સુવિધા
- પાર્ટી પ્લોટનું સેપરેટ કિચન



- ગરમ પાણી
- ફ્રી વાઈફાઈ
- સીસીટીવી
- શ્રેષ્ઠ સફાઈ સેવાઓ
- કેટરિંગ ઓપન
- ડેકોર ઓપન
- ઈવેન્ટ ઓપન
- વેન્ડર ઓપન

Shree Diwali Baug Party Lawns

2 ન્યુ 150 ફૂટ રિંગ રોડ, પાટીદાર ચોક પાસે, ટીલાળા પેટ્રોલ પંપની પાસે, સદભાવના નર્સરીની બાજુમાં, રાજકોટ.

જીતુભાઈ પટેલ 92283 09800